Pages 8 કિંમત Rs. 2/- email : gujarati@westerntimes.co.in www.westerntimesnews.in

આજનો સુવિચાર
સંબંધ સંબંધમાં ફેર હોય છે ક્યાંક લાગણીની જરૂરિયાત હોય છે તો ક્યાંક જરૂરિયાત મુજબ લાગણી હોય છે

અમદાવાદથી પ્રસિધ્ધ થતું અંગ્રેજી અને ગુજરાતી દૈનિક

# વેસ્ટર્ન ટાઈમ્સ

સ્થાપક તંત્રીઃ સ્વ. રામુ પટેલ તંત્રી : નિકુંજ પટેલ
WESTERN TIMES (AHMEDABAD)
ગુજરાતી ડેઈલી

Postal Reg. No. G-GNR-320
Valid upto 31-12-2026
Posting at RMS Ahmedabad

શુક્રવાર, તા.૧૦ મે, ૨૦૨૪
10/5/2024 * VOL : 44 * N0. 236 સંવત- ૨૦૮૦, ચૈત્ર સુદ-૩

Owned, Printed & Published by Nikunj R. Patel on behalf of Western Times Pub. Pvt. Ltd. Printed at & Published from Western Times Pub. Pvt. Ltd. Survey No. 1315P, Opp. Ramapir Temple, Shilaj, Ahmedabad
Editor : Nikunj R. Patel RNI Regn. No. GUJ/46323/86. Reg. Office : 301, 3rd Floor, Gala Argos, B/h. Hari Krupa Tower, Ellisbridge, Ahmedabad-380 006. (Gujarat) Phone : 079-26402880 Advt. : 079-26402881

# શેરબજારે લોકોને રાતા પાણીએ રડાવ્યા

# રોકાણકારોના રૂા.૭.૬ લાખ કરોડ ડૂબ્યા

**(એજન્સી)મુંબઈ,**
વિદેશી રોકાણકારોની ભારે વેચવાલીથી ભારતીય શેરબજાર ફરીથી મોટા ઘટાડા સાથે બંધ થયું છે. બીએસઈ સેન્સેક્સ ૭૩૦૦૦ ની નીચે અને નિફ્ટી ૨૨૦૦૦ ની નીચે સરકી ગયો છે. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં પણ માતમ છવાયો છે. ઈન્ડિયા વિક્સ લગભગ ૭ ટકાના ઘટાડા સાથે એક વર્ષની ટોચે બંધ રહ્યો હતો. આજના કારોબારના અંતે સેન્સેક્સ ૧૦૬૨ પોઈન્ટના ઘટાડા સાથે ૭૨,૪૦૪ પોઈન્ટ અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી ૩૪૫ પોઈન્ટના ઘટાડા સાથે ૨૧,૯૫૭ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો.

શેરબજારમાં આવેલી આ સુનામીને કારણે રોકાણકારોને આજના સત્રમાં રૂ.૭.૬ લાખ કરોડનું નુકસાન થયું છે. બીએસઈ પર લિસ્ટેડ કંપનીઓનું માર્કેટ કેપ રૂ. ૩૯૩.૬૮ લાખ કરોડ પર બંધ થયું હતું, જે છેલ્લા ટ્રેડિંગ સેશનમાં રૂ. ૪૦૦.૬૯ લાખ કરોડ હતું. આજના ટ્રેડિંગ સેશનમાં રોકાણકારોને રૂ.૭ લાખ કરોડનું નુકસાન થયું છે. આજના કારોબારમાં કુલ ૩૯૪૩ શેરનો વેપાર થયો હતો જેમાં ૯૨૯ શેર ઉછાળા સાથે બંધ થયા હતા જ્યારે ૨૯૦૨ શેર નુકસાન સાથે બંધ થયા હતા. ૧૧૨ શેરના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી.

બજારમાં આજે જોરદાર ઘટાડો જોવા મળ્યો હતો. સાપ્તાહિક એક્સપાયરીના દિવસે નિફ્ટીમાં ભારે વેચવાલી જોવા મળી હતી. બીએસઈ ઓટો ઈન્ડેક્સ સિવાય તમામ સેક્ટરમાં ઘટાડો જોવા મળ્યો હતો. સેન્સેક્સ અને નિફ્ટીમાં લગભગ ૧.૫% નો ઘટાડો જોવા મળ્યો હતો. નિફ્ટી ફરી ૨૧,૯૫૦ની નીચે સરકી ગયો.




આજે તે લગભગ ૩૫૦ પોઈન્ટ ઘટ્યો હતો. મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં જોરદાર વેચવાલી જોવા મળી હતી. ઓઈલ-ગેસ, મેટલ, એફએમસીજી, રિયલ્ટીમાં સૌથી વધુ વેચવાલી જોવા મળી હતી.

બેન્ચમાર્ક સૂચકાંકો આજે ભારે નુકસાન સાથે બંધ થયા છે. સેન્સેક્સ ૧૦૬૨ પોઈન્ટ ઘટીને ૭૨,૪૦૪ પર બંધ રહ્યો હતો. નિફ્ટી ૩૪૫ પોઈન્ટ ઘટીને ૨૧,૯૫૬ પર બંધ રહ્યો હતો. રૂપિયો ૧ પૈસા મજબૂત

## સેન્સેક્સમાં ૧૦૬૨ પોઇન્ટ અને નિફ્ટીમમાં ૩૪૫ પોઈન્ટનો કડાકોઃ ૭ દિવસમાં બીજી વખત મોટો ઘટાડો

થયો અને ૮૩.૫૧ ડોલર પર બંધ થયો. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ તેના ચોથા ત્રિમાસિક નાણાકીય વર્ષ ૨૦૨૪ના પરિણામો ૯ મેના રોજ જાહેર કર્યા. આ ક્વાર્ટરમાં સ્ટેટ બેન્કનો સ્ટેન્ડઅલોન નફો વાર્ષિક ધોરણે ૨૪% વધીને રૂ. ૨૦,૬૯૮ કરોડ થયો છે. ગયા વર્ષના સમાન ક્વાર્ટરમાં નફો રૂ. ૧૬,૬૯૪ કરોડ હતો.

SBIના બોર્ડે શેર દીઠ રૂ. ૧૩.૭૦ના ડિવિડન્ડની ચૂકવણીની ભલામણ કરી છે. આ ડિવિડન્ડ માટે પાત્ર શેરધારકો ૨૨ મે, ૨૦૨૪ના રોજ તેમની માલિકીના આધારે નક્કી કરવામાં આવશે. ડિવિડન્ડની ચુકવણી ૫ જૂન, ૨૦૨૪ના રોજ કરવામાં આવશે.

પરિણામો પછી, સ્ટેટ બેંકનો શેર રૂ. ૯.૨૦ અથવા ૧.૧૩% વધીને રૂ. ૮૨૦ પર બંધ થયો હતો. શેરે પણ રૂ. ૮૩૯.૬૫ની લાઈફ ટાઈમ હાઈ બનાવી છે. છેલ્લા ૬ મહિનામાં SBIના શેરમાં લગભગ ૪૦%નો વધારો થયો છે. શેરે આ વર્ષે અત્યાર સુધીમાં લગભગ ૨૮% વળતર આપ્યું છે.

શેરબજારમાં ગઈકાલે એટલે કે ૮મી મેના રોજ ફ્લેટ ટ્રેડિંગ જોવા મળ્યું હતું. સેન્સેક્સ ૪૫ પોઈન્ટના ઘટાડા સાથે ૭૩,૪૬૬ પર બંધ રહ્યો હતો. તે જ સમયે, નિફ્ટી ૨૨,૩૦૬ ના સ્તર પર બંધ થયો હતો. સેન્સેક્સના ૩૦ શેરોમાંથી ૧૫માં ઘટાડો અને ૧૫માં વધારો જોવા મળ્યો હતો.

BSE પર, ૨,૧૩૩ શેર વધ્યા અને ૧,૬૬૧ શેર ઘટ્યા. ૧૩૨ શેરમાં કોઈ ફેરફાર થયો નથી. જ્યારે તેલ અને ગેસમાં સૌથી વધુ ૧.૭%નો વધારો થયો હતો. ઓટો ઈન્ડેક્સ ૧.૫૬% વધ્યો. એનર્જી ૧.૫૪% અને મેટલ ૧.૪૮% વધ્યા. જ્યારે નિફ્ટી બેન્ક ૦.૫૫% ઘટ્યો.

## સંક્ષિપ્ત સમાચાર

### વરસાદ અમુક જગ્યાએ રાહત અને બીજી જગ્યાએ આફત બન્યો!

**(એજન્સી) ઉત્તરાખંડ,**
ઉત્તરાખંડના અલ્મોડામાં સવારથી વરસાદ પડી રહ્યો છે. સવારથી જ ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે. આ પહેલા હવામાન કેન્દ્રના નિર્દેશક બિક્રમ સિંહે કહ્યું હતું કે રાજ્યમાં ૭-૮ મે સુધી વરસાદની સંભાવના છે, જે ૧૧ મેથી વધશે. આ વરસાદથી ઉત્તરાખંડના જંગલોમાં લાગેલી આગથી થોડી રાહત મળવાની આશા છે.અલ્મોડામાં બુધવારે સવારથી જ વરસાદ ચાલુ છે. સોમેશ્વરમાં પણ વાદળ ફાટ્યાની માહિતી છે. જો કે હાલમાં કોઈ જાનહાનિ અંગે કોઈ માહિતી નથી. વાદળ ફાટવાથી આવેલા પાણીથી કેટલીક દુકાનો અને વાહનોને નુકસાન થયું છે. તસ્વીરોમાં કાટમાળમાં ફસાયેલા વાહનો જોઈ શકાય છે.એક તરફ અલમોડા જિલ્લાના સોમેશ્વરમાં વાદળ ફાટ્યું છે, તો બીજી તરફ લાંબા સમયથી જંગલમાં લાગેલી આગથી પરેશાન લોકોને પણ આ વરસાદે રાહત આપી છે.

### રફાહ પર હુમલો કરશે તો અમેરિકા ઇઝરાયેલને શસ્ત્રો નહીં આપેઃ બિડેન

**(એજન્સી)નવી દિલ્હી,**
અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેને પહેલીવાર જાહેરમાં ઈઝરાયલને ચેતવણી આપી હતી. તેમણે કહ્યું કે જો ઈઝરાયેલની સેના દક્ષિણ ગાઝાના રફાહ શહેર પર મોટો હુમલો કરશે તો અમેરિકા તેમને હથિયારોની સપ્લાય બંધ કરી દેશે. બિડેને એક ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, “મેં સ્પષ્ટ કરી દીધું છે કે જો તેઓ રફાહ જશે તો હું એવા હથિયારોની સપ્લાય નહીં કરીશ જેનો ઐતિહાસિક રીતે ઉપયોગ કરવામાં આવ્યો છે.બિડેને સ્વીકાર્યું કે અમેરિકી શસ્ત્રોનો ઉપયોગ ઈઝરાયેલ દ્વારા ગાઝામાં નાગરિકોને મારવા માટે કરવામાં આવ્યો છે, જ્યાં ઈઝરાયેલે હમાસને ખતમ કરવાના હેતુથી સાત મહિના જૂના આક્રમણ શરૂ કર્યું છે. ગાઝાના આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું કે ઈઝરાયેલના અભિયાનમાં અત્યાર સુધીમાં ૩૪,૭૮૯ પેલેસ્ટિનિયનો માર્યા ગયા છે, જેમાં મોટાભાગે નાગરિકો હતા.

### પત્ની લાંબા સમય સુધી સેક્સ માણવા ન દે તો પતિ છૂટાછેડા લઈ શકે

**(એજન્સી)ચંદીગઢ,**
પંજાબ-હરિયાણા હાઈકોર્ટે મહત્વનો નિર્ણય આપતાં સ્પષ્ટ કર્યું છે કે શારીરિક રીતે અક્ષમ કે અન્ય કોઈ કારણસર લાંબા સમય સુધી શારીરિક સંબંધ ન બાંધવો એ પતિ પ્રત્યેની પત્નીની માનસિક ક્રૂરતા છે. પત્ની આઠ વર્ષથી તેના પતિથી અલગ રહે છે અને સંબંધ બંધાયો નથી, આ ક્રૂરતા બદલ પતિ છૂટાછેડાને પાત્ર છે. અરજી દાખલ કરતી વખતે હરિયાણા નિવાસી પત્નીએ ફેમિલી કોર્ટના છૂટાછેડાના આદેશને પડકાર્યો હતો. અરજીકર્તાએ જણાવ્યું કે તેના લગ્ન ૧૯૯૯માં થયા હતા અને ત્યારબાદ બંને વચ્ચેના સંબંધો બગડવા લાગ્યા હતા. ૨૦૧૬માં અરજદારના પતિએ ફેમિલી કોર્ટમાં છૂટાછેડા માટે અરજી કરી હતી.

# ભારતમાં હિંદુઓની વસ્તીમાં ૭.૮% ઘટાડો, મુસ્લિમોની વસ્તીમાં ૪૩% વધારો

## વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદનો રિપોર્ટ

**(એજન્સી)નવી દિલ્હી,**
ભારતમાં હિન્દુઓની વસ્તીમાં ઘટાડો થયો છે. રિપોર્ટ અનુસાર ભારતમાં હિંદુઓની વસ્તીમાં ૭.૮ ટકાનો ઘટાડો થયો છે, જ્યારે મુસ્લિમોની વસ્તીમાં ૪૩ ટકાનો વધારો થયો છે. વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના રિપોર્ટમાં આ વાત સામે આવી છે. અહેવાલ મુજબ, એક અભ્યાસ દર્શાવે છે કે ભારતમાં હિંદુઓની વસ્તી હિસ્સો ૧૯૫૦ અને ૨૦૧૫ ની વચ્ચે ૭.૮% જેટલો ઝડપથી ઘટી ગયો છે, જ્યારે ભારતના ઘણા પડોશી દેશોમાં તેમના બહુમતી સમુદાયની વસ્તીમાં વધારો જોવા મળ્યો છે. વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદે પોતાના અહેવાલમાં વિશ્વના ૧૬૭ દેશોના વલણોનો અભ્યાસ કર્યો હતો. આ રિપોર્ટ મે ૨૦૨૪માં બહાર પાડવામાં આવ્યો હતો. રિપોર્ટ અનુસાર, જ્યાં એક તરફ ભારતમાં બહુમતી હિંદુઓની વસ્તી હિસ્સેદારી ઘટી છે, તો બીજી તરફ મુસ્લિમ, ખ્રિસ્તી, બૌદ્ધ અને શીખ સહિત અન્ય લઘુમતીઓનો વસ્તી હિસ્સો વધ્યો છે. જોકે જૈનો અને પારસીઓની સંખ્યામાં ઘટાડો થયો છે. ૧૯૫૦ અને ૨૦૧૫ વચ્ચેના સમયગાળામાં, ભારતમાં મુસ્લિમોની વસ્તીમાં ૪૩.૧૫%નો વધારો થયો છે, જ્યારે ખ્રિસ્તીઓમાં ૫.૩૮%, શીખોમાં ૬.૫૮% અને બૌદ્ધોમાં નજીવો વધારો જોવા મળ્યો છે. વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદે ૧૯૫૦ અને ૨૦૧૫ વચ્ચે એટલે કે ૬૫ વર્ષ વચ્ચે વસ્તીમાં થયેલા ફેરફારોનો અભ્યાસ કર્યો છે. ઈએસી-પીએમ એટલે કે વડાપ્રધાનની આર્થિક સલાહકાર પરિષદના અહેવાલ અનુસાર, ભારતની વસ્તીમાં હિંદુઓનો હિસ્સો ૧૯૫૦માં ૮૪%થી ઘટીને ૨૦૧૫માં ૭૮% થયો હતો, જ્યારે તે જ સમયગાળામાં મુસ્લિમોનો હિસ્સો ૯.૮૪% થી વધીને ૧૪.૦૯% થયો છે. ભારતમાં બહુમતી એટલે કે હિંદુઓની વસ્તીમાં ૭.૮ ટકાનો ઘટાડો થયો છે. ભારતની જેમ પડોશી દેશ મ્યાનમારમાં પણ બહુમતી વસ્તીમાં ૧૦%નો ઘટાડો નોંધાયો છે. નેપાળની સ્થિતિ પણ આવી જ છે, જ્યાં તેની હિન્દુ વસ્તીમાં ૩.૬ ટકાનો ઘટાડો થયો છે. જ્યારે, જો આપણે ભારતના અન્ય પડોશી દેશોની વાત કરીએ જ્યાં મુસ્લિમોની બહુમતી છે, તો બાંગ્લાદેશની બહુમતી વસ્તીમાં ૧૮.૫ ટકાનો વધારો થયો છે. એ જ રીતે, બહુમતી વસ્તી (મુસ્લિમ) પાકિસ્તાનમાં ૩.૭૫ ટકા અને અફઘાનિસ્તાનમાં ૦.૨૯ ટકા વધી છે. આ સિવાય માલદીવમાં તેની બહુમતી વસ્તી (સુન્ની)માં ૧.૪૭ ટકાનો ઘટાડો નોંધાયો છે. ભારતના બે પડોશી દેશો ભૂટાન અને શ્રીલંકામાં બહુમતી વસ્તી વધી છે. ભૂટાનમાં બહુમતી વસ્તીમાં ૧૭.૬ ટકા અને શ્રીલંકામાં ૫.૨૫ ટકાનો વધારો થયો છે. તમને જણાવી દઈએ કે શ્રીલંકા અને ભૂટાનમાં બૌદ્ધ ધર્મના લોકો બહુમતીમાં છે.

## શ્રીલંકા જવા માટે ભારતીયોને હવે વિઝાની જરૂર નહીં પડે

**(એજન્સી)શ્રીલંકા,**
શ્રીલંકાની સરકારનો નિર્ણય પર્યટન ઉદ્યોગના પુનઃર્નિમાણના પ્રયત્નોના ભાગ રૂપે આવ્યો છે. જેને કોરોના મહામારી અને દેશમાં ચાલી રહેલા આર્થિક અને રાજનૈતિક સંકટોના કારણે ગંભીર પડકારનો સામનો કરવો પડ્યો છે. પર્યટકોને મોટી સંખ્યામાં પોતાના દેશમાં આવવાનું પ્રોત્સાહન આપવા માટે શ્રીલંકાએ પોતાની વીઝા પોલિસીને રિન્યૂ કરી છે. ભારત અને છ અન્ય સિલેક્ટેડ દેશોના નાગરિકોને વીઝા ફ્રી એક્સેસને રિન્યૂ કર્યું છે. તેનો ઉદ્દેશ્ય ઈન્ટરનેશનલ પર્યટકો માટે યાત્રાને વધારે સુલભ અને સુવિધાજનક બનાવવાનું છે. આ પહેલમાં ભારત, ચીન, રશિયા, જાપાન, મલેશિયા, થાઈલેન્ડ અને ઈન્ડોનેશિયા શામેલ છએ. આ દેશોના નાગરીકોને શ્રીલંકામાં ૩૦ દિવસના વિઝા ફ્રી એક્સેસ મળશે. શ્રીલંકાની સરકારનો નિર્ણય પર્યટન ઉદ્યોગના પુનઃર્નિમાણના પ્રયત્નોના ભાગ રૂપે આવ્યો છે. જેને કોરોના મહામારી અને દેશમાં ચાલી રહેલા આર્થિક અને રાજનૈતિક સંકટોના કારણે ગંભીર પડકારનો સામનો કરવો પડ્યો છે. પાયલેટ પ્રોજેક્ટના રૂપમાં વીઝા ફ્રી એક્સેસ યોજના પર્યટકોને પ્રોત્સાહન આપવા માટે શરૂ કરવામાં આવી હતી.

## ચૂંટણીમાં ભારતને અસ્થિર કરવાનું અમેરિકાનું ષડયંત્ર : રશિયા

**(એજન્સી)મોસ્કો,**
હાલ જ્યારે ભારતમાં લોકસભા ચૂંટણી ચાલી રહી છે ત્યારે રશિયાએ એક મોટો દાવો કર્યો છે. તેણે કહ્યું કે અમેરિકા ભારતની લોકસભા ચૂંટણીમાં હસ્તક્ષેપ કરવાનો પ્રયત્ન કરી રહ્યું છે. અમેરિકા લોકસભા ચૂંટણી દરમિયાન ભારતને અસ્થિર કરવા માંગે છે. તાજેતરમાં રશિયાની સરકારી ન્યુઝ એજન્સીએ તેના એક રિપોર્ટમાં કહ્યું છે કે રશિયાના વિદેશ મંત્રાલયના પ્રવક્તા મારિયા ઝખારોવાએ કહ્યું કે અમેરિકા ખરેખર ભારતના રાજકીય માહોલને બગાડવાનો પ્રયત્ન કરી રહ્યું છે. તે ભારતની રાજકીય સમજ અને ઈતિહાસને સમજી જ શકતું નથી. ઝખારોવાએ ભારતમાં ધાર્મિક સ્વતંત્રતાના મુદ્દા પર અમેરિકાના અહેવાલના સંદર્ભમાં આ નિવેદન આપતા આ બાબત જણાવી હતી. યુએસ ભારતની ધાર્મિક સ્વતંત્રતા અંગે સતત પાયાવિહોણા આરોપો લગાવી રહ્યું છે. તેનું કારણ ભારતના આંતરિક રાજકીય માહોલને ખલેલ પહોંચાડવાનું અને સામાન્ય ચૂંટણીઓમાં અવરોધ ઊભો કરવાનું છે. ઝખારોવાએ કહ્યું કે અમેરિકાની ગતિવિધિઓ સ્પષ્ટપણે ભારતના આંતરિક મામલામાં હસ્તક્ષેપને દર્શાવે છે. જે ભારત માટે એક અપમાનજનક બાબત છે.

## ઈડીએ નોટીસ મોકલતા બિઝનેસમેને કર્યો આપઘાત

**(એજન્સી)રાંચી,**
દેશભરમાં છેલ્લા ઘણા સમયથી ખોટું કરનારા નેતાઓ અને બિઝનેસમેન સામે ઈડીની કાર્યવાહી ચાલી રહી છે. લોકોમાં હવે ઈડીનો ફફડાટ જોવા મળી રહ્યો છે અને ડરના માર્યા અમુક તો આપઘાત કરી રહ્યાં છે. આવી એક ઘટના બની છે.

ઝારખંડમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)ની કાર્યવાહી વચ્ચે એક આત્મહત્યાને તપાસ એજન્સીની નોટિસ સાથે જોડવામાં આવી રહી છે. રાંચીમાં એક લેન્ડ બિઝનેસમેને ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી છે. જણાવવામાં આવી રહ્યું છે કે જમીન કૌભાંડમાં ઈડી તરફથી નોટિસ મળ્યા બાદ મૃતક તણાવમાં હતો. ગુરુવારે સવારે તેનો મૃતદેહ ફંદાથી લટકતો મળી આવ્યો હતો.

આ મામલો રાજધાની રાંચીના લાલપુર પોલીસ સ્ટેશન વિસ્તારમાં સ્થિત સિલ્વર ડેલ એપાર્ટમેન્ટનો છે. અહીં કૃષ્ણકાંત નામના જમીન ઉદ્યોગપતિએ ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. ફંદા પર લટક્યા બાદ પરિવારના સભ્યો ઉતાવળમાં વેપારીને ઓર્કિડ હોસ્પિટલ લઈ ગયા હતા. અહીંના ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. ઘટનાની માહિતી મળ્યા બાદ પોલીસ ઘટના સ્થળે પહોંચી કેસની તપાસ શરૂ કરી હતી. કૃષ્ણકાંત સાથે જોડાયેલા લોકોનું કહેવું છે કે, જમીન કૌભાંડ મામલે ઈડીએ થોડા દિવસ પહેલા કૃષ્ણકાંતને નોટિસ મોકલી હતી. એજન્સીએ તેમને પૂછપરછ માટે બોલાવ્યા હતા.

## અમેરિકામાં ગેરકાયદે ઘુસાડવાના ષડયંત્રનો પર્દાફાશ, ગુજરાતના ૪ એજન્ટોના નામ ખૂલ્યા

**(એજન્સી)વોશિંગ્ટન,**
જમૈકાના નોર્મન મેનલી ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ચાર્ટડ ફ્લાઈટ્સથી ૬ મેના રોજ ૨૫૩ જેટલા ભારતીય ગેરકાયદેસર રીતે આવી પહોંચ્યા હતા. આ તમામને આજે ભારત મોકલી દેવામાં આવ્યા છે. આ અંગેની માહિતી ટેલિકોમ્યુનિકેશન એન્ડ ટ્રાન્સપોર્ટ મંત્રી ડાર્લી વાઝે આપી છે. ઉલ્લેખનીય છે કે આ ફ્લાઈટ ૬ મેના રોજ જ પરત ભારત આવવાની હતી, જોકે ફ્લાઈટ પ્લાનના પગલે તેને પરત આવવામાં વિલંબ થયો હતો. વાઝે આ અંગે વધુમાં જણાવ્યું હતું કે ચાર્ટડ ફ્લાઈટ યુએસસી જીએમબીએચમાં જ ભારતના ૨૫૩ પેસેન્જર્સને પરત મોકલી દેવામાં આવ્યા છે. સવારે ૧૧.૪૬ કલાકે પ્લેને અહીંથી ઉડાન ભરી હતી. ભારત પરત ફરવાનો તમામ ખર્ચ પેસેન્જર્સ દ્વારા ઉઠાવવામાં આવ્યો હતો. ચાર્ટડ ફ્લાઈટમાં દર્શાવવામાં આવેલા ૨ પેસેન્જર્સ એરપોર્ટ ઈમિગ્રેશન અધિકારી સમક્ષ હાજર થયા ત્યારે તેમની પાસેની ટ્રાવેલ ડિટેલ્સ મિસિંગ હતી. એમ કહેવાય છે કે આ તમામ



પ્રવાસીઓ ગેરકાયદે અમેરિકામાં ઘુસવા માટે રવાના થયા હતા. નોંધનીય છે કે અગાઉ આવું જ એક વિમાન ફ્રાન્સમાં ઈંધણ માટે ઉતર્યું ત્યારે તેઓ બધા ડકી રૂટવાળા માલુમ પડતા વિમાન અટકાવી દેવાયું હતુ અને જેતે દેશની એમ્બેસીને વિમાનમાં રહેલા મુસાફરોની માહિતી આપી હતી. ફ્રાન્સમાં એક નવજાત બાળક પણ હતું. ગુજરાત સહિત અન્ય રાજ્યના લોકોને અમેરિકામાં ઘુસાડવાના ષડયંત્રનો પર્દાફાશ થયો છે. જમૈકા એરપોર્ટ પર પહોંચેલા વિમાનમાં ૨૫૩ મુસાફરો સવાર હતા. અમેરિકા ઘુસણખોરી કરવાનો પ્લાન હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ૨૫૩માંથી ૧૫૦થી ૧૭૫ મુસાફરો ભારતીય છે. અને તેમાં પણ મોટાભાગના મુસાફરો ગુજરાત અને પંજાબના હોવાનું જાણવા મળ્યું છે. જમૈકાના કેપિટલ સિટી કિંગ્સ્ટનના નોર્મન મેન્લી એરપોર્ટ પર ૨ મેના રોજ પહોંચેલી ફ્લાઇટની તપાસ શરૂ કરાઈ હતી..આ સમગ્ર કૌભાંડમાં ગુજરાતના ૪ એજન્ટોના નામ ખૂલ્યા છે.

## મોદી સરકાર પીઓકેને ભારત પરત લાવવા પ્રતિબદ્ધઃ જયશંકર

### વિદેશ મંત્રીએ દિલ્હી યુનિવર્સિટીની ગાર્ગી કોલેજમાં વિદ્યાર્થીઓને સંબોધન કર્યુ હતુ

**(એજન્સી)નવી દિલ્હી,**
ભાજપ અને કોંગ્રેસ બંને પાર્ટીઓ હવે અસરકારક રીતે ચૂંટણી પ્રચાર કરી રહી છે. ભાજપ પાકિસ્તાન, રામ મંદિર અને મુસ્લિમના મુદ્દા પર પ્રચાર કરી રહી છે.ત્યારે ફરી એકવાર પીઓકેનું નામ લઈને પ્રચારને વધુ વેગવતું બનાવ્યું છે.

વિદેશ મંત્રી એસ જયશંકરે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર પીઓકે અંગે તેમની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. તેમણે કહ્યું કે નરેન્દ્ર મોદી સરકાર પીઓકેને ભારત પરત લાવવા માટે પ્રતિબદ્ધ છે. તમને જણાવી દઈએ કે વિદેશ મંત્રી દિલ્હી યુનિવર્સિટીની ગાર્ગી કોલેજમાં વિદ્યાર્થીઓને સંબોધિત કરી રહ્યા હતા. આ દરમિયાન તેમણે જણાવ્યું કે કેવી રીતે મોદી સરકારે ભારતીય બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરી, જ્યારે લોકોની માન્યતાઓ સંપૂર્ણપણે અલગ હતી. વિદેશ મંત્રી એસ જયશંકરે પાકિસ્તાન અધિકૃત કાશ્મીર અંગે તેમની સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો છે. તેમણે કહ્યું કે નરેન્દ્ર મોદી સરકાર પીઓકેને ભારત પરત લાવવા માટે પ્રતિબદ્ધ છે. વિદેશ મંત્રી દિલ્હી યુનિવર્સિટીની ગાર્ગી કોલેજમાં વિદ્યાર્થીઓને સંબોધિત કરી રહ્યા હતા. આ દરમિયાન તેમણે જણાવ્યું કે કેવી રીતે મોદી સરકારે ભારતીય બંધારણની કલમ ૩૭૦ નાબૂદ કરી, જ્યારે લોકોની માન્યતાઓ સંપૂર્ણપણે અલગ હતી. હું પીઓકેના સંદર્ભમાં એટલું જ કહી શકું છું કે સંસદમાં એક ઠરાવ છે અને દેશની દરેક રાજકીય પાર્ટી એ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે કે પીઓકે, જે ભારતનો ભાગ છે, તે ભારત પરત આવે. તેમણે આગળ કહ્યું, હું ચોક્કસપણે કહેવા માંગુ છું કે ૧૦ વર્ષ પહેલા અથવા ૫ વર્ષ પહેલા પણ લોકોએ અમને આ પૂછ્યું ન હતું. જયશંકરે કહ્યું કે જ્યારે અમે કલમ ૩૭૦ નાબૂદ કરી, ત્યારે હવે લોકો સમજે છે કે પીઓકે પણ મહત્વપૂર્ણ છે.આ પહેલા રવિવારે વિદેશ મંત્રીએ જાહેરાત કરી હતી કે પીઓકે ક્યારેય ભારતની બહાર નહીં જાય. ઓડિશામાં એક કાર્યક્રમમાં એક પ્રશ્નનો જવાબ આપતા જયશંકરે કહ્યું હતું કે, ૐદ્ધ ક્યારેય આ દેશની છાજર નથી રહ્યો. તે આ દેશનો એક ભાગ છે. સંસદનો ઠરાવ છે કે ૐદ્ધ સંપૂર્ણપણે ભારતનો ભાગ છે.

## અમેરિકામાં ભારતીય યુવક ચૂંટણી લડશે

**(એજન્સી)નવી દિલ્હી,**
ભારતીય મૂળના અશ્વિન રામાસ્વામી અમેરિકામાં સ્ટેટ સેનેટની ચૂંટણી લડવા જઈ રહ્યા છે. અશ્વિન માત્ર ૨૪ વર્ષનો છે અને આ વર્ષે જ્યોર્જિયાથી સ્ટેટ સેનેટની ચૂંટણી લડશે.સ્ટેટ સેનેટની ચૂંટણી લડી રહેલા અશ્વિન ‘જન-ઝેડ’માંથી પ્રથમ ભારતીય-અમેરિકન છે. જનરલ ઝેડ એવા લોકો છે જેનો જન્મ ૧૯૯૭ અને ૨૦૧૨ વચ્ચે થયો હતો.એટલું જ નહીં, અશ્વિન રામાસ્વામીએ ચૂંટણી લડવા માટે અત્યાર સુધીમાં લગભગ ૨.૫ કરોડ રૂપિયાની રકમ પણ એકઠી કરી છે. ન્યૂઝ એજન્સી પીટીઆઈ અનુસાર, અશ્વિને ચૂંટણી પ્રચાર માટે અત્યાર સુધીમાં ૨.૮૦ લાખ ડોલર એકઠા કર્યા છે. તેણે આ રકમ ૧ ફેબ્રુઆરીથી ૩૦ એપ્રિલ વચ્ચે એકત્રિત કરી છે. તે જ સમયે, તેના હરીફ શૉન સ્ટિલને આના કરતા ઘણું ઓછું ભંડોળ મળ્યું છે.રામાસ્વામીના કેમ્પેઈન ફાયનાન્સ મુજબ, તેમણે અત્યાર સુધીમાં કુલ ઈ૨.૮૦ લાખથી વધુ એકત્ર કર્યા છે. તેમાંથી તેમની પાસે ઈ૨.૦૮ લાખ રોકડ છે. ભારતીય ચલણમાં આ રકમ અંદાજે ૨.૫ કરોડ રૂપિયા છે. રાજ્ય સેનેટની ચૂંટણી લડવા માટે આટલું ભંડોળ પૂરતું માનવામાં આવે છે.

અશ્વિન રામાસ્વામી ડેમોક્રેટ તરીકે જ્યોર્જિયાના ડિસ્ટ્રિક્ટ-૪૮માંથી સ્ટેટ સેનેટની ચૂંટણી લડશે. હાલમાં રિપબ્લિકન પાર્ટીના શૉન સ્ટિલ અહીંથી સાંસદ છે. શૉન સ્ટિલ પર જાન્યુઆરી ૨૦૨૦માં કેપિટોલ હિલમાં હિંસાનો પણ આરોપ છે. આ કેસમાં પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને પણ આરોપી બનાવવામાં આવ્યા છે.

H.K.TRAVELS




અમદાવાદથી જબલપુર વાયા ઇન્દોર, ભોપાલ રાત્રે ૮ વાગ્યે
અમદાવાદથી નાગપુર વાયા ઈન્દોર, બૈતૂલ બપોરે ૧.૩૦ વાગ્યે
પાર્સલ સર્વિસ ઉપલબ્ધ
અરજન્ટ ડીલેવરી
online booking www.hktravel.in
H.O.: શેફાલી શોપીંગ સેન્ટર, પાલડી
ફોન બુકીંગ ઓફીસ
9979881489
9429893289



કોમ્બો ઓફર્સ માં એક જ નામ
MAHESHWARI
Sherwani | Indo-Western | Blazers & Suits | Kurta Sets | Formals
DULHA PACKAGE
ફક્ત 1?,999/-
હેવી શેરવાની વર્ક સેટ (સાફો + દુપટ્ટો + મોજડી + માળા)
+
ટકસીડો સુટ (કોટ + પેન્ટ + શર્ટ + ટાઈ + કફલીંન્સ + હેન્કી)
+
ઈન્ડો વેસ્ટર્ન સેટ
SIDER PACKAGE
ફક્ત ?,999/-
સુટ (કોટ + પેન્ટ + શર્ટ)
+
કોટી - કૂર્તા સેટ
+
પેન્ટ - શર્ટ
3 Pant + 3 Shirt
Raymond DIGJAM Arvind
₹ 6,199/- ONLY
Fabric+ Stitch
બુકીંગ પર લકી ડ્રો માં એકસ્ટ્રા ડિસ્કાઉન્ટ લેવાનુ ચૂકશો નહીં.
પેકેજ પ્રાઈઝ ફક્ત રવિવાર સુધી જ રહેશે.
PALDI
5, Vardhaman Complex, Opp. Honest, Under Anjali Bridge.
079 - 2660 7614
NARANPURA
2/29, Sunernagar Society, Beside Manish Hall,Nr. Kameshwar Mahadev,
+91 9173-0-8282-7
BOPAL
110, Satyamev Elite, Below Vakil Saheb Bridge, Bopal - Ambli T. Junction.
+91 8686-8-8282-7


# અખાત્રીજ-અક્ષયતૃતિયા ભગવાન પરશુરામજીનો જન્મદિવસ

ભારત દેશ સંસ્કૃતિ પ્રધાન દેશ છે.હિન્દુ સંસ્કૃતિમાં વ્રતો અને તહેવારોનું વિશેષ મહત્વ છે.વ્રત અને તહેવારો નવી પ્રેરણા અને સ્ફુર્તિનું સંવહન કરે છે,તેનાથી માનવીય મૂલ્યોની વૃધ્ધિ થાય છે અને સંસ્કૃતિનું નિરંતર પરિપોષણ તથા સંરક્ષણ થાય છે.ભારતીય મનીષિયોએ વ્રત-પર્વોનું આયોજન કરીને વ્યક્તિ અને સમાજને પથભ્રષ્ટ થવાથી બચાવ્યા છે.અક્ષયતૃતિયાનું પર્વ વસંત અને ગિષ્મના સંધિકાળનો મહોત્સવ છે. ભારતીય સમયની ગણતરી અનુસાર ચાર સિધ્ધ અભિજિત મુહુંત છેઃચૈત્ર સુદ એકમ(ગુડી પડવો), અખાત્રીજ,દશેરા અને દિવાળી પહેલાંની પ્રદોષ તિથિ..

વૈશાખ સુદ-ત્રીજને અક્ષય તૃતિયા કે અખાત્રીજ પણ કહેવામાં આવે છે.અક્ષયનો શાબ્દિક અર્થ છેઃ જેનો ક્યારેય નાશ(ક્ષય) ના થાય અથવા જે સ્થાઇ રહે. સ્થાઇ તે જ રહી શકે છે કે જે સત્ય છે.સત્ય ફક્ત પરમાત્મા(ઈશ્વર) જ છે કે જે અક્ષય,અખંડ અને સર્વવ્યાપક છે.આ અક્ષયતૃતિયા તિથિ ઈશ્વર તિથિ છે.ચાર યુગો (સતયુગ,ત્રેતાયુગ,દ્વાપરયુગ તથા કળિયુગ)માં ત્રેતાયુગનો પ્રારંભ આ અખાત્રીજથી થાય છે.

અખાત્રીજથી ભગવાનશ્રી બદ્રીનારાયણના પટ ખુલે છે,ત્યાં દર્શનાર્થીઓ તથા ભક્તોની અપાર ભીડ રહે છે.ભક્તો દ્વારા આ દિવસે કરવામાં આવેલ પુણ્ય કાર્યો,ત્યાગ,દાન-દક્ષિણા,જપ-તપ,હોમ-હવન..વગેરે કાર્યો અક્ષયની ગણતરીમાં આવી જાય છે.અખાત્રીજના દિવસે વૃંદાવનમાં શ્રી વિહારીજીના ચરણોના દર્શન વર્ષમાં ફક્ત એક જ વાર થતા હોય છે.દેશના ખૂણે ખૂણેથી શ્રધ્ધાળુ ભક્તજનો ચરણ દર્શનના માટે વૃંદાવન પધારતા હોય છે.

આ દિવસે અમોને આત્માન્વેષણ,આત્મવિવેચન તથા અવલોકન કરવાની પ્રેરણા આપે છે.આ દિવસ નિજ મન મુકુર સુધારીનો દિવસ છે.આ દિવસે અમારે સમજવાનું, વિચારવાનું કે ભૌતિકરૂપથી દેખાતું આ સ્થૂળ શરીર,સંસાર અને સંસારની તમામ વસ્તુઓ ક્ષયધર્મા(નાશવાન) છે.નાશવાન વસ્તુઓ અસદ ભાવના



અસદવિચાર, અહંકાર, સ્વાર્થ, કામ-ક્રોધ તથા લોભ પેદા કરે છે.જેને ભગવાને શ્રીમદ ભગવદ ગીતામાં (૧૬/૧૮) આસુરી વૃત્તિ કહી છે.જયારે અક્ષયધર્મા સકારાત્મક ચિન્તન-મનન અમોને દૈવી સંપત્તિની તરફ લઈ જાય છે તેનાથી અમો ત્યાગ પરોપકાર મૈત્રી કરૂણા અને પ્રેમ પામીને પરમ શાંતિ પામીએ છીએ એટલે કે અમોને દિવ્ય ગુણોની પ્રાપ્તિ થાય છે.આ દ્રષ્ટિથી આ તિથિ અમોને માનવીય મૂલ્યોને પસંદ કરવાનો સંદેશ આપે છે.

અખાત્રીજનો દિવસ સામાજીક પર્વનો દિવસ છે.આ દિવસે બીજું કોઈ મુર્હુત ના જોતાં સ્વયં સિધ્ધ અભિજિત શુભ મુર્હુતના કારણે વિવાહોત્સવ..વગેરે માંગલિક કાર્યો કરવામાં આવે છે.

અક્ષયગ્રંથ ગીતાઃગીતા સ્વંયમ એક અક્ષય અમરનિધિ ગ્રંથ છે જેનું પઠન-પાઠન મનન તથા સ્વાધ્યાય કરીને અમો જીવનની પૂર્ણતાને પામી શકીએ છીએ.જીવનની સાર્થકતાને સમજી શકીએ છીએ અને અક્ષય તત્વ(પરમાત્મા)ને પ્રાપ્ત કરી શકીએ છીએ.અખાત્રીજ તિથિ, સોમવાર અને રોહિણી નક્ષત્ર ત્રણેનો યોગ ઘણો જ શુભ માનવામાં આવે છે.વૈશાખ સુદ-અખાત્રીજે જો રોહિણી નક્ષત્ર ના હોય, પોષની અમાસે મૂળ નક્ષત્ર ના હોય, રક્ષાબંધનના દિવસે શ્રાવણ અને કારતક સુદ પુનમના દિવસે કૃત્તિકા નક્ષત્ર ના હોય તો પૃથ્વી પર દુષ્ટોનું બળ વધે છે અને તે વર્ષે અનાજની ઉપજ પણ સારી થતી નથી.

અખાત્રીજની જેમ અમારો સંકલ્પ દઢ શ્રધ્ધાપૂર્ણ અને અમારી નિષ્ઠા અતૂટ હોવી જોઇએ તો જ અમો વ્રતોપવાસોનું સમગ્ર આધ્યાત્મિક ફળ પ્રાપ્ત કરી શકીશું.

આ અક્ષય તિથિ પરશુરામજીનો જન્મદિવસ હોવાથી પરશુરામ તિથિ પણ કહેવામાં આવે છે.ભૃગુ શ્રેષ્ઠ ભગવાન પરશુરામે જમદગ્નિ ઋષિ અને રેણુકાના પુત્ર રૂપે વૈશાખ સુદ ત્રીજ અક્ષય તૃતીયાના રોજ પ્રગટ થયા હતા.તે અતિશય તેજસ્વી,બુદ્ધિશાળી અને ક્ષાત્રતેજ સંપન્ન હતા.તેઓ ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર છે.પરશુરામ ભગવાને શિવજીનું તપ કર્યું અને વરદાનમાં શિવજીએ પરશુ (કુહાડી) આપી હતી, ત્યારથી તેમનું નામ પરશુરામ પડ્યું હતું.પરશુરામનું જન્મસ્થળ મધ્યપ્રદેશમાં ઓમકારેશ્વર પાસે આવેલું માનવામા આવે છે. કહેવાય છે કે પરશુરામ અમર છે.એક લોકપ્રિય શ્લોક છે.

---

**રાજકીય પક્ષ બનાવી કાળા નાણાંનો ગોરખધંધો**

# ભેજાબાજોએ સરદારસાહેબને પણ ન છોડયાઃ નામ વટાવી ૫૬ કરોડ મેળવ્યા

**સરદારવલ્લભભાઈ પટેલ પાર્ટી નામના રાજકીય પક્ષ વિશે કોઈને ખબર નથી પરંતુ આવી એક પાર્ટી છે જેણે ત્રણ ઉમેદવાર મેદાનમાં ઉતાર્યા છેઃ ઝેરોક્ષની નાનકડી દુકાનમાંથી આ પાર્ટી ઓપરેટ થાય છે અને કરોડોનું ફંડ મેળવે છેઃ આઈટી વિભાગે દરોડા પાડયા પછી તેની સામે તપાસ ચાલે છેઃ આ પાર્ટીના સભ્યોના ઘરમાં પણ કોઈને કંઈ ખબર નથી**

**(એજન્સી)મુંબઈ,**

સરદાર વલ્લભભાઈ પટેલે ભારતની આઝાદીના યોદ્ધાઓમાં નામ સૌથી આદરણીય નેતાઓમાં એક ગણવામાં આવે છે. ભારતના અને ખાસ કરીને ગુજરાતના લોકો સરદાર પટેલ સાથે એક ઈમોશનથી જોડાયેલા છે. ત્યારે કેટલાક લેભાગુ રાજકારણીઓ તેમના નામનો દુરુપયોગ કરીને ખુબ નાણાં બનાવી રહયા છે. ભારતમાં સેકડો રાજકીયપક્ષો રજીસ્ટાર થયા છે. સેકડો રાજકીય પક્ષો રજીસ્ટર થયા છે. જેમાંથી એક પક્ષ સરદાર વલ્લભભાઈ પટેલના નામે પણ છે. ઈન્કમટેક્ષ વિભાગની તપાસમાં જાણવા મળ્યું કે આ પક્ષે બે વર્ષ અગાઉ ૫૬ કરોડ રૂપિયાનું ફંડ મેળવ્યું હતું. નવાઈની વાત એ છે કે ભારતના લોકોને પણ ખબર નથી કે સરદાર વલ્લભભાઈ પટેલ પાર્ટી નામનો કોઈ રાજકીય પક્ષ છે.

સરદાર વલ્લભભાઈ પટેલ પાર્ટી એટલે કે એસવીપીની કોઈ સક્રિયહાજરી નથી. આમ છતાં વર્ષ ૨૦૨૨માં આ પક્ષને ૫૬ કરોડ રૂપિયાનું ડોનેશન મળ્યું હતું. તે સમયયે ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા આ પાર્ટીની ઓફીસ પર દરોડા પાડવામાં આવ્યા હતા. ઈન્કમટેક્ષ વિભાગ દ્વારા ચુંટણીપંચને સોપવામાં આવેલા એક રીપોર્ટમાં આમ જણાવાયું છે. સરદાર વલ્લભભાઈ પટેલ પાર્ટીના નામે કેટલો મોટો ગોટાળો ચાલતો હશે તે વાતને અંદાજ સાફ મળી જાયય છે. આ પાર્ટીની ત્રણ ઉમેદવારોએ જ એફીડેવીટ સોપી તેમાં તેમની આવક શૂન્ય એટલે કે નિલ બતાવી છે. તેમની પાસે કોઈ વાહન નથી. એટલું જ નહી. ત્રણમાંથી બે ઉમેદવારોએ કહયું કે તેમની પાસે પોતાનું મકાન પણ નથી.

ભારતમાં ઘણા લોકો રાજકારણને સેવા નહી પણ નાણાં કમાવા માટેનું સાધન બનાવી લે છે. તેના આ નમુનો છે. અહી જ સરદાર વલ્લભભાઈ પટેલ પાર્ટીની વાત થઈ રહી છે. તેના ઉમેદવારો મુંબઈમાં ચુંટણી લડી રહયા છે. અઅને આ એક રજીસ્ટર્ડ પરંતુ માન્યતા વગરને રાજકીય પાર્ટી છે. ભારતમાં આવી શંકાસ્પદ રાજકીયય પાર્ટીઓની મોટી ફોજ બની ગઈ છે. અને ઈન્કમટેક્ષ વિભાગે લગભગ ૨૦૦ રાજકીયય પક્ષોની તપાસ કરી હતી. આમાંથી ઘણી પાર્ટીઓમાં પોતાના કલાયયન્ટ પાસેથી ચેક દ્વારા અથવા બેન્કીગ ટ્રાન્ઝેકશનથી ડોનેશન મેળવ્યા અને પછી તેમાંથી કમીશન કાપીને પોતાના કલાયન્ટને રોકડ કમીશન કાપીને પોતાના કલાયન્ટને રોકડમાં રૂપિયયા આપ્પયા હતા. એટલે કે બ્લબોક મની વ્હાઈટ કરવાનો ગોરખધંધો ચલાવવામાં આવતો હતો. ઈન્કમટેક્ષ વિભાગ તેમની સામે ટેક્ષ ચોરીના કેસની તપાસ કરે છે.

સરદાર વલ્લભભાઈ પટેલે પાર્ટી કયયાંય કોઈ કામગીરી કરતી હોય તેવું દેખાતું ન હતું છતાં ૫૬ કરોડની રકમ તેને ડોનેશ તરીકે મળી હતી. ૨૦૨૨માં આઈટીએ દરોડા પાડયયા હતા. ત્યાયરે આ હકીકત બહાર આવી હતી. સરદાર વલ્લભભાઈ પટેલની પાર્ટીની વધુ વાત કરીએ તો તે બોરીવલી ઈસ્ટની વધુ વાત કરીએ બોરીવલી ઈસ્ટની એક સાંકડી ચાલીમાં એક ઝેરોક્ષની દુકાનમાંથી ઓપરેટ થતી હતી. અથવા ઓપરેટ થાય છે. પાર્ટીએ ચુંટણી પંચને જણાવ્યું કે તેને ૫૫.૫ કરોડ રૂપિયાયનું ડોનેશન મળ્યું હતુ. જેમાંથી ૧૦ કરોડ રૂપિયા તેણે બાળકોના એજયુકેશન પાછળ ખર્ચ કર્યા છે. પાંચ કરોડના ખર્ચે ફૂડ પાછળ થયયો હતો. ૧૬ કરોડનો ખર્ચ શીયાળામાં ગરમ કપડા ખરીદવા થયો અને ૧૧ કરોંડ રૂપિયા ગરીબોને દાનમાં આપ્યા હતા. આ તમામ આંકડામાં ગરબડ છે.

અમારા સહયોગથી અખબાર ટાઈમ્સ ઓફ ઈન્ડીયાએ આ પાર્ટીના એક ઉમેદવાર કમલેશ વ્યાસની મુલાકાત લીધી જે બોરીવલી હાઉસીગ સોસાયટીમાં રહે છે. ૬૦ વર્ષીય કમલેશવ્યાસ ઘરે ન હતા અને તેમની પત્નીને પણ ખબર ન હતી. કે તેના પતી મુંબઈ નોર્થની બેઠક પરથી ચુંટણી લડે છે. આ સોસાયટીના કોઈપણ રહેવાસીને પણ ખબર ન હતી કે તેમને ત્યાં કોઈ લોકસભાની ચુંટણી લડી રહયયું છે. પત્રકારો કમલેશને ફોન કર્યો તો તેણે કહયું કે ઈન્કમટેક્ષના વિષય પર બોલવા માટે તો તે એકસપર્ટ નથી. પરંતુ પછી સામેથી કોલ કરીને બધી ચર્ચા કરીશ. ત્યાર પછી કમલેશને કયારેય ફોન ન આવ્યો.

કમલેશ વ્યાસની જેમ ૩૮ વર્ષના મહેશ સાવંત પણ મુંબઈ સાઉથ સેન્ટ્રલમાં સરદાર વલ્લભભાઈ પટેલ પાર્ટીના ઉમેદવાર છે. જયારે મુંબઈ નોર્થ ઈસ્ટમાં ૪૫ વર્ષના ભવાની છે. ચૌધરી આ પાર્ટી વતી ચુંટણી લડી રહયા છે. આ પાર્ટી એક ઝેરોક્ષની દુકાનમાંથી ચાલે છે. અને તેના સ્થાપક દશરથ પરીખ એક ગુજરાતી છે. તેણે ચોખ્ખી વાત કરી કે તમામ રાજકીયય પક્ષો ડોનેશનમાં ગોટાળા કરતા જ હોય છે. તેણે કહયું કે ગુજરાતમાં અમારા ચાર કોર્પોરેટર છે. અને અમે અમારો વોટશેર વધારવા કોશીશ કરીએ છીએ જેથી અમને રીઝન્ટેશન ઓફ પીપલ્સ એકટ હેઠળ માન્યતા મળે અને અમે પણ ઈલેકટોરોલ બોન્ડ દ્વારા ફંડ મેળવી શકીએ. પોતાની પાર્ટી સામેના ઈન્કમટેક્ષના કેસનું શું થયું તેવા સવાલ કરવામાં આવતા દશરથ પરીખ કહે છે કે, આઈટીના કેસ હજુ પેન્ડીગ છે. તેમણે વધુ વિગતો આપવાની ના પાડી હતી. તે કહે છેકે અમને મળતું ફંડ ટ્રાવેલીગમાં ઝંડા ખરીદવામાં પોસ્ટરો છપાવવામાં અને બીજા ચુંટણીને લગતી કામગીરીમાં ખર્ચાઈ જાય છે. ઈન્કમટેક્ષ વિભાગના અધિકારીઓનું કહેવું છેકે આવી મોટા ભાગની પાર્ટીઓ વાસ્તવમાં હવાલા નેટવર્ક ચલાવતી હોયય છે. ટેક્ષ ચોરી માટે આ બધો ધંધો થાયય છે.તેઓ હવાલા ઓપરેટરના કલાયન્ટ પાસેથી રૂપિયા મેળવે છે. અને ૦.૦૧ ટકા કમીશન કાપીને રોકડમાં રૂપિયા પાછા આપે છે. એટલે કે ટેક્ષ બચાવવા માટે રાજકીય પાર્ટીનો ઉપયોગ થાય છે. રીપ્રેઝન્ટેશન ઓફ પીપલ્સ એકટ હેઠળ ડોનેટ કરવામાં આવેલી રકમ ૧૦૦ ટકા ટેક્ષ ડીડકશનને પાત્ર છે. તેથી ચુંટણી જેવી લોકશાહી પ્રક્રિયાના નામે આવા ધંધા તેમને માફક આવી જાય છે.

---

# અમદાવાદ એરપોર્ટથી સીધી વડોદરાની એસટીની એસી વોલ્વો બસ સેવા શરૂ

**દિવસમાં એસટીની બે બસ અમદાવાદ એરપોર્ટ પરથી વડોદરા જશે**

**(એજન્સી)અમદાવાદ,**

અમદાવાદ એરપોર્ટ પર આવતા મુસાફરોને પોતાના ઘરે પહોચવા માટે ટેક્ષી કે કેબ કરવી પડતી હોય છે. હવે મુસાફરને આ ઝંઝટમાંથી મુકિત મળી જાય તેના માટે ગુજરાત એસટી વિભાગ દ્વારા અમદાવાદ એરપોર્ટ પરથી સીધી વડોદરાની બસ સેવા શરૂ કરી છે. એસી વોલ્વો બસ દરરોજ એરપોર્ટથી વડોદરાની બસ સેવા શરૂ કરી છે. એસી વોલ્વો બસ દરરોજ એરપોર્ટથી વડોદરાની બે ટ્રીપ કરશે. જેને કારણે એરપોર્ટ પરથી મુસાફરો સીધા એસી વોલ્વો બસમાં વડોદરા જઈ શકશે. તેવી જ રીતે વડોદરાના મુસાફરો પણ બસમાં સીધા એરપોર્ટ સુધી પહોચી શકશે. એસટી બસ દ્વા ફેબ્રુઆરી માસમાં રાજકોટની ટ્રીપ શરૂ કરવામાં આવી હતી. રાજકોટ બસ સેવાને યોગ્ય રીસ્પોન્સ નહી મળ્યો હોવા છતાં વડોદરાની બસ સેવા શરૂ કરવામાં આવી છે. આગામી દિવસોમાં ઉત્તર ગુજરાત કચ્છ તથા ઉદયપુર માટેની બસ સેવા અને દક્ષીણ ગુજરાત માટે બસ સેવા શરૂ કરવાની વિચારણા ચાલી રહી છે.

વિદેશ જતાં કે આવી રહેલા મુસાફરોને લેવા-મુકવા માટે આવતા તેમના સ્વજનોને વાહન પાર્કીગને લઈને ઘણી પરેશાની થઈ રહી છે. એરપોર્ટ પર પાર્કીગના ચાર્જ પણ મનઘડંત તરીકે વસુલ કરવામાં આવી રહયા છે. વારંવાર એરપોર્ટ પર કેબ-ટેક્ષી ચાલકો તથા રીક્ષાચાલકો વચ્ચે તકરાર પણ થતી હોયય છે. આ પરીસ્થિતીમાં જીએસઆરટીસી સમક્ષ એરપોર્ટ ઓથોરીટી દ્વારા મુકવામાં આવેલા પ્રસ્તાવને ધ્યાને લઈને એસટી દ્વારા અમદાવાદ એરપોર્ટથી સીધી રાજકોટની બસ સેવા શરૂ કરાઈ હતી.

હવે વડોદરાના મુસાફરો માટે પણ બસ સેવા શરૂ કરવામાં આવી છે. એરપોર્ટ ખાતેથી જાણવા મળતી માહિતી મુજબ ૯મી મેથી આ બસ સેવા શરૂ થશે જે દિવસમાં બે વખત વડોદરાથી અમદાવાદ એરપોર્ટની ટ્રીપ મારશે. એસી વોલવો બસમાં મુસાફરોની સુવિધાની બાબતો પણ ખાસ ફોકસ કરવામાં આવ્યું છે.

---

# બહેરામપુરા-દાણીલીમડામાં ફેકટરીઓનાં જોડાણ કપાતાં રોડ પર ગટરનાં પાણી વહ્યાં

**કાપેલાં જોડાણ ફરી કરી દેનાર ફેકટરીઓ સામે રહેમનજરઃ બોધપાઠરૂપ કોઈ પગલાં નહીં**

**(એજન્સી)અમદાવાદ,**

સાબરમતી નદીને પ્રદુષીત કરતાં કેમીકલયુકત પાણી છોડતાં ઔધોગીક એકમોનાં ગેરકાયયદે ગટર જોડાણો કાપ્યાનાં દાવા કરતાં મ્યુનિ. ઈજનેર ખાતાએ બહેરામપુરા-દાણીલીમડામાં વધુ એકવાર ગેરકાયદે ગટર જોડાણો કાપતાં પીરાણા ડમ્પ સાઈટથી ખોડીયારનગર તરફનાં રોડ પર ગટરનાં પાણીની નદી વહેતી થઈ છે. જેના પગલે ભારે હેરાનગતિ ભોગવવી પડી રહી છે.

અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશનની ડ્રેનેજ લાઈનો, સ્ટ્રોમ વોટર ડ્રેનેજ લાઈનોમાં ગેરકાયદે જોડાણો કરવાની ફરીયાદો અવાર નવાર ઉઠવા પામે છે. શહેરના દક્ષીણ ઝોનમાં આવેલ ખોડીયાર નગરથી પીરાણા ડમ્પ સાઈટ વિસ્તારમાં ગેરકાયદે જોડાણો કાપી નાંખવામાં આવ્યા પછી ફરીથી ગેરકાયદે જોડાણો કરી દેવાને કારણે ગટરના ગંદા પાણી ઉભરાવવાની ઘટના જોવા મળી છે. ખોડીયારનગરથી પીરાણા ડમ્પ સાઈટ તરફના લગભગ દોઢથી બે કિ.મી.ના રોડની સાઈડમા ડ્રેનેજના ગંદા પાણી ભરાયેલા હોવાને કારણે તીવ્ર વાસ મારે છે. અને ગંદકી ફેલાઈ છે. ગટરના ગંદા પાણી ભરાવાને કારણે આ વિસ્તારમાં રોગચાળો ફેલાવાની દહેશત સર્જાઈ છે.

સુત્રોએ સ્વીકાર્યું હતું કે, હાઈકોર્ટમાં સાબરમતી નદીને પ્રદુષીત કરતાં કેમીકલયુકત પાણી મ્યુનિ. ગટર લાઈનમાં છોડવાનાં મામલે ગંભીર નોધ લેવાયા બાદ ઉત્તર પૂર્વ દક્ષીણ અને મધ્ય ઝોનમાં નાનામોટા ઔધોગીક એકમોના ગેરકાયદે ગટર જોડાણો કાપવાની ઝુંબેશ ચલાવાઈ હતી. પરંતુ થોડા સમયય બાદ સ્થાનીક રાજકારણીઓ વોર્ડના ઈજનેરો-મજુરો વગેરેના મેળાપીપણામાં અનેક જગ્યાએથી ફરી ગટર જોડાણો થઈ ગયાં છે.

તેમાંય બહેરામપુરા-દાણીલીમડાનાં હેન્ડ સ્ક્રીન પ્રિન્ટીગનાં એકમો માટે કરોડોનાં ખર્ચે સીઈટીપી બનાવાયા પછી ક્ષમતાં કરતાં વધુ પાણી આવવાની સમસ્યા સર્જાઈ હતી. તેને પગલે જીપીસીબીએ કલોઝર નોટીસ ફટકાર્યા બાદ સીઈટીપીમાં ઓછું પાણી આવતું થયું હોવાનો દાવો કરવામાં આવ્યો હતો. પરંતુ આ એકમોના વધારાનાં પાણીને ફરી મ્યુનિ. ગટર લાઈનમાં છોડવાનું શરૂ કરાયું હોવાથી સીઈટીપીમાં કેમીકલયુકત પાણીનો ઘટાડો થયો હોવાનું ચર્ચાઈ રહયું છે. દરમ્યાનમાં પીરાણા ડમ્પ સાઈટથી ખોડીયારનગર ચાર રસ્તા તરફનો રોડ ઉપર છેલ્લા ચાર પાંચ દિવસથી ગટરનાં ગંદા પાણી રોડ પર નદીની જેમ વહી રહયાં છે. આ બાબતે તપાસ કરતાં એવું જાણવા મળ્યુ કે, બહેરામપુરા-દાણીલીમડાની ફેકટરીઓને ગેરકાયદે ગટર જોડાણ કાપવામાં આવ્યા છે. અને મેનહોલ બંધ કરી દેવાયા છે. તેમાં કોઈ ભુલ થઈ જતાં મ્યુન.ની ગટર લાઈનનાં પાણી મેનહોલમાંથી ઉભરાઈને રોડ પર વહેતાં થયાં છે.

---

# અમદાવાદમાં આજે રાજયની પ્રથમ પાસપોર્ટ સેવા વાનની શરૂઆત થશે

**(એજન્સી)અમદાવાદ,**

શહેરના માર્ગ પર થોડા દિવસોમાં ચાલતી ફરતી પાસપોર્ટ સેવા વાન રસ્તા પર જોવા મળે તો નવાઈ નહી. રાજયમાં પ્રથમવાર પાસપોર્ટ સેવા વાનમાંથી હવે પાસપોર્ટ કઢાવી શકાશે. સુત્રોના જણાવ્યા અનુસાર ગુરુવારે શહેરના ગુલબાઈ ટેકરા ખાતે આવેલ રીઝનલ પાસપોર્ટ કચેરી ખાતે આ પાસપોર્ટ સેવા વાનને ખુલ્લી મુકાશે. શરૂઆતના દિવસોમાં આ વાનને રીઝનલ પાસાપોર્ટ કચેરી ખાતે ઉભી રખાશે. ત્યારબાદ આ વાનને શહેરના વિવિધ લોકેશન પર મુકવામાં આવશે. અરજદારોને એપોઈમેન્ટ માટે ઓનલાઈન પાસપોર્ટ સેવા વેનનો વિકલ્પ આપવામાં આવશે. બુધવારે વિજય ચાર રસ્તા ખાતે આવેલા પાસપોર્ટ કેન્દ્ર ખાતે આ સેવા વાનને આખરીઓપ સાથે અંદર લગાવેલા સીસ્ટમનું ચેકીગ પણ કરાયું હતું.

પાસપોર્ટ સેવા વાનમાં બે ટેબલો લગાવવામાં આવ્યા છે. આ વાનને એસીથી પણ સજજ કરવામાં આવ્યું છે. આ જે વેનની અંદર બે કોમ્પ્યુટર ચાલી શકે અને બે કર્મીઓ બેસી શકે તેવી વ્યવસ્થાઓઅની સજજ કરવામાં આવ્યું છે. ચંદીગઢ સહીતા મોટા શહેરોમાં સફળતા મળ્યા બાદ હવે અમદાવાદમાં પણ આ સેવા શરૂ થશે. આ વાનના અનુભવ બાદ વધુ બે વાનનો પણ કાર્યરત કરવામાં આવે તેવું પણ આયોજન થઈ રહયું હોવાનું પણ સુત્રો દ્વારા જાણવા મળ્યું છે. આ સુવિધાને પગલે વધતા વેઈટીગ પિરીયડમાં ઘટાડો જોવા મળશે. અને લોકોને ઘર આંગણે પણ વ્યયવસ્થા થાય તે માટે તેના સમયાંતરે લોકેશનને પણ બદલવામાં આવવાનું પણ જાણવા મળ્યું છે.

---

# ધારણા કરતાં ઘણું ઓછું મતદાન થતાં રાજકીય નેતાઓની ઊંઘ હરામ

**ઓછું મતદાન કોને નુકસાન પહોચાડશે ? રાજકીય પક્ષોના કાર્યકરોમાં ચર્ચા શરૂ**

**અમદાવાદ,**

લોકસભા ચૂંટણી-૨૦૨૪ માટે બે તબક્કાનું મતદાન પૂર્ણ થયા બાદ ગઈકાલે ગુજરાત સહિત રાજ્યોમાં પણ ત્રીજા તબક્કાનું મતદાન પૂર્ણ થયું છે. જો કે, ગઈકાલે ગુજરાતમાં લોકસભા ચૂંટણીના ત્રીજા તબક્કામાં થયેલા ઓછા મતદાને રાજકીય પક્ષો અને ચૂંટણીપંચને ચિંતામાં મૂકી દીધા છે તેની પાછળનું મુખ્ય કારણ ગરમી અને લૂની લહેર હોવાનું માનવામાં આવે છે. એક તરફ ઓછા મતદાન માટે ભાજપ ગરમી અને લૂને મુખ્ય કારણ માને છે તો બીજી તરફ કોંગ્રેસ મતદારોની નારાજગીને મુખ્ય કારણ ગણાવે છે. હાલમાં બન્ને પક્ષ જીત પોતાના નામે જ હોવાના દાવા કરી રહ્યા છે.

આગામી દિવસોમાં આકરી ગરમીને જોતાં હવામાન વિભાગે ઘણા રાજ્યોમાં એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગની ચેતવણીને ધ્યાનમાં રાખીને કોંગ્રેસ પાર્ટીએ ચૂંટણીપંચ પાસે મતદાનનો સમય વધારવાની માંગ કરી છે. કોંગ્રેસનું કહેવું છે કે, હવામાન વિભાગની ગાઈડલાઈન મુજબ લોકોને બપોરે ૧૨થી ૪ વાગ્યા વચ્ચે ઘર બહાર નીકળવાની અપીલ કરવામાં આવી રહી છે.

એક રિપોર્ટ મુજબ મતદાનમાં નિરૂત્સાહી મતદારો અને ઓછા મતદાનના મુદ્દા આગલી રાતે ભાજપની બેઠકમાં ચર્ચાયા હતા. ઓછા મતદાન મુદ્દે થયેલી આ બેઠક મોડી રાત સુધી ચાલી હતી. બેઠક બાદ કાર્યકરો અને પેજ પ્રમુખોને સંદેશ આપવામાં આવ્યો છે કે, મતદારોને ઘરમાંથી બહાર નીકળીને મતદાન કરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે. જો કે, ભાજપના કાર્યકર્તાઓ બૂથ અને પેજ પ્રમુખ સહિત તમામ નેતાઓએ મતદારોને મતદાન મથક સુધી લઈ આવવા માટે તનતોડ મહેનત કરી હતી છતાં ધારણા કરતાં ઓછા થયેલા મતદાને ભાજપ અને કોંગ્રેસને ન ઊંઘ ઉડાડવા માટે પૂરતું કારણ આપ્યું છે.

રાજકીય વાતો ભલે ચર્ચાતી હોય કે મતદાન બાદ જે તે બેઠકો પર ભાજપ કે કોંગ્રેસ આગળ છે. વિપક્ષ તો દૂર-દૂર સુધી ક્યાંક નથી, પરંતુ હવે જ્યારે ઓછું મતદાન થયું છે તો બધાના મનમાં એક પ્રશ્ન ઘૂમરાઈ રહ્યો છે કે આ ઓછું મતદાન કોને નુકસાન પહોંચાડશે. રાષ્ટ્રીય રાજકારણમાં મોદી યુગના ઉદય બાદ મતની ટકાવારી સતત વધતી જોવા મળી હતી. વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૯ની લોકસભા ચૂંટણીમાં મતની ટકાવારી સારી હતી. ત્રીજા તબક્કામાં જે બેઠકો માટે ચૂંટણી થઈ તેમાં ૮૦ ટકાથી વધુ બેઠકો પર ભાજપનો કબજો હતો. જો કે, મતદાનમાં ઘટાડો જોવા મળ્યો છે. ખાસ કરીને એવા રાજ્યો અને બેઠકો જ્યાં ભાજપ ગત ચૂંટણીમાં મોટા અંતરથી જીતવામાં સફળ રહ્યું હતું.

ગઈકાલે લોકસભાની ત્રીજા તબક્કાની ચૂંટણીમાં દેશની નજર ગુજરાતની ૨૫ બેઠકો પર હતી. ગોવા અને ગુજરાત એટલા માટે પણ ચર્ચામાં હતા કારણ કે પહેલીવાર અહીં આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ ગઠબંધન કરીને મેદાનમાં ઉતર્યા છે. આ વખતે આમ આદમી પાર્ટીએ કોંગ્રેસને સમર્થન જાહેર કર્યું છે. આવામાં આ મતની ટકાવારીમાં ઘટાડો ચૂંટણી પરિણામ પર શું અસર કરશે તે રસપ્રદ રીતે ચર્ચાઈ રહ્યું છે.

---

# આઈપીએલની ૫ મેચમાંથી ભેગો થયેલો ૭૫ હજાર કિલો કચરો દૂર કરાયો

**(એજન્સી)અમદાવાદ,**

નરેન્દ્ર મોદી સ્ટેડીયમમાં અત્યાર સુધી રમાયેલી આઈપીએલની પાંચ દરમ્યાન ૭૫.૫૫૭ કિલો કચરો દૂર કરવામાં આવ્યા છે. આ કચરામાં ૬૪૦૦ કિલો ભીનો અને ૬૧.૧૫૭ કિલો સુકા કચરાને અલગ કરવામાં આવ્યો હતો.

ભીના કચરાને કમ્પોસ્ટીંગ તથા ઓર્ગેનીક ખાતર બનાવવા માટે ભરૂચ એન્વાયરો ઈન્ફ્રાસ્ટ્રકચર ખાતે મોકલવામાં આવ્યો હતો. જયારે સુકા કચરાને નેપ્રાની મટીરીયલ રીકવરી ફેસીલીટી ખાતે મીસ્કડ પ્લાસ્ટીક મિકસ્ડ પેપર, પેટ અને નોન રીસાઈકલેબલ વેસ્ટ રીસાયકલ થઈ શકે તેવા કચરામાંથી અલગ પડાયો હતો. તેના પગલે લેન્ડફીલથી ૨૪ ટકા સૂકો કચરો દુર કરાયો હતો. ૨૦૨૩માં ૯૮ ટકા કચરો દૂર કરવામાં આવ્યો હતો.

ઉલ્લેખનીય છેકે, એક મેચમાં સરેરાશ ૧૫૧૧૧ કિલો કચરો સ્ટેડીયમમાંથી નીકળે છે. જેમાં પ્લાસ્ટીકની બોટલ, પોપકોર્નના ડબ્બા પ્લાસ્ટીકની થેલીઓ, પ્લેકાર્ડ સહીતનો સમાવેશ થાય છે. સ્વચ્છતા રાખવા માટે સ્ટેડીયમમાં કેમ્પેઈન પણ કરાય છે.

---

## આપની આજ

**શુક્રવાર**

**તા.૧૦-૫-૨૦૨૪**



**મેષઃ-** આપના પડતર કામો તેમજ ઘણા લાંબા સમયથી અટકેલ કામકાજ આજે પુરા કરી શકો તેવો શ્રેષ્ઠ દિવસ છે.

**વૃષભઃ-** આજે થનારી ટૂંકા અંતરની મુસાફરીમાં આપને લાભ થવાનો છે. આજનો દિવસ આપના માટે મધ્યમ છે.

**મીથુનઃ-** આજે આપને રસ્તે જતા આવતા કીમતી ચીજવસ્તુ મળે તેમ છે ધંધાના સ્થળે માન સન્માન વધે.

**કર્કઃ-** આજરોજ આપના નીરાશાવાદી તેમજ નકારાત્મક વિચારોના કારણે મુશ્કેલીઓ વધશે.

**સિંહઃ-** આજરોજ આપના નાણાકીય આયોજનો ખોરવાઈ જશે આપને બેંક તેમજ લેણદારો તરફથી મુશ્કેલીઓનો અનુભવ થવાનો છે.

**કન્યાઃ-** આપના સંતાનોના જીવનમાં આવેલી તકલીફો ખૂબજ સરળતાથી દૂર કરી શકશો. સંતાનો માટે શુભ દિવસ છે.

**તુલાઃ-** નોકરીયાત વ્યક્તિઓને નોકરીમાં ખૂબજ માન સન્માન મળવાનું છે. હીતશત્રુઓથી સાચવશો.

**વૃશ્ચિકઃ-** આજરોજ આપને લાંબા અંતરની અને લાંબા સમય માટેની મુસાફરી થશે. વીઝા પાસપોર્ટના કામો સફળ થાય.

**ધન :** વાયુ પ્રકોપના કારણે આપની તંદુરસ્તી અસ્વસ્થ રહેશે તેમજ પગની તકલીફો વધી શકે છે.

**મકરઃ-** આપના ભાગીદારીના કામકાજમાં આવેલી મુશ્કેલીઓનો રસ્તો મળશે. યશ પ્રતિષ્ઠા સન્માન મળે.

**કુંભઃ-** આપના પરદેશ જવાના કામકાજમાં અવરોધ અને મુશ્કેલીઓ આવશે. આરોગ્યમાં ગરબડ થાય તેમ છે.

**મીનઃ-** વિદ્યાર્થી મિત્રોને ઉચ્ચ અભ્યાસ માટે પરદેશ જવાના કામમાં સફળતા મળે. દિવસ આપના માટે શુભ પસાર થશે.

---

# ખરેખર મનુષ્ય ૧૨૦થી ૧૩૦ વર્ષ સુધી જીવશે ?

**ચીનના વૈજ્ઞાનિકોએ લોહીમાં એક તત્વ શોધી કાઢયું છે જે વધતી ઉંમરને રોકવામાં મદદરૂપ છે**

**(એજન્સી)બીજીગ,**

દરેક મનુષ્ય લાબું જીવન જીવવાની ઈચ્છા રાખતા હોય છે. અને પોતાને ફીટ રાખવા માટે તમામ પ્રયત્નો કરતા હોય છે. પણ આપણે કોઈ જાણીએ છીએ કે અમર થઈને કોઈ આવ્યું નથી. બધાએ એકના એક દિવસે આ દુનિયામાંથી વિદાય લેવી જ પડે છે. પરંતુ જો એવું થાય કે માનવી હવે ૧૩૦૦ વર્ષ સુધી જીવી શકશે. તો જી હા સાચું સાંભળ્યું તમે આ કોઈ કલ્પના માત્ર નથી. પણ તેને વૈજ્ઞાનીક રીતે સાબીત પણ કરવામાં આવ્યું છે. વાત એમ છે. કે ચીનના વૈજ્ઞાનીકોને લોહીમાં એક એવું તત્વ મળી આવ્યું છે. જે વધતી ઉંમરને રોકવામાં મદદરૂપ છે. એવો દાવો કરવામાં આવે છે કે જો આ તત્વ મનુષ્યને ચોકકસ ઉંમરે આપવામાં આવે તો તે લાંબુ જીવન જીવી શકશે.

નેચર એજીગ જર્નલમાં પ્રકાશીત અહેવાલ અનુસાર, ચીનના વૈજ્ઞાનીકોએ આ સંશોધન નર ઉંદરો પર કર્યું હતું જે સરેરાશ ૮૪૦ દિવસ જીવે છે. ઉંદર જયારે ૨૦ મહીનાના હતા ત્યારથી તેને દર અઠવાડીયે આ તત્વ ધરાવતું ઈન્જેકશન આપવામાં આવતું હતું. ધીમે ધીમે ઉંદરોની ઉંમર દેખાવ લાગી અઅને તેમની વૃદ્ધાવસ્થા બંધ થઈ ગઈ સાથે સાથે કામ કરવાની ક્ષમતા વધી ગઈ હતી. એટલું જ નહી તેની લાઈફમાં ૨૨.૭ ટકાનો વધારો નોધાયો હતો. જે એક રેકોર્ડ છે.

સંશોધન ટીમના સભ્ય ઝાંગ ચેન્યુએ કહયું કે, અમે એ જોઈને રોમાંચિત છીએ કે આ ઈન્જેકશન આપનારા ઉંદરોમાંથી ઘણા ૧૨૬૬ દિવસ સુધી જીવીત રહયયા હતા. તમે વિચારી શકો છો કે જે ઉંદર ૮૪૦ દિવસથી વધુ જીવીત ન રહી શકયો તે ૧,૨૬૬ દિવસ જીવ્યો. જો આપણે માનવીની ઉંમરની હિસાબથી જોઈને તો ઈન્જેકશન લેવાથી તેમની ઉંમર ૧૨૦ થી ૧૩૦ થી વર્ધ સુધી શકે છે. ઝાંખ ચેન્યુએ કહયું કે, જો તેનું ઈન્જેકશન તૈયાર કરવામાં આવે અને તેને મનુષ્યોને આપવાની પરમીશન આપવામાં આવે તો માનવીનું આયુષ્ય વધશે અને દરેક વ્યકિત માટે ૧૦૦ વર્ષથી વધુ જીવન જીવવું શકય બનશે.

વૈજ્ઞાનીકોના મતે આ તત્વને દવાઓ દ્વારા આપી શકાય છે. જેના માટે લોહી બદલવાની જરૂ નહી પડે. આની સારવાર એકદમ સરળ હશે. સંશોધનમાં લેખક, ચેનશીએ કહયું. અમે સ્પષ્ટપણે જોયું કે આ કામ કરી રહયું છે. આ સૌથી શકિતશાળી વૃદ્ધત્વને રોકવા માટેનું તત્વ છે જે અમને મળ્યું છે. તે આપણા લોહીમાં કામ કરી શકે છે. ચેનશીએ જણાવ્યું કે આ સંશોધન સાત વર્ષ સુધી ચાલ્યું છે. અને સેકડો ઉંદરો પાસેથી ડેટા એકત્રીત કરવામાં આવ્યો હતો. તેવા પરથી જ આ સંશોધનને વૈજ્ઞાનીકોને સાબીત કર્યું છે.

---

**એજન્ટો/ પત્રકારો નિમવાના છે**

વેસ્ટર્ન ટાઈમ્સ દૈનિક માટે

**ઉત્તર ગુજરાતઃ**
સીધ્ધપુર/ પાટણ / મહેસાણા/ હારીજ/ સમી વગેરે.

**મધ્ય ગુજરાતઃ**
વડોદરા / આણંદ / ખેડા /દાહોદ/ વગેરે

**સૌરાષ્ટ્રઃ** જામનગર/ રાજકોટ / મોરબી/ ભાવનગર/ સુરેન્દ્રનગર/ વિરમગામ વગેરે.

**દક્ષિણ ગુજરાતઃ** સુરત / વાપી / બિલીમોરા /નવસારી વગેરે

**ઉપરોક્ત ગામો/ શહેરો તેમજ અન્ય ગુજરાતમાં આવેલા ગામો/ શહેરોમાં પ્રતિનિધી/ એજન્સી નિમવાની છે.**

વિતરણ/ સમાચારો / જાહેરાત વગેરેનું કામકાજ કરી શકે તેવા ઉત્સાહી માણસો જોઈએ છે. રસ ધરાવતાં એજન્ટો/ પત્રકારો પોતાના બાયોડેટા સાથે લખી અમદાવાદ ઓફિસે મોકલાવે :

**મેનેજર, વેસ્ટર્ન ટાઈમ્સ પબ્લીકેશન્સ પ્રા.લી.**

૩૦૧, ગાલા આર્ગોસ, હરિકૃપા ટાવર્સની પાછળ, કલગી ચાર રસ્તા, એલિસબ્રિજ, અમદાવાદ-૩૮૦૦૦૬.

# શૂલપાણેશ્વરનો મેળો તંત્રએ બંધ રખાવ્યો છતાં શ્રદ્ધાળુઓ ઊમટ્યાં

## પાલખી યાત્રા નિયમ મુજબ નીકળી

**રાજપીપળા,**
નર્મદા નદી કિનારે આવેલ સુલપાણેશ્વર દાદાના મંદિરે ભરાતા ચૈત્ર અમાસના મેળાને સુલપાણ યાત્રા ગણવામાં આવે છે. આ દિવસે નર્મદા સ્નાન કરી શિવજીની પૂજા આરાધના ભકતો કરતા હોય છે પરંતુ આ વર્ષે ચૂંટણી હોય લાખોની સંખ્યામાં આવનારા ભકતોની સુરક્ષા માટે અવ્યવસ્થા સર્જાય એ માટે નર્મદા જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આ સુલપાણેશ્વર મંદિરનો ભાતીગળ મેળો મોકૂફ રાખવાનો નિર્ણય લેવાયો હતો અને મંદિર દ્વારા પૂજા વિધિ કરવાની અને પાલખી યાત્રા કાઢવાની મંજૂરી આપવામાં આવી હતી. જોકે જાહેરાતના અભાવે મેળો યોજાયો અને ભકતો પણ મોટી સંખ્યામાં આવ્યા હતા.

ચૈત્રી ચૌદસ અમાસનો મેળો એકતાનગર સ્થિત ગોરા ગામ ખાતે યોજાયો જેમાં મહારાષ્ટ્રના વેપારીઓ અને ભકતો મોટી સંખ્યામાં ઉમટી પડયા હતા. આ મેળા માટે દુકાનો લાગી સ્થાનિક વેપારીઓને પણ મેળો ચાલુ હોવાનું જાણ થતા અન્ય સ્થાનિક વેપારીઓ પણ આવ્યા અને જોત જોતામાં મેળો જામ્યો. સ્થાનિક ભકતો પણ સુલપાણેશ્વર મહાદેવના મંદિરે દર્શન કરવા પહોંચ્યા. સોના ચાંદીના ઘરેણાંથી સજ્જ ભગવાન સુલપાણેશ્વર મહાદેવ પાલખીમાં બિરાજમાન થઈને નગરયાત્રાએ નીકળ્યા હતા. ભકતોએ મોટી સંખ્યામાં મેળાનો અને દર્શનનો લાભ લીધો હતો.

# ભરૂચ જિલ્લામાં ધો.૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૨.૧૧ અને વિજ્ઞાન પ્રવાહનું ૮૦.૦૯ ટકા પરિણામ જાહેર થયું


**ભરૂચ જિલ્લામાં સૌથી વધુ થવા કેન્દ્રનું ૯૮.૮૪ અને સૌથી ઓછું ઝાડેશ્વર કેન્દ્રનું ૮૯.૬૩ ટકા પરિણામ**



**(પ્રતિનિધિ) ભરૂચ,**
ભરૂચમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ ૮૦.૦૯ ટકા અને સામાન્ય પ્રવાહનું ૯૨.૧૧ ટકા પરિણામ જાહેર કરાયુ હતું.ભરૂચ જીલ્લામાં સૌથી વધુ થવા કેન્દ્રનું ૯૮.૮૪ અને સૌથી ઓછું ઝાડેશ્વર કેન્દ્રનું ૮૯.૬૩ ટકા પરિણામ આવ્યું હતું.પરીણામ જાહેર થતા વિદ્યાર્થીઓમાં કહી ખુશી કહી ગમના દ્રશ્યો સર્જાયા હતા.

ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં ગુરૂવારે સવારે ૯ વાગ્યાથી બોર્ડની વેબસાઈટ પર પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું.માર્ચ મહિનામાં ગુજરાત રાજય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા લેવામાં આવી હતી.ભરૂચ જીલ્લા માંથી વિજ્ઞાન પ્રવાહમાં ૩,૦૪૪ માંથી ૧૪ વિદ્યાર્થીઓએ એ-૧ ગ્રેડ મેળવ્યો છે.જયારે સામાન્ય પ્રવાહમાં ૭૪૧૧ જેટલા છાત્રોએ પરીક્ષા આપી હતી.જેમાંથી ૫૧ વિદ્યાર્થીઓએ જીલ્લામાં એ-૧ ગ્રેડ મેળવ્યો છે.જ્યારે એ - ૨ માં ૫૫૩,બી - ૧ માં ૧૪૨૩,બી - ૨ માં ૨૧૧૧,સી - ૧ માં ૧૮૦૩,સી - ૨ માં ૮૨૭, ડી - ૧ માં ૫૬, ઈ - ૧ માં ૦૨ અને એનઆઈ માં ૬૧૦ વિધાર્થીઓનો સમાવેશ થયો છે. જયારે ૫૮૫ વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. આ અંગે ભરૂચ જિલ્લા શિક્ષણાધિકારી સ્વાતિબા રાઓલે માહિતી આપી હતી અને પરીક્ષામાં પાસ થનાર તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. જ્યારે નાપાસ થયેલા વિદ્યાર્થીઓને ઉદાસ થયા વગર આગામી દિવસોમાં લેવાનાર પરીક્ષા આપીને પાસ થવા માટે અપીલ કરી હતી. ભરૂચમાં આવેલી એમિટી વિદ્યાલયમાં અભ્યાસ કરતા ત્રણ વિદ્યાર્થીઓએ એ -૧ ગ્રેડ પ્રાપ્ત કરતા તેમના માતા-પિતા સહિત શિક્ષકોમા આનંદ જોવા મળ્યો હતો.

# દક્ષિણ ગુજરાત



સંઘ પ્રદેશ, દા.ન.હ., દમણ-દીવ, ભરૂચ, સુરત, નવસારી, વલસાડ, ડાંગ જીલ્લાના સમાચારો

## લોકસભાની ચૂંટણીમાં જંબુસરના ઈસ્લામપુર ગામે ઓબ્ઝર્વરને દમ મારતા સુરતના બે સામે ફરિયાદ

**ભરૂચ,**
૭ મે ના રોજ યોજાયેલ ભરૂચ લોકસભાની ચૂંટણીમાં જંબુસર તાલુકાના ઈસ્લામપુર ગામે પ્રાથમિક શાળાના મતદાન મથક ઉપર બપોરે ત્રણના અરસામાં સુરત પાસિંગની કાર આવી હતી.તેમાં આવેલ બે અજાણ્યા શખ્સોએ મતદાન મથક પર ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ દિપકભાઈને જણાવેલ કે અમો લોકસભાની ચૂંટણીના ઓબ્ઝર્વર છે અને તમે મતદારોના આઈડી પ્રૂફ કેમ ચેક કરતા નથી? તેમ કહી રોફ જમાવતા હોય પોલીસ કોન્સ્ટેબલ દીપકભાઈએ બંને ઈસમો પાસે આઈકાર્ડ માંગતા તેઓ બુથ ઉપરથી જતા રહેતા દીપકભાઈએ પીએસઆઈ ને એન સોલંકીને જાણ કરતા તેઓએ જંબુસર ટંકારી ભાગોળ પાસે રોકી પૂછપરછ કરતા બંને ઈસમો અલ્પેશભાઈ લાલજીભાઈ ત્રાડા તથા કલ્પેશભાઈ ઉત્તમભાઈ પટેલ ઓબ્ઝર્વર નહી પરંતુ આમ આદમી પાર્ટીના સુરત શહેરના કાર્યકરો હોવાનું જણાય આવેલ જેથી લોકસભા ચૂંટણીમાં ઓબ્ઝર્વર તરીકે ખોટી ઓળખ આપી તેઓ આ વિસ્તારના મતદાર ન હોવા છતાય પ્રચાર અર્થે આવતા બંને ઈસમો વિરુદ્ધ દીપકભાઈએ ફરિયાદ આપતા જંબુસર પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

# નવસારી ટાટા હાઈસ્કૂલની ઈમારતોની નવીનીકરણની કામગીરી

**નવસારી,**
અહીંની ટાટા હાઈસ્કૂલના મકાનો અને બી.પી. બારિયા સાયન્સ કોલેજની ઈમારતોનું નવીનીકરણ થઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે અનેક વિદ્યાર્થીઓના શિક્ષણ અને રમતગમત ક્ષેત્રે ટાટા હાઈસ્કૂલનો સિંહ ફાળો રહ્યો છે. હવે હાઈસ્કૂલના પૂર્વ વિદ્યાર્થી લાપસીવાલા પરિવારના દાનથી ઈમારતોનું નવીનીકરણ કરવામાં આવી રહ્યું છે.

ટાટા હાઈસ્કૂલમાં ૩૪ વર્ષ સેવા પ્રદાન કર્યા બાદ આચાર્ય બોમી નિવૃત થતાં સન્માન કરાયું ત્યારે એસ.બી. ગાર્ડી કોલેજ ટ્રસ્ટના ચેરમેન દાસભાઈ દેબુએ જણાવ્યું કે જીવન ઘડતરમાં પ્રદાન કરનારી શાળા કોલેજને યાદ કરી માતબર રકમનું દાન આપવું એ સંસ્કાર પણ શાળામાંથી જ મળ્યા છે.

શાળા સંચાલન, વિદ્યાર્થીઓનું શિક્ષણ અને રમતગમત પ્રવૃતિને ટ્રસ્ટી એડવોકેટ નેવિલ દેબુએ બિરદાવી હતી. આચાર્ય મનહર પંચોલીએ પારસી સમાજ, ગુજરાત, ભારત અને નવસારીનો ઐતિહાસિક વારસો અને એ પરિપ્રેક્ષ્યમાં બોમીએ કરેલા કાર્યોનો સરવાળો કર્યો હતો. સુરેશ મકવાણા, આચાર્ય ગૌતમ મહેતા, આચાર્ય મર્ઝબાન પાતરાવાલા, ડો. અજય મોદી, મુકેશ અગ્રવાલ, પ્રા. જશુભાઈ નાયકે નગરની અસ્મિતા વધારવામાં રમતગમત, શિક્ષણ ક્ષેત્રે કરેલા પુરુષાર્થને બિરદાવ્યા હતા. ટાટા પ્રાથમિક શાળાના આચાર્ય રોહિંગ્ટન મોટરવાલાએ શાળા સંચાલનની ચર્ચા કરી હતી.

સન્માનના પ્રત્યુત્તરમાં બોમીએ જણાવ્યું કે ધરમપુરથી શરૂ થયેલી યાત્રા ટાટા હાઈસ્કૂલને કેન્દ્રમાં રાખી રાજય, રાષ્ટ્રીય કક્ષા સુધી પહોંચી તેમાં રમતવીર ફિરોઝ, આચાર્ય જોશી, એનએસએસ પ્રવૃતિના ભિષ્મપિતામહ પ્રા. જશુભાઈ નાયક અને આચાર્ય ડોલીબેન દેસાઈનો મોટો ફાળો છે.

**ભરૂચના ભોલાવ ધર્મનગર ટાઉનશીપ નજીકનો બનાવ**

# ડમ્પર ચાલકે બાઈક ચાલકને કચડી નાંખતા સ્થળ ઉપર મોત

**(પ્રતિનિધિ) ભરૂચ,**
ભરૂચના ભોલાવ વિસ્તારના ધર્મનગર ટાઉનશીપ પાસે એક ડમ્પર ચાલકે સેલ્સમેન તરીકે ફરજ બજાવતા આશાસ્પદ યુવાનને ડમ્પર ચાલકે કચડી નાંખતા સ્થળ પર જ કમકમાટી ભર્યું મોત નીપજયું હતું.જયારે ડમ્પર ચાલક અકસ્માત સર્જી ભાગવા જતા સ્થાનિક વાહન ચાલકોએ તેને ઝડપી પાડી સી ડીવીઝન પોલીસને હવાલે કરતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર વડોદરા જીલ્લાના કરજણ તાલુકાના વલણ ગામમાં ગરીબ પરિવારમાં રહેતો ફિરોઝ યુનુસભાઈ બેરા ભરૂચના ઝાડેશ્વર વિસ્તારમાં આવેલી વસંત મસાલામાં સેલ્સમેન તરીકેની ફરજ બજાવતો હતો.રાબેતા મુજબ તે પોતાની નોકરી પર આવ્યા બાદ કોઈ કામ અર્થે ફિલ્ડમાં નીકળ્યો હતો.તે વેળા બાઈક પર ધર્મનગર ટાઉનશીપ નજીક પાસેથી પસાર થઈ રહ્યો હતો તે દરમ્યાન પાછળથી પુરપાટ ઝડપે માટેલા સાંઢની જેમ ધસી આવેલા ડમ્પર ચાલકે તેને ટક્કર મારતા અકસ્માત સર્જાયો હતો.જેમાં બાઈક સવાર ફિરોઝ યુનસ બેરાને ગંભીર ઈજાઓ પહોંચતા ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત નીપજયું હતું.ઘટનાની જાણ થતા જ સ્થાનિક લોકોના ટોળા સ્થળ પર ઉમટી પડ્યા હતા.અકસ્માત સર્જી ડમ્પર ચાલક પોતાનું ડમ્પર સ્થળ ઉપર મૂકીને ફરાર થતા લોક ટોળા તેને ઝડપી પાડી સી ડીવીઝન પોલીસના હવાલે કર્યો હતો.

આ સમગ્ર ઘટનામાં સી ડિવિઝન પોલીસે મૃતદેહ નો કબ્જો લઈ પીએમ અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો અને આરોપી ડમ્પર ચાલકની અટકાયત કરી અકસ્માત અંગેનો ગુનો નોંધી વધુ તપાસ હાથધરી છે.

ઉલ્લેખનીય છે કે ભરૂચ શહેર અને સોસાયટી વિસ્તારમાં સાંકળી ગલીઓમાં પૂર ઝડપે દોડતા મહાકાય ડમ્પરોથી લોકોમાં આક્રોશ પણ જોવા મળ્યો હતો અને શહેર સવારથી ૮ થી સાંજના ૮ વાગ્યા સુધી શહેરમાં ભારે વાહનોની અવરજવર ઉપર પ્રતિબંધ હોવા છતાં ભારે વાહનો દોડતા પોલીસ અને આરટીઓ સામે સવાલો ઉભા થઈ રહ્યા છે. હાલ તો અકસ્માતની ઘટનાની જાણ થતાં જ પરિવાર સહિત ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

**શહેરના કાપડ અને કોલસા ઉદ્યોગ સાથે સંકળાયેલા વેપારીઓમાં ફફડાટ**

# ઐશ્વર્યા ડાઈંગ મિલ અને ત્રણ કોલસાના વેપારીઓને ત્યાં ઈન્કમ ટેક્સના દરોડા

**ઈન્કમ ટેક્સના દરોડાને પગલે મોટા પાયે બેનામી વ્યવહારો મળી આવવાની શક્યતા**



**(પ્રતિનિધિ) સુરત,**
રાજ્યમાં લોકસભાની ચુંટણી પૂર્ણ થયા બાદ જ ઈન્કમ ટેક્સ વિભાગ હરકતમાં આવતાં શહેરના ઉદ્યોગપતિઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. આજે શહેરના ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે સંકળાયેલ ઐશ્વર્યા ગ્રુપ અને કોલસાના વેપારીઓને ત્યાં ઈન્કમ ટેક્સ વિભાગના સાગમટે દરોડોની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ૧૦૦થી વધુ અધિકારી - કર્મચારીઓ દ્વારા હાથ ધરવામાં આવેલી કાર્યવાહીને પગલે શહેરના ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે સંકળાયેલા વેપારીઓમાં પણ ચિંતાની લાગણી પ્રસરી જવા પામી છે. બીજી તરફ એશ્વર્યા ડાઈંગ મિલ સહિત ૨૦ સ્થળે દરોડાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

સૂત્રો પાસેથી જાણવા મળતી માહિતી અનુસાર સુરત શહેરમાં ટેક્સટાઈલ ઉદ્યોગમાં અગ્રણી સંસ્થા ઐશ્વર્યા ડાઈંગ મિલ અને તેને ઈમ્પોર્ટેડ કોલસો પુરો પાડતાં વેપારીઓને ત્યાં આઈટી વિભાગ દ્વારા દરોડાની કાર્યવાહી હાથ ધરી છે. રમેશ ડુમસિયાના નિવાસ સ્થાન સહિત તમામે તમામ ઔદ્યોગિક સ્થળોએ તથા ડુમસ રોડ પર મોન્ટેકા હાઈટ્સ ખાતે આવેલ કોલસાના વેપારીઓના ઓફિસ અને ઘરો પર આઈટીના અધિકારીઓ વહેલી સવારે ત્રાટક્યા હતા. ૨૦ સ્થળે હાથ ધરવામાં આવેલી કાર્યવાહીને પગલે સમગ્ર શહેરમાં ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. ઈન્કમ ટેક્સના દરોડાના સમાચાર વાયુવેગે પ્રસરી જતાં ટેક્સટાઈલ ઉદ્યોગ સાથે સંકળાયેલા અન્ય ઉદ્યોગપતિઓમાં પણ ફફડાટ મચી જવા પામ્યો છે. બીજી તરફ જાણવા મળતી માહિતી અનુસાર સુરત શહેરમાં પહેલી વખત આયાતી કોલસાનો વેપાર કરનારા વેપારીઓને ત્યાં દરોડાની કાર્યવાહીને પગલે ઈન્કમ ટેક્સ વિભાગ દ્વારા મોટા પાયે બેનામી વ્યવહારો ઝડપી પાડવામાં આવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# સુરતમાં શાકભાજી ધંધાની અદાવતમાં પિતા-પુત્ર પર તીક્ષ્ણ હથિયારથી હુમલો, પિતાનું મોત

**કોસાડ આવાસમાં રહેતા પિતા પુત્ર જમવા બેઠા હતા ત્યારે જ હરીફ પરિવારે હુમલો કર્યો**

**સુરત,**
સુરતના અમરોલી- કોસાડ આવાસમાં શાકભાજી અને ફ્રૂટના ધંધાના ઝઘડાની અદાલતમાં ચાર પિતા-પુત્રએ તિક્ષ્ણ હથિયાર વડે હુમલો કર્યો હતો. બાજુની બિલ્ડીંગમાં રહેતા ત્રણ પિતા-પુત્ર ઉપર હુમલો કર્યો હતો હુમલામાં ૪૫ વર્ષીય પિતાનું ગંભીર ઈજાના કારણે મોત નીપજ્યું હતું. ઘટના બાદ હત્યારો હરીફ પરિવાર ભાગી છૂટયો હતો.

અમરોલી પોલીસ મથકના વર્તુળો પાસેથી મળતી માહિતી પ્રમાણે અમરોલી-કોસાડ આવાસમાં રહેતા શનિ અતુલ સોલંકી રાબેતા મુજબ ૬ વાગ્યે પત્ની સુમન સાથે શાકભાજી અને ફ્રૂટનો ધંધો કરવા ટેમ્પો લઈ મોટા વરાછાના રામચોક ખાતે ગયા હતા. રહેણાંક આવાસની બાજુમાં અલ્પેશ ભુપત ઓગણીયા અને તેના પિતા ભુપત ગગજી ઓગણીયા પણ શાકભાજીનો ધંધો કરે છે. આ પિતા પુત્રએ શનિ અને તેની પત્ની સુમનને ધંધો કરવા આવવાની ના પાડી ધમકી આપી હતી. જોધંધો કરવા તમે આવશો તો જાનથી મારી નાંખીશુ તેવી ધમકી આપી ઝઘડો કર્યો હતો.

ઝઘડો થયા બાદ પતિ-પત્ની ત્યાંથી ટેમ્પો લઈ અન્ય ઠેકાણે ધંધો કરી રાતે ઘરે ગયા હતા રાતે સાડા દસ વાગ્યાના અરસામાં શનિ તેના પિતા અતુલ, માતા ગીતાબેન, નાનો ભાઈ મહેશ અને તેની પત્ની આરતી જમવા બેઠા હતા. શનિની પત્ની સુમનબેન ઘરનો દરવાજો બંધ કરી રહી હતી આ દરમિયાન અલ્પેશ તેના પિતા ભુપત અને નાનાભાઈ અનિલ તથા દદુને તલવાર અને ચપ્પુ સાથે આવતા જોઈ ચોંકી ગઈ હતી. તુરંત ઘરના સભ્યોને જાણ કરી હતી. જમવા બેઠેલા ઘરના સભ્યો હજી કઈ સમજે તે પહેલાં તમામે ઘરની અંદર જ આવીને હિચકારો હુમલો કર્યો હતો. જેમાં પિતાને પેટના ભાગે તિક્ષ્ણ હથિયાર વાગતા આંતરડુ બહાર આવી ગયું હતું. સારવાર મળે તે પહેલા જ તેમનું મોત નીપજયું હતું. જયારે એક ભાઈને પેટમાં અને બીજાને કાન પાસે હથિયાર વાગતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ મામલે અમરોલી પોલીસે હત્યાનો ગુનો દાખલ કર્યો હતો. જોકે આ ઘટના બાદ હુમલાખોર અલ્પેશ ઓગણીયાના પરિવાર ફરાર થઈ ગયો હતો.

# વાલિયાના ચમારિયા ગામના દંપતીએ ઝેરી દવા પીધી, પતિનું મોત

**અંકલેશ્વર,**
ભરૂચ વાલિયા તાલુકાના વટારીયા- સેંગપુર જવાના માર્ગની બાજુમાં ખુલ્લા ખેતરમાં ચમારીયા ગામના રાજપૂત દંપતીએ ઘર કંકાસથી ઝેરી દવા ગટગટાવી લેતા પતિનું મોત નીપજયું હતું જયારે પત્નિની હાલત ગંભીર જણાતા સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે.

ચમારિયા ગામના વિજયસિંહ બોરસિયા અને તેઓના પત્નિ ગીતા બોરસિયા સાથે પરિવારજનો વચ્ચે કોઈક બાબતે ઝઘડો થતાં દંપતીનેલાગી આવતા ખુલ્લા ખેતરમાં આવી ત્યાં દંપતીએ ઝેરી દવા ગટગટાવી લીધી હતી. બનાવ અંગેની જાણ જીતેન્દ્રસિંહને થતાં તેઓએ ભાઈ-ભાભીને તાત્કાલિક સારવાર માટે ભરૂચ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ટૂંકી સારવાર દરમિયાન વિજયસિંહ બોરસિયાનું મોત નીપજયું હતું.

# ભરૂચ લોકસભા બેઠકની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં વહીવટી તંત્રએ હાશકારો અનુભવ્યો

**૧૩ ઉમેદવારોનું ભાવી ઈવીએમમાં સીલ : ભરૂચ જિલ્લામાં ૬૮.૭૫ ટકા મતદાન નોંધાયું**

**ભરૂચ,**
ભરૂચ લોકસભા બેઠકની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થતાં વહીવટી તંત્રએ હાશકારો અનુભવ્યો હતો. ભરૂચ બેઠક પરના ૧૩ ઉમેદવારોના ભાવી મતદાન બાદ ઈવીએમમાં સીલ થયા હતા.

ભરૂચ લોકસભા બેઠક માટે મતદાન શાંતિપૂર્ણ રીતે સંપન્ન થતાં મોડી રાત્રિ સુધી રિસિવિંગ સેન્ટર પર ઈવીએમ આવતા ઉમેદવારોના એજન્ટોની હાજરીમાં ઈવીએમ સ્ટ્રોંગ રૂમમાં મુકવામાં આવ્યા હતા. ભરૂચ બેઠક પરના ૧૩ ઉમેદવારોના ભાવી મતદાન બાદ ઈવીએમમાં સીલ થયા હતા. જિલ્લામાં ૧૮૯૩ મતદાન મથકો ઉપર શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થયાબાદ બીએલઓ દ્વારા જરૂરી તમામ પ્રક્રિયા સંપન્ન કરી મતદાન કેન્દ્ર પરથી આ તમામ ઈવીએમ જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ ભરૂચની સરકારી પોલિટેકનિક કોલેજ ખાતે લાવી ઉમેદવારોના એજન્ટોની ઉપસ્થિતિમાં સુરક્ષિત રીતે મૂકવામાં આવ્યા હતા.

જિલ્લા કલેકટર તુષાર સમેરાએ ચૂંટણી પ્રક્રિયાનો ચિતાર આપી મતદાન ૬૮.૭૫ ટકાથી વધુ થયું હોવાનું પ્રાથમિક અહેવાલ હોવાનું જણાવી સ્ટાફની સંભાળ અને તાલીમ તેમજ મતદારોની સુવિધા સાથે મતદાન માટે આર્કષવાના પ્રયાસો સફળ રહ્યાનું જણાવી આભાર વ્યકત કર્યો હતો. હવે ૪ જૂને મતગણતરી હાથ ધરાશે ત્યારે સ્ટ્રોંગ રૂમમાંથી ઈવીએમ બહાર આવશે. હાલ તો ઉમેદવારો મતદાનની ટકાવારીને લઈ જીતના દાવા કરી રહ્યા છે. ત્યારે ૪ જૂનના રોજ પરિણામ જાહેર થતાં ખબર પડશે કે કોના દાવામાં કેટલો દમ છે. ભરૂચના મતદારોએ પોતાનો ફેંસલો મતદાન થકી આપી દીધો છે.

# નેત્રંગ- વાલિયા ફરજમાં ગયેલા જંબુસરના હોમગાર્ડ જવાનો રાત્રે બે વાગ્યા સુધી અટવાયા

**કલાકો સુધી જંબુસર જવા માટે વાહન ન મળતાં રોડ પર રઝળ્યા**

**અંકલેશ્વર,**
ભરૂચ જિલ્લાના નેત્રંગ-વાલીયા ફરજ બજાવવા ગયેલા જંબુસર ના. જી.આર.ડી. જવાનો રાત્રીના બે વાગ્યા સુધી અટવાયા હતા. નેત્રંગ ખાતે અંદાજે ૧૦૦થી વધુ જીઆરડી (હોમગાર્ડ) જવાનો ફરજ અદા કરી જેમ તેમ કરી અંકલેશ્વર આવ્યા હતા. કલાકો સુધી જંબુસર જવા માટે વાહન ના મળતા રોડ પર રઝળયા હતા પરત મોકલવા માટે કોઈ વ્યવસ્થા ના હતી અંતે અંકલેશ્વર વિભાગીય પોલીસવડાની દરમિયાનગીરી બાદ આઈસર ટેમ્પમાં જવાનોને જવા માટે વ્યવસ્થા કરાઈ હતી.

શાંતિપૂર્ણ રીતે ચૂંટણી પૂર્ણ થતા તંત્રએ હાશકારો અનુભવ્યો હતો. આ વચ્ચે ધોમધખતા તાપમાં ચૂંટણીમાં ફરજ અદા કરવા ગયેલા જંબુસર નેત્રંગના ૧૦૦થી વધુ જીઆરડી (હોમગાર્ડ) અવ્યવસ્થાનો કડવોઅનુભવ જોવા મળ્યો હતો. રાત્રીમાં વિવિધ મતદાન બુથ પર ફરજ અદા કરી નેત્રંગ- વાલીયાથી પરત સ્વ વ્યવસ્થા કરી અંકલેશ્વરમાં મોડી સાંજે આવી ચડયા હતા. જોકે ત્યાંથી જંબુસર જવા માટે વાહનની કોઈ વ્યવસ્થા ના હોવાથી રાત્રીના બે વાગ્યા સુધી જવાનો વાલિયા ચોકડી પર રઝળપાટ કરતા નજરે પડયા હતા. આ અંગે અંકલેશ્વર વિભાગીય પોલીસ વડાને જાણ થતા તેઓ દ્વારા બી ડીવીઝન પોલીસ મથકે જાણ કરી હતી જે બાદ બી ડીવીઝન પી.આઈ દ્વારા જવાનો પોતાના ઘરે જવા માટે મોડી રાત્રીના આઈસર ટેમ્પાની વ્યવસ્થા કરી આપી હતી જેમાં જવાનો ખડેપગે ફરજ બજાવ્યા બાદ ઘરે જવા રવાના થયા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ઈલેકશન ડયુટીમાં ફરજ બજાવતા કર્મચારીઓ માટે પરત આવવા તંત્ર દ્વારા યોગ્ય વ્યવસ્થા ના અભાવના કારણે આ સ્થિતિ સર્જાઈ હતી ત્યારે જેટલો ખ્યાલ મતદાતાનો રાખવામાં આવે છે એ જ રીતે ફરજ પરના કર્મચારીઓનો પણ રાખવામાં આવે એ જરૂરી છે.

**વેસ્ટર્ન ટાઇમ્સ** ના વાચકો જોગ
**અનોખી ભેટ યોજના**
શું તમે વેસ્ટર્ન ટાઈમ્સ છ મહિના માટે મફ્ત મેળવવા માંગો છો ? તો નીચે લખેલા છેલ્લાં ૬ આંકડાવાળા નંબરવાળી રૂા.૧૦ કે રૂા.૨૦ની નોટ રૂબરૂ કાર્યાલયમાં જમા કરાવી તમારું નામ, સરનામું **સરક્યુલેશન વિભાગ**માં લખાવી ૬ મહિના સુધી વેસ્ટર્ન ટાઈમ્સ ઘેર બેઠઆ ટપાલથી મફ્ત મેળવો.
**આજનો લકી નંબર** **૩૫૭ ૪૫૮**
નોંધ: આ યોજનામાં છપાયેલ નંબરવાળી નોટનો લાભ ફક્ત ૩ દિવસમાં જ મેળવવો. ત્યારબાદ સંસ્થાની કોઈ જવાબદારી રહેશે નહિં.

# રાજપારડી - સારસા - ઉમલ્લા નજીક મુખ્ય ધોરીમાર્ગને અડીને ઉભા કરાયેલ મહાકાય રેતીના ઢગલા

**રેતીના સ્ટોકના ઢગલાઓની મહત્તમ ઉંચાઈ કેટલી હોવી જોઈએ એ બાબતે સવાલો ઉઠ્યા !**


(તસ્વીરઃ વિરલ રાણા, ભરૂચ)

**ભરૂચ,**
ભરૂચ જીલ્લાના ઝઘડિયા તાલુકા માંથી પસાર થતી નર્મદા નદીના વિશાળ પટ માંથી તેમજ નર્મદાના વહેતા પ્રવાહ માંથી પાઈપ નાંખી એન્જિન નાવડીમાં મુકી પાણી સાથે રેતી ઉલેચવાની ગેરકાનૂની પ્રકિયા લાંબા સમયથી થઈ રહેલ રેત ખનનના મુદ્દે અવારનવાર વિવાદો ઉભા થાય છે.ઝઘડિયા તાલુકામાં રહેલી વિપુલ ખનીજ સંપતિનો ખનીજ માફિયાઓ ભરપૂર પ્રમાણમાં ગેરલાભ લઈ રહ્યા છે.જીલ્લા બહારથી આવીને ઘણા અન્ય જીલ્લાના ઈસમો પણ જમીનો ભાડે લઈને રેતીનો સ્ટોક કરી રહ્યા છે.આવા રેત માફિયાઓને કોઈનો ડર રહ્યો હોય એમ લાગતું નથી.

જીલ્લાનો ભુસ્તર વિભાગ આવા રેત માફિયાઓનું ખુલ્લેઆમ સમર્થન કરતો હોય એવી વાતો સામે આવી રહી છે.ઝઘડિયા તાલુકામાં હાલ ઠેર ઠેર મુખ્ય ધોરીમાર્ગ સહિત માર્ગોને અડીને મહાકાય રેતીના ઢગલાઓ ઉભા કરાયા છે.સામાન્ય રીતે રેતીનો સ્ટોક જ્યાં કરવાનો હોય તે જગ્યા એન.એ થયેલ હોવી જોઈએ.પરંતુ હાલ ઝઘડિયા તાલુકાના રાજપારડી - સારસા - ઉમલ્લા વચ્ચે મુખ્ય ધોરીમાર્ગને અડીને મોટી સંખ્યામાં મહાકાય ડુંગર સમાન રેતીના ઢગલાઓ ઉભા કરાયા છે.આમાં કેટલા કાયદેસર રીતે નિયમોના પાલન સાથે ઉભા કરાયા છે અને કેટલા ગેરકાયદેસર રીતે ઉભા કરાયેલા છે તેની કોઈપણ જાતની તપાસ થતી નથી.આ અંગે જવાબદાર ભુસ્તર અધિકારીઓનો સંપર્ક કરતા તેઓ તરફથી ગોળગોળ જવાબ મળતા રેત માફિયાઓ સાથે તેમની મિલિભગત હોવાની રીતસરની શંકાઓ ઉભી થઈ હતી.રાજપારડી,સારસા, દુ.વાઘપુરા જેવી જે જે ગ્રામ પંચાયતોની હદમાં રેતીના મહાકાય ઢગલા ઉભા કરાયા છે તેમાં ઢગલાની મહત્તમ ઉંચાઈ,રોયલ્ટી પુરી ભરાય છે કે કેમ,કેટલો સ્ટોક કરવાની પરવાનગી મળી છે તેમજ જ્યાં સ્ટોક કરાયો છે તે જમીન એન.એ થયેલી છે કે કેમ? આ બધી બાબતોની જરૂરી વિગતો માટે સંબંધિત ગ્રામ પંચાયત સત્તાવાળાઓને પુછતા તેઓ ભુસ્તર વિભાગની વાત કરે છે,જયારે ભુસ્તર વિભાગના અધિકારીઓ બાયબાય ચારણી જેવો જવાબ આપે છે.

ઉલ્લેખનીય છે કે જેતે ગ્રામ પંચાયતની હદમાં રેતીના સ્ટોકના ઢગલાઓ ઉભા કરાયા હોય તે પંચાયતો પાસે પણ જરૂરી વિગતો તો હોવી જ જોઈએ !ત્યારે હવે આવા રેતીના મહાકાય ઢગલાઓ બાબતે કોની પાસે આરટીઆઈ માંગવી સંબંધિત ગ્રામ પંચાયતો પાસે કે પછી ભુસ્તર વિભાગ પાસે એ બાબતે પણ જનતા અવઢવમાં મુકાય છે ! ત્યારે જો તાલુકા સ્તરેથી મામલતદાર કે પ્રાંત અધિકારી પણ આ બાબતે સઘન તપાસ આરંભે તો પણ ઘણી ગેરરીતિઓ બહાર આવે તેમ છે અને જો એન.એ નહિ થયેલ ખેતીની જમીનમાં રેતીનો સ્ટોક થયો હોય તો એવી જમીનોને ખાલસા કરવા પગલા ભરાય તે પણ જરૂરી છે.

**ગોધરા પાલિકાના કોન્ટ્રાક્ટરના માણસોએ ભાંગરો વાટ્યો**

# મંજૂર થયેલી સોસાયટીના રોડના બદલે ભળતી જ જગ્યાએ રોડ ખોદી નાંખ્યો


(તસ્વીરઃ મનોજ મારવાડી, ગોધરા)

**(પ્રતિનિધિ) ગોધરા,**
ગોધરા નગર પાલિકા દ્વારા કોન્ટ્રાક્ટરને નવીન રોડનું કામ શરૂ કરવાની ખોટી સાઈટ બતાવતા કોન્ટ્રાક્ટરે વૃંદાવન સોસાયટીનો રોડ ખોદી નાખતા વૃંદાવન નગરના રહીશોએ બુમાબુમ કરી મૂકી હતી.

વિસ્તૃત જાણકારી મળવા મુજબ ગોધરા નગર પાલિકામાં સુરતના કોન્ટ્રાકટર ગિરીશ પટેલને નગર પાલિકામાં નવીન સી.સી રોડ બનાવવાનો કોન્ટ્રાકટ મંજુર થયો હતો.લોકસભાની ચૂંટણી પૂર્ણ થતાં કોન્ટ્રાકટર દ્વારા આજરોજ નવીન રોડની કામગીરી શરૂ કરવા માટે પોતાના માણસોને મશીનરી સાથે કામગીરી શરૂ કરવા મોકલતા કોન્ટ્રાક્ટરને માણસોએ નગર પાલિકા કર્મચારીની પાસે નવીન રોડ બાંધકામની સાઈટની જાણકારી મેંળવતા કોઈકે તે માણસોને વૃંદાવન નગર સોસાયટીનો રોડ બતાવેલ હતો.જેથી કોન્ટ્રકટરના માણસોએ આજે વૃંદાવન નગર સોસાયટીમાં જેસીબી ટ્રેકટર સાથે મજૂરો લઈ રોડની કામગીરી શરૂ કરવા માટે વૃંદાવન નગરમાં સરસ મજાનો બનેલો રોડ તોડવાની શરૂઆત કરતા સોસાયટીમાં હાજર ગૃહણીઓએ બુમાબુમ કરી મૂકતા સ્થળ ઉપર લોકટોળુ ભેગું થઈ ગયેલ હતું.તેમજ કામ કરતા માણસો પાસે શુ કામગીરી કરવા રોડ તોડ્યો છે.તેની જાણકારી મેળવતા આખી વાતનો ભાંડો ફૂટ્યો હતો.અને અન્ય સોસાયટીમાં રોડ બનાવવાની કામગીરી કરવાના બદલે નગર પાલિકાના કર્મચારીએ ખોટી સાઈટ બતાવી હોવાની હકીકત બહાર આવવા પામી હતી.આખરે વૃંદાવન નગર સોસાયટીના રહીશોએ કોન્ટ્રકટરના માણસોને તોડી નાખેલ રોડ નવો બનાવીને જ જવા દેવામાં આવશે તેવી કડકાઈ બતાવતા કોન્ટ્રાક્ટરે ટોફી નાખેલ રોડ રીપેર કરી આપવાની ખાતરી આપતા આખો મામલો થાળે પડ્યો હતો.

# ડાંગ જિલ્લાનું ધોરણ ૧૨ (સામાન્ય પ્રવાહ) નું ૯૫.૧૧ ટકા અને (વિજ્ઞાન પ્રવાહ) નું ૯૧.૧૦ ટકા પરિણામ જાહેર

**(ડાંગ માહિતી ): આહવા:**
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માર્ચ-૨૦૨૪મા લેવાયેલી ઉચ્ચતર માધ્યમિક (એચ.એસ.સી) બોર્ડની પરીક્ષાનુ પરિણામ જાહેર કરવામાં આવ્યુ છે.

જેમાં ડાંગ જિલ્લાના ધોરણ ૧૨ (સામાન્ય પ્રવાહ) નું ૯૫.૧૧ ટકા, અને (વિજ્ઞાન પ્રવાહ) નું ૯૧.૧૦ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યુ છે. આ પરિણામ સાથે ડાંગ જિલ્લો વિજ્ઞાન પ્રવાહમા રાજ્યમાં ત્રીજા ક્રમે, જ્યારે સામાન્ય પ્રવાહમાં સાતમાં ક્રમ રહ્યો છે. ઉલ્લેખનીય છે કે, ડાંગ જિલ્લામા ચાર કેન્?દ્રો ખાતે કુલ ૧૮૦૩ વિદ્યાર્થીઓએ સામાન્ય પ્રવાહની પરીક્ષા આપી હતી. જેમાથી કુલ ૧૭૧૧ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. આ ચાર કેન્દ્રોમાં અનુક્રમે (૧) આહવા-૦૮૦૧ કેન્દ્ર ખાતે ૫૦૮ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાથી ૪૯૩ પાસ થતા, ૯૭.૦૫ ટકા પરિણામ આવવા પામ્યું છે. (૨) તો સાપુતારા-૦૮૦૨ કેન્દ્ર ખાતે ૪૩૮ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાથી ૪૨૯ પાસ થતા ૯૭.૯૫ ટકા પરિણામ, (૩) વઘઈ-૦૮૦૩ કેન્?દ્ર ખાતે ૫૭૮ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાથી ૫૧૪ પાસ થતા અહીંનું ૮૮.૯૩ ટકા પરિણામ, અને (૪) સુબીર-૦૮૦૪ કેન્દ્ર ખાતે ૨૭૯ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા. જેમાથી ૨૭૫ પાસ થતા અહીંનું ૯૮.૫૭ ટકા પરિણામ જાહેર કરાયુ છે.

આ સાથે જિલ્લામાં એક (આહવા-૦૮૦૧) કેન્દ્ર ખાતે કુલ ૩૨૬ વિદ્યાર્થીઓએ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષા આપી હતી. જેમાથી કુલ ૨૯૭ વિદ્યાર્થીઓ પાસ થયા હતા. જેથી અહીં ૯૧.૧૦ ટકા પરિણામ આવવા પામ્યું છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માર્ચ-૨૦૨૪મા લેવાયેલ પરીક્ષાના ઉત્કૃષ્ટ પરિણામ બદલ, ડાંગ જિલ્લા કલેક્ટર શ્રી મહેશ પટેલ તેમજ જિલ્લા શિક્ષણાધીકારી શ્રી જીગ્નેશ ત્રિવેદી દ્વારા આ તમામ વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# ઉત્તર ગુજરાત



મહેસાણા, પાટણ, પાલનપુર, અરવલ્લી- સાબરકાંઠા જીલ્લાના સમાચાર



ભગવાનબાબા રામદેવજીના રણુજાયાત્રાધામમાં આજે વૈશાખી બીજે ભક્તોએ નિજ સમાધિ મંદિરે વહેલી સવારે મંગલા આરતીનો લ્હાવો લઈને ધન્યતા અનુભવી હતી. ઉત્તર ગુજરાત-સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાંથી અપાર ભાવિકો ઉમટ્યા હતા દરેક બીજના દર્શને નિયમિતરૂપમાં રણુજા જતા હિંમતનગરના ભાજપના અગ્રણી અમૃતભાઈ પુરોહિત આજે વૈશાખી બીજે વહેલી સવારે મંગલા આરતીનો લાભ લઈને સમાધિના નિકટથી ભાવવિભોર બની શ્રદ્ધાભક્તિથી બાબાના દર્શન કર્યા હતા.
(તસ્વીર:- કૌશિક પટેલ, મોડાસા)

## દહેગામ પાલિકાના સભ્ય અને તેમના પતિ ઉપર હુમલો, ૬ સામે ગુનો દાખલ

**જૂની અદાવતમાં મતદાન પ્રક્રિયા દરમિયાન હુમલો થતાં પોલીસ દોડતી થઈ**

**ગાંધીનગર,** લોકસભાની ચૂંટણી વખતે મતદાન પ્રક્રિયા દરમિયાન ગાંધીનગર જિલ્લાના દહેગામ નગરપાલિકાના સભ્ય અને તેમના પતિ ઉપર હુમલાની ઘટના બની હતી. બનાવ અંગે ફરિયાદના આધારે દહેગામ પોલીસે વિપક્ષ કોંગ્રેસના એક સભ્ય સહિત ૬ શખ્સો સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં જણાઈ આવ્યું છે કે આ બનાવ અગાઉ થયેલી જૂની અદાવતમાં ચૂંટણી ટાણે બની હતી.

હુમલા અંગે દહેગામ પાલિકાના ભાજપના સભ્ય નિલોફરબાનું પઠાણે પોલીસ ફરિયાદ નોંધાવી છે. તે મુજબ હકીકત એવી છે કે મંગળવારે ચૂંટણી હોવાથી તેમને તેમના વોર્ડની યાદી ચેક કરવાનું કામ સોંપાયુ હતું જેથી તેઓ તેમના પતિ ફીરોઝખાન, વીણાબેન બારોટ, આશાબેન મીર અને પરવીનબેન બારોટવાસમાં જવાના ગેટની પાસે ૧૦૦ મીટરની હદની બહાર ટેબલ ગોઠવીને બેઠા હતાં. તે દરમિયાન ચાર વાગ્યાના અરસામાં ફિરોઝખાન કુમારશાળાના બુથમાં ટકાવારી ચેક કરી પરત ફર્યા હતા તે વખતે બાજુના ટેબલ ઉપર ઈશ્તિહાર ઉર્ફે અપ્પુ નાસીર શેખે ફિરોઝખાનને અપશબ્દ બોલ્યો હતો તે વાત ફિરોઝખાને તેની પત્ની નિલોફરબાનુને કરતાં ઈશ્તિહાર તેમજ દહેગામ પાલિકાના કોંગ્રેસના નેતા તેના કાકા હબીબ શેખ અને તેમના બે છોકરાએ અપશબ્દો બોલી મારામારી કરી હતી ત્યારે ફિરોઝખાનને છોડાવવા નિલોફરબાનું વચ્ચે પડ્યા હતા તે વખતે દુપટ્ટો ખેંચાઈ જતાં તેઓ નીચે પડી ગયા હતા. થોડીવાર પછી કોંગ્રેસના હબીબ શેખનો નાનો ભાઈ મહેબુબ તથા તેમનો દીકરો નદીમ હાથમાં પાઈપ અને તલવાર લઈને પહોંચી ગયો હતો.

હોબાળો થતાં દહેગામ પીઆઈ બી.બી.ગોયલ સહિતનો કાફલો સ્થળ ઉપર દોડી ગયો હતો. આ અંગે ફિરોઝખાને કહ્યું કે, ભાજપ તરફે મતદાન નહીં થવા બાબતે હુમલો કરાયો હતો જયારે પોલીસે જણાવ્યું હતું કે, મસ્જિદની જગ્યાની જમીન બાબતે બંને પક્ષે અગાઉથી માથાકૂટ ચાલી રહી છે જેની અદાવતમાં ચૂંટણી વખતે માથાકૂટ થઈ હતી પરંતુ પોલીસે સ્થિતિને કાબૂમાં લીધી હતી.

## સેલવાસથી અંબાજી એસ.ટી સ્લીપર કોચ સર્વિસ બંધ કરી દેવાતાં મુસાફરોમાં નારાજગી

**(પ્રતિનિધિ) નેત્રામલી,** ગુજરાત એસ.ટી નિગમના ખેડબ્રહ્મા ડેપો દ્વારા ચલાવવામાં આવતી ખેડબ્રહ્મા થી સેલવાસ અને રીટર્ન સેલવાસ થી અંબાજી સ્લીપર કોચ નાઈટ બસ સર્વિસ એકાએક બંધ કરી દેતાં મુસાફરોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. આ રૂટ ઉપર સેટ થઈ ગયેલ બસ વેકેશન સમય ગાળામાં જ આ બસ સર્વિસ બંધ કરી દેવામાં આવતા આ બસમાં મુસાફરી કરતા વાપી, વલસાડ, સુરત, અંકલેશ્વર ના મુસાફરોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે. આ બસ સર્વિસમાં સારૂ એવું ઓનલાઈન બુકિંગ અને ઓફ લાઈન બુકિંગ પણ સારૂ એવું મળી રહેતું હતું તેમ છતાં પણ આ સર્વિસ વિભાગીય તંત્ર દ્વારા બંધ કરી દેવામાં આવી છે. એસ.ટી વિભાગ તંત્ર દ્વારા મુસાફરોની માંગ ને ધ્યાનમાં રાખીને આ બસ સર્વિસ ફરીથી ચાલુ કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી છે.

## ચાંદખેડાના આરોપીને ચેક રિટર્ન કેસમાં ૬ માસની સાદી કેદની સજા

**ગાંધીનગર,** અમદાવાદના ચાંદખેડા વિસ્તારના આરોપીને બે ચેક રિટર્ન કેસમાં ૬ માસની સાદી કેદની સજા ફરમાવાઈ છે. કલોલની કોર્ટે આપેલા ચુકાદામાં આરોપીએ એક માસમાં ૧૫.૬૭ લાખ રૂપિયા ફરિયાદીને ચૂકવવા માટે આદેશ કર્યો છે.

ગાંધીનગર જિલ્લાના કલોલમાં રહેતા વેપારી સુરેશકુમાર જી. પટેલની ફરિયાદ મુજબ કેસની વિગત એવી છે કે ચાંદખેડા વિસ્તારમાં રહેતા અલ્કેશભાઈ શાંતિલાલ ત્રિવેદીએ વર્ષ ૨૦૨૦ની સાલમાં બિઝનેસ ટ્રેડિંગનો વ્યવસાય કરવાની વાત કરી ટ્રેડિંગના ધંધામાં નફાનું પ્રમાણ વધારે ઉચુ હોવાનું કહી રિલાયન્સ સ્ટોકિસ્ટમાં રોકાણ કરવા આગ્રહ કર્યો હતો અને પ્રથમ રૂ.૫.૫૭ લાખ તેમજ બીજી વખત ૧૦.૧૦ લાખ રૂપિયા બે તબક્કામાં રોકડમાં તેમની પાસેથી લીધા હતાં તેની સામે ૪૫ દિવસમાં વધુ નફો કરી આપવાની ખાતરી આપી હતી. જોકે તે મુજબ વળતર મળ્યુ ન હતું.

દરમિયાન મુદત પ્રમાણે નફાનું પ્રમાણ નહીં મળતા સુરેશકુમાર જી. પટેલે પૈસા પરત માગતા આરોપી અલ્કેશ ત્રિવેદીએ બે ચેક આપ્યા હતાં. તે બંને ચેક બેંકમાં ભર્યા બાદ પરત ફર્યા હતા. આ અંગેનો કેસ કલોલના જયુ. મેજીસ્ટ્રેટની કોર્ટમાં ચાલ્યો હતો. ત્યારે ફરિયાદી સુરેશકુમાર જી. પટેલ તરફે વકીલ ભાવેશ રાવલે દલીલો કરી હતી તેના આધારે કલોલ કોર્ટે નેગોશિયેશન ઈન્ટ્રુમેન્ટ એકટ હેઠળ આરોપી અલ્કેશભાઈ ત્રિવેદીને ૬ માસની સાદી કેદની સજા અને એક માસમાં રૂા.૧૫,૬૭,૨૦૦ની રકમ ચૂકવી આપવાનો હુકમ કર્યો હતો.

## સાબરકાંઠામાં ગરમીનો પ્રકોપ, અગનગોળા વરસતાં લોકો ત્રાહિમામ

**હિંમતનગર,** હવામાન વિભાગે હીટવેવની આગાહી કરી છે ત્યારે બુધવારે સાબરકાંઠા જિલ્લામાં ગરમીનો પારો ૪૨ ડિગ્રી પહોંચી ગયો હતો. ઉનાળાની કાળઝાળ ગરમીમાં લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા હતા જયારે બપોરના સમયે રસ્તા સુમસામ બની ગયા હતા.

ખેડબ્રહ્મા સહિતના વિસ્તારોમાં ડુંગરો તપતાં આકાશમાંથી લૂના વાયરા ફુંકાઈ રહ્યા છે, જયારે બપોરના સુમારે તો રસ્તાઓ સુમસામ થઈ ગયા હતા. લોકોએ પણ ઘરમાં રહેવાનું મન બનાવી એસી, પંખા ચાલુ કરીને ઠંડક મેળવી હતી. ખેડબ્રહ્મા શહેરમાં સરદાર પટેલ રોડ, શીતલ ચોક સહિતના વિસ્તારોમાં આવેલા દુકાનદારોએ ગરમીથી બચવા માટે લીલા કપડાંવાળા પડદાઓ લગાવી દીધા હતા.

વડાલી : ઈડરમાં છેલ્લા બે દિવસથી ગરમીનું પ્રમાણ વધતાં લોકો પરસેવે રેબઝેબ થઈ ગયા છે ત્યારે બુધવારના રોજ દિવસ દરમ્યાન સૂર્ય નારાયણે પોતાનો પ્રકોપ બતાવતા બળ બળતા તાપથી લોકો શેકાઈ ગયા હતા અને ગરમીનો પારો ઉંચકાતા તાપમાન ૪૨ ડિગ્રીને પાર આંબી જતાં લોકો ગરમીથી તોબા પોકારી ઉઠયા હતા.

## ધરોઈ ડેમ પાછળ ૫.૮૫ કરોડ અને શામળાજી મંદિર પાછળ ૮.૪૭ કરોડ ખર્ચાશે

**ધરોઈ ડેમ ૬ મહિનામાં રોશનીથી ઝગમગતો થશે, શામળાજી મંદિરના ૧૮ મહિનામાં રંગરૂપ બદલાશે**

**મહેસાણા,** ઉત્તર ગુજરાત ટુરિઝમ સર્કિટના કેન્દ્રમાં આવતા ધરોઈ ડેમ તરફ પ્રવાસીઓનો આકર્ષવા ગુજરાત ટુરિઝમ વિભાગે ૫.૮૫ કરોડનો પ્રોજેકટ હાથ ધર્યો છે. જેમાં ધરોઈ ડેમને રાત્રી દરમિયાન રોશનીથી ઝગમતો થશે ૧૨ જેટલા જુદા જુદા રંગોથી ધરોઈ ડેમ નવા રંગરૂપમાં જોવા મળશે. દરરોજ રાતે ડેમ ૧૨ ગેટ પર અલગ અલગ પ્રકારના રંગોમાં જોવા મળશે. આ પ્રોજેકટની ટેન્ડર પ્રક્રિયા એપ્રિલ મહિનામાં પૂર્ણ થઈ છે. રાજય સરકાર દ્વારા વર્ક ઓર્ડર આપ્યાથી આગામી ૬ મહિનામાં ધરોઈ ડેમ રોશનીથી ઝગમગતો થશે. ધરોઈ ડેમ પર પ્રવાસીઓ દિવસે જ મુલાકાત લઈ શકે છે. હવે કામગીરી પૂર્ણ થયા બાદ પ્રવાસીઓ મોડી સાંજ બાદ પણ ધરોઈ ડેમની મુલાકાત લેતા થશે. જેના કારણે સ્થાનિકોને પ્રવાસીઓથી મળતી રોજગારીમાં વધારો થશે.

જયારે રૂ.૮.૪૭ કરોડના ખર્ચે શામળાજી મંદિરના નવીનીકરણ માટે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરાઈ છે. વર્ક ઓર્ડર આપ્યા તારીખથી દોઢ વર્ષથી સમય મર્યાદામાં આકર્ષક સ્ટોન ગેટ, યજ્ઞશાળા, મલ્ટીપર્પઝ ઉપયોગ માટે રૂમ, ઓફિસ તેમજ સ્ટોરરૂમ અને રાજભોગ પ્રસાદ માટે એક સાથે ૨૪ ભકતો બેસી શકે તેવા ડાઈનિંગ હોલ સાથે રાજભોગ રસોડાનું નવિનીકરણ હાથ ધરાશે.

## અશ્લીલ વીડિયો અપલોડ કરનાર IDની માહિતી અમેરિકાથી મંગાવી

**મહેસાણા,** બીજેપી ફોર મહેસાણા ડિસ્ટ્રિક્ટ પેજ હેક કરી સાયબર ગઠિયાએ અશ્લીલ વીડિયો અપલોડ કરતાં ભારે હોબાળો મચી ગયો હતો.

ભાજપે પાર્ટીના પ્રચાર-પ્રસાર માટે પાંચ વર્ષ પૂર્વે BJP 4 Mehsana Dist નામનું ફેસબુક ઉપર ઓફિશિયલી પેજ બનાવ્યું હતું જેને પાર્ટીના જિલ્લા કાર્યકરો, સંગઠનના હોદ્દેદારો મળી ૬૨૦૦ લોકો ફોલો કરતા હતા. લોકસભા ચૂંટણી પૂર્વે આ પેજને ગઠિયાએ હેક કર્યું હતું. ૧૬ એપ્રિલે અચાનક જ આ પેજ ઉપર મહેસાણા લોકસભા બેઠક પરની ચૂંટણી પ્રચારની વિગતો આપવાની બંધ થઈ ગઈ હતી. ગઠિયાએ ૧૬ થી ૨૩ એપ્રિલ સુધીમાં ૩૩ જેટલા અશ્લીલ વીડિયો પેજ પર અપલોડ કરી દેતાં પેજને ફોલો કરી રહેલા જીલ્લા ભાજપના કાર્યકરો, સંગઠનના હોદ્દેદારોમાં હોબાળો મચ્યો હતો. છેક ૧૪મા દિવસે કાર્યકર હર્ષદ પ્રજાપતિએ મહેસાણા સાઈબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવતા પોલીસે અમેરિકા સ્થિત ફેસબુક (મેંટા)ના હેડ કવાર્ટરને ઈમેલ કરી સર્વપ્રથમ આ પેજને રિમૂવ કરવા અને ફેસબુકના પેજનું આઈપી કોણ વાપરે છે તેની માહિતી માગી તપાસ હાથ ધરી છે. મહેસાણા સાઈબર ક્રાઈમના જણાવ્યા મુજબ મોટેભાગે આવું હેકિંગ બહારના દેશમાંથી થયું હોય તેમ લાગે છે. અંદાજે ૨૦ દિવસ બાદ માહિતીને પગલે ખબર પડશે.

## નડિયાદમાં રીક્ષા ચાલકના પુત્રએ ધો.૧૨ સાયન્સમાં બાજી મારી

**(પ્રતિનિધિ) નડિયાદ,** નડિયાદમાં રીક્ષા ચાલક ના પુત્રએ વિઝન સ્કુલ માં ધોરણ ૧૨ સાયન્સમાં ૯૯.૪૮ પર્સેન્ટાઈલ સાથે A1 ગ્રેડ મેળવ્યો છે. આ ઉપરાંત ગુજકેટમાં પણ ૯૯.૯૦% પર્સેન્ટાઈલ રેન્ક મેળવ્યા છે.



(તસ્વીરઃ સાજીદ સૈયદ, નડિયાદ)

નડિયાદમાં વાણીયાવાડ વિસ્તારમાં ફતેપુરા રોડ પર આવેલ શ્રી કૃષ્ણ સોસાયટીના મકાન નંબર ૨૦મા ૪૭ વર્ષિય નિતીનભાઈ મનુભાઈ રાવળ રહે છે. તેઓ પોતે નડિયાદ શહેરમાં રીક્ષા ચલાવી પોતાના પરિવારનું ગુજરાન ચલાવે છે. જ્યારે તેમના પત્ની જ્યોતીબેન હાઉસ વાઈફ છે. તેમને ૩ સંતાનો છે જેમાં સૌથી મોટી દિકરી જાગૃતિ, દિકરો રોનક અને સૌથી નાનો પુત્ર ધ્રુવ (ઉ.વ.૧૭) છે. નિતીનભાઈના ત્રણેય સંતાનો અભ્યાસમાં ટેલેન્ટેડ છે. સૌથી નાનો પુત્ર ધ્રુવએ તાજેતરમાં લેવાયેલી ધોરણ ૧૨ બોર્ડની પરીક્ષામાં સાયન્સ પ્રવાહમાં મેદાન માર્યું છે ધ્રુવે જણાવ્યું કે, આ સફળતા માટેનો જો કોઈ પ્રેરણાસ્ત્રોત હોય તો તે છે મારા માવતર, મારા પિતા રીક્ષા ચલાવી માંડ માંડ દિવસના બે છેડા ભેગા કરે છે હું નાનપણથી મારા માતા-પિતાને સંઘર્ષ કરતા જોતો આવ્યો છું. એટલે જ હું પહેલાથી જ અભ્યાસ પાછળ જ રચ્યો પચ્યો હતો. અગાઉ પણ મારે જીજીઝ બોર્ડમાં ૯૯.૮૮ પર્સેન્ટાઈલ આવેલા છે. આ સિદ્ધિ મારી એકલાની નથી. મારી શાળા નડિયાદ વિઝન સ્કૂલના શિક્ષકોનું સતત માર્ગદર્શન મને મળ્યું છે. મારે ટ્યુશન નહોતું મે ફક્ત શાળાના શિક્ષકોને ફ્લો કર્યા છે. હું આગળ બીટેક આઈ. ટી. કરવા ઈચ્છું છું

## ગોધરામાં સગીરા પર બળાત્કાર કેસમાં બળાત્કારી સહિત ત્રણને ૨૦ વર્ષની કેદ

**ગોધરા,** પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના એક ગામમાં સગીરા બળાત્કારના બનેલા બનાવમાં બળાત્કારી સહિત ત્રણને વીસ વર્ષની કેદ તથા અન્ય એક આરોપીને ત્રણ વર્ષની સખ્ત કેદ ફટકારવાનો અદાલતે હુકમ કર્યો છે. પંચમહાલ જિલ્લા સ્પે. જજ તથા બીજા એડી. સેશન્સ જજ આર.જે. પટેલની અદાલતમાં આ મામલે કેસ ચાલી જતા અદાલતે આરોપીઓને તકસીરવાન ઠેરવીને સજા ફટકારી હતી.

ગોધરા તાલુકાના એક ગામમાં રહેતી સગીર વયની બાળાને મનુભાઈ હરસુરભાઈ ચારણ કંકુશથાંભલા ગામે પ્રવિણભાઈ ધનાભાઈ ચારણને સાથે રાખી રહેણાંક મકાન નજીક ખેતરમાં લઈ ગયા હતા. જયાં તેની પર અવાર નવાર બળાત્કાર ગુજાર્યો હતો. બળાત્કારી મનુભાઈના સાથીદાર પ્રવિણભાઈ ચારણ તેમની મોટરસાયકલ પર સગીરાને લઈ આવ્યા હતા તેમની સાથે જગદીશ હરસુરભાઈ ચારણ પણ સાથ સહકાર આપતો હતો. આ તમામ સુમીત્રાબેન જશવંતસિંહ બારીયા નામની વિધવાના રહેણાંક મકાનમાં પણ સગીરાને લઈ ગયા હતા જયાં મનુભાઈ ચારણે બળાત્કાર ગુજાર્યો હતો.

આખી આ ઘટનાના મામલે ગોધરા તાલુકા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ થતાં પોલીસે કંકુથાંભલા ગામે રહેતા મનુભાઈ ચારણ, પ્રવિણ ચારણ, જગદીશ ચારણ તથા વાવડી ખાતે રહેતા વિજય ઉર્ફે પપ્પુ જશવંતસિંહ બારીયા અને સુમીત્રાબેન જશવંતસિંહ બારીયાની સામે ગુનો દાખલ કરીને તેઓની ધરપકડ કરી હતી. આ તમામની સામે પંચમહાલ જિલ્લા સ્પે. જજ તથા બીજા એડી. સેશન્સ જજ આર.જે. પટેલની કોર્ટમાં કેસ ચાલી જતાં મદદનીશ સરકારી વકીલ આર.એમ. ગોહીલની દલીલો સાંભળ્યા બાદ મનુભાઈ ચારણ, પ્રવિણ ચારણ તથા વિજયકુમાર બારીયાને વીસ વર્ષની સખત કેદ ફટકારી હતી. જયારે જગદીશ ઉર્ફે જગો ચારણને ત્રણ વર્ષની સખ કેદ ફટકારી હતી.

## વડોદરાની હોટલમાં લિફ્ટની કામગીરી કરતા ત્રણને વીજકરંટ લાગતાં એકનું મોત

**વડોદરા,** વડોદરાના સયાજીગંજ વિસ્તારની એક હોટલમાં લિફટની મરામતની કામગીરી કરતા ત્રણ વ્યક્તિઓને કરંટ લાગતા એકનું મોત નીપજયું હતું જયારે બે વ્યક્તિઓ ઘાયલ થઈ હોવાનું બહાર આવ્યું છે.

સુત્રોના જણાવ્યા અનુસાર વડોદરાના સયાજીગંજ વિસ્તારમાં આવેલી હોટલ એપેક્ષમાં લિફટની મરામતની કામગીરી માટે ઈજારદાર કંપનીના માણસો કામ કરવા આવ્યા હતા. આ તબકકે લિફટમાં અચાનક કરંટ લાગતા ત્રણેવ કર્મચારીઓ ફંગોળાઈ ગયા હતા. જેમાં લિફટના ખાડામાં પડેલા સાહીલ નામની વ્યક્તિનું મોત નીપજયું હતું જયારે બે ઘાયલ થઈગયા હતા બનાવની જાણ થતાં ત્રણેયને સારવાર માટે હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જયાં સારવાર મળે તે અગાઉ વધુ ઈજાગ્રસ્તનું મોત નીપજયું હોવાનું તબીબોએ જાહેર કર્યુ હોવાનું ઈજાગ્રસ્તોના પરિવારજનોએ જણાવ્યું હતું. તેઓએ એમ પણ જણાવ્યું હતું કે, લીફટની કામગીરી કરી રહેલાઓને કોઈ સુરક્ષાના સાધનો આપવામાં ન આવ્યા હોવાના આક્ષેપ કર્યા હતા.

## વડોદરા : બૂથ બહાર વહેંચાતા બટાકા-પૌંવા ખાતા ૨૦ લોકોની હાલત લથડી

**વડોદરા,** શહેરના ફતેગંજ પોલીસ સ્ટેશનની સામે રહેતા શ્રમજીવીઓ મતદાન બુથની બહાર ટેબલ ઉપર વહેંચવામાં આવેલા બટાકા-પૌંવા ખાવાને પગલે ફૂડ પોઈઝનિંગનો ભોગ બન્યા હતા. અંદાજે ૨૦ જેટલા બાળકોની તબિયત લથડતાં તેમને સારવાર માટે સયાજી હોસ્પિસ્ટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવની જાણ થતાં વિધાનસભાના મુખ્ય દંડક બાળકૃષ્ણ શુક્લ હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા.

શહેરના ફતેગંજ પોલીસ મથકની સામે રહેતા અને કોર્પોરેશનના કોન્ટ્રાક્ટને ત્યાં રોડ બનાવવા, પેવરબ્લોકની કામગીરી કરતાં શ્રમજીવીઓનો આજે મતદાન હોવાથી રજા આપવામાં આવી હતી. રજાને પગલે પોતાના વિસ્તારમાં ફરી રહેલા આ શ્રમજીવીઓ મહેસાણા નગર અને આસપાસના મતદાન બુથ બહાર ટેબલ ઉપર વહેંચવામાં આવેલા બટાકા-પૌંવા ખાતા અઢી વર્ષના બાળકથી લઈ ૨૬ વર્ષના યુવાનની તબિયત અચાનક લથડી હતી. ફૂડ પોઈઝનિંગને પગલે વોમિટીંગ અને ઉબકા આવતા દોડધામ મચી હતી. બનાવને પગલે ૧૦૮ દ્વારા તમામ દર્દીઓને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડાયા હતા.

## હિંમતનગરના વ્યાજખોરને પાસા હેઠળ રાજકોટ જેલમાં મોકલી અપાયો

**હિંમતનગર,** હિંમતનગરના ગિરધરનગરમાં રહેતા વ્યાજખોર શખ્સને પાસા એકટ અન્વયે અટકાયતી પગલાં લેવા હુકમ કરતાં સાબરકાંઠા પોલીસે શખ્સને રાજકોટ જેલમાં મોકલી આપતાં શહેરના વ્યાજખોરોમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

હિંમનગર બી ડિવિઝન પી.આઈ. આર.ટી.ઉદાવતના જણાવ્યાનુસાર હિંમતનગરના ગિરધરનગરમાં રહેતો ઈસમ લાલભાઈ ઉર્ફે આઝાદ ચેલાજી ભાટ ઉ.વ.૪૬ રહે.ગિરધરનગર, નિરાલી હોસ્પિટલ પાછળ, હિંમતનગર જિ.સાબરકાંઠા ઉપર હિંમતનગર શહેરમાં ગુજરાત મની લેન્ડર એકટ મુજબ ગુનાઓ દાખલ થયેલા હોવા છતાં અસામાજિક પ્રવૃત્તિ ચાલુ રાખી હતી અને લોકો પાસેથી ઊંચું વ્યાજ વસૂલવાનો ધંધો ચલાવે રાખતો હતો. જે આમ જનતા માટે ભયજનક હતું જે અન્વયે સાબારકાંઠા જિલ્લા પોલીસવડા વિજય પટેલે આ શખ્સ સામે પાસાની દરખાસ્ત કરવા સૂચના આપતા એલસીબીએ દરખાસ્ત તૈયાર કરી કલેકટરને મોકલી આપતાં કલેકટરે આ શખ્સ સામે પાસા હેઠળ અટકાયતી પગલાં લેવાનો હુકમ કરતાં પોલીસે તેને રાજકોટ જેલમાં મોકલી દીધો હતો. આ શખ્સ સામે હિંમતનગર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં મની લેન્ડર એકટના બે ગુનાઓ નોંધાયેલા હતા.

# મધ્ય ગુજરાત





ખેડા, આણંદ, વડોદરા જિલ્લાના સમાચારો

## વિઝન સ્કૂલ ઓફ સાયન્સ, નડીઆદનું ધો.૧૨નું ઝળહળતું પરિણામ

**(પ્રતિનિધિ) નડિયાદ,** ધો. ૧૨ સાયન્સ માર્ચ-૨૦૨૪નું પરિણામ જાહેર કરવામાં આવ્યું જેમાં શાળાના વિદ્યાર્થી રાવળ ધ્રુવ નિતીનભાઈએ છ૧ પ્રાપ્ત કરી સમગ્ર ખેડા જિલ્લામાં અગ્રક્રમ મેળવી નડીઆદ તથા શાળાનું ગૌરવ વધાર્યુ છે. જેમાં બોર્ડમાં 99.48 PR તથા ગુજકેટમાં ૧૨૦ માંથી ૧૧૭.૫૦ ગુણ સાથે 99.90 PR મેળવેલ છે. A1 ગ્રેડ પ્રાપ્ત કરનાર રાવળ ધ્રુવના પિતા છેલ્લા ૨૫ વર્ષથી રીક્ષા ચલાવે છે, ધ્રુવના જણાવ્યા મુજબ મારી સફળતાનું શ્રેય મારા માતા-પિતા, પરિવાર અને વિઝન સ્કૂલના તમામ શિક્ષકોને આપું છું. મેં મારી પોતાની મહેનતની સાથે સાથે વિઝન સ્કૂલના અવિરત માર્ગદર્શન અને શ્રેષ્ઠ શિક્ષણ પધ્ધતિ ધ્વારા બિલકુલ બહારના ટયુશન કે કોચિંગની મદદ સિવાય સફળતા મેળવી છે.

ઉપરાંત શાળાની સાચી દિશાની મહેનતથી મોમીન સલીમ, પ્રજાપતિ કૃમિ તથા સંધી મહંમદરેહાને સાયન્સના પરિણામમાં છ૨ ગ્રેડ મેળવેલ છે તેમજ શાળામાં B1 ગ્રેડ સાથે ૨૪ વિદ્યાર્થીઓ ઉર્તિણ થયા છે અને શાળાનું સાયન્સનું ઉત્કૃષ્ટ પરિણામ ૮૮.૭૫ ટકા આવેલ છે. શાળાનું ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં અંગ્રેજી માધ્યમનું જવલંત ૧૦૦ ટકા પરિણામ આવેલ છે, જેમાં ૧૫ વિદ્યાર્થીઓએ છ૨ ગ્રેડ પ્રાપ્ત કરેલ છે.

નડીઆદની વિઝન સ્કૂલ ઓફ સાયન્સે શિક્ષણ ક્ષેત્રે સફળતાના શિખરો સર કરી વર્ષ ૨૦૧૨થી સતત લગાતાર અત્યાર સુધી ખેડા જિલ્લાને ધો.૧૨ સાયન્સમાં ટોપર આપેલા છે, શાળામાં ભણતા સૌ વિદ્યાર્થીઓને એકપણ વિષયમાં કયારેય ટયુશન કે કોચિંગની જરૂર પડતી નથી. વિઝન સ્કૂલના સંચાલકો અને ટ્રસ્ટીઓ જાતે જ શિક્ષણ આપે છે. શાળાના ચેરમેન જીગ્નેશભાઈ પટેલ, ડીરેકટર પ્રવિણભાઈ પરમાર, આચાર્યશ્રી તથા શાળાના તમામ સ્ટાફે રાવળ ધ્રુવ તથા ઉર્તિણ થયેલ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા.

## E.V.M ને નસીરપુર ખાતે મધ્યસ્થ સ્ટ્રોંગરૂમ ખાતે સીલ કરવામા આવ્યા

**ગોધરા,** ૧૮ પંચમહાલ લોકસભા બેઠકની તા.૭ મે નાં રોજ શાંતિપૂર્ણ માહોલમાં મતદાન યોજાયા બાદ ગોધરા પાસે આવેલા નસીરપુર ખાતે મધ્યસ્થ સ્ટ્રોંગરૂમ ખાતે તમામ મતદાન સામગ્રી ખસેડયા બાદ સીલ કરવામાં આવ્યો હતો.

સમગ્ર પંચમહાલ લોકસભા બેઠક પર ગતરોજ શાંતિપૂર્ણ માહોલમાં મતદાન સંપન્ન થયું હતું, પંચમહાલ લોકસભા બેઠક પર ૫૮.૮૫ ટકા જેટલું મતદાન નોંધાયું હતું, મોડીસાંજે મતદાન સંપન્ન થયાં બાદ વિધાનસભા મતવિસ્તારના ઈવીએમ મશીન ડીસ્પેચિંગ સેન્ટર પર ઈવીએમ મશીન અને વીવીપીએટ મશિન એકત્રિત કરવામાં આવ્યા હતા, જે બાદ મોડીરાત્રે ગોધરા તાલુકાના નસીરપુર ખાતે આવેલા લોકસભા બેઠકના મધ્યસ્થ સ્ટ્રોંગરૂમ ખાતે તમામ મતદાન સામગ્રી ખસેડવામાં આવી હતી, બુધવારે સવારે તમામ રાજકીય પક્ષોના ઉમેદવારો, જિલ્લા ચૂંટણી અધિકારી, તેમજ લોકસભા બેઠકના જનરલ નિરીક્ષકની ઉપસ્થિતિમાં સ્ટ્રોંગરૂમ ખાતે તમામ ઈવીએમ અને વીવીપીએટ મશિન સિલ કરીને મૂકવામાં આવ્યા હતા, સાથે જ કેન્દ્રીય સુરક્ષા એજન્સીઓના સુરક્ષા ગાર્ડ સ્ટ્રોંગરૂમ ખાતે તૈનાત કરવામાં આવ્યા હતા, આગામી ચાર જૂનના રોજ તમામ ઉમેદવારોના ભાવિનો ફેંસલો સામે આવશે.





# મસાલા

## ઉનાળાની સિઝનમાં કલાકારોનું ફિટનેસ રુટીન કેવું હોય છે!

ભારતમાં ઉનાળો ચરમસીમાએ છે અને તે યોગ્ય અને અસરકારક સમરટાઈમ ફિટનેસ વર્કઆઉટ શાસન માગી લે છે. એન્ડટીવીના કલાકારોએ તેમના ફિટનેસ રુટીન્સ વિશે મજેદાર વાતો જણાવી અને આ બળબળતી ગરમીમાં તંદુરસ્ત રહેવાની જરૂર પર ભાર આપ્યો. આમાં આશુતોષ કુલકર્ણી (કિશન બિહારી વાજપેયી, અટલ), ગીતાંજલી મિશ્રા (રાજેશ, હપ્પુ કી ઉલટનપલટન) અને શુભાંગી અત્રે (અંગૂરી ભાભી, ભાભીજી ઘર પર હે)નો સમાવેશ થાય છે.

અટલનો આશુતોષ કુલકર્ણી ઉર્ફે ક્રિશન બિહારી વાજપેયી કહે છે, ''તંદુરસ્ત રહેવાની મારી કટિબદ્ધતા સાથે હું કોઈ બાંધછોડ કરતો નથી. હું મારા શરીરને હાઈડ્રેટેડ રાખવા માટે લીંબુ પાણી, કુકુંબર મિંટ અને તાજા ફળનો રસ જેવા હેલ્ધી અને તાજગીપૂર્ણ પીણાં પર આધાર રાખું છું. મારા વર્કઆઉટ રુટીન્સમાં સ્ટ્રેન્ગ્થ બિલ્ડિંગ બોડીવેઈટ કસરતો, જેમ કે, લંજીસ, પુશ-અપ્સ અને સ્કવેટ્સનો સમાવેશ થાય છે, જે મારા ઉપાપચયને જાળવવામાં મદદ કરે છે. તો ઉનાળાની ગરમીમાં પણ આપણા ફિટનેસનાં લક્ષ્યોને આપણે ભૂલવાં નહીં જોઈએ.×

હપ્પુ કી ઉલટન પલટનની ગીતાંજલી મિશ્રા ઉર્ફે રાજેશ કહે છે, ''સમરટાઈમ ફિટનેસ ટાળવા માટે બહાનું નહીં બનવા જોઈએ. મોટે ભાગે ગરમીને નામે લોકો કસરતો ટાળે છે અથવા ભરપૂર શુગર ધરાવતાં પીણાં પીએ છે, જે હેલ્ધી હોતાં નથી. સમરમાં સક્રિય રહેવું તે પડકારજનક કતામ છે, પરંતુ યોગ્ય કસરતો સાથે રુટીનમાં થોડી સુધારણા સાથે ગરમીને દૂર રાખી શકાય અને ઉનાળામાં ફિટ રહી શકાય છે. હું યોગા સાથે મારો દિવસ શરૂ કરું છું.હું ઉનાળામાં લગભગ રોજ નૈસર્ગિક ફળનો રસ પીઉં છું, જ્યારે પ્રાસંગિક મારી માતા દ્વારા બનાવવામાં આવતું આમ પન્ના પીણું માણું છું.'

ભાભીજી ઘર પર હૈની શુભાંગી અત્રે ઉર્ફે અંગૂરી ભાભી કહે છે, ×હું મારા રોજના વર્કઆઉટ રુટીન સાથે કોઈ બાંધછોડ કરતી નથી. વહેલી શૂટ્સ વચ્ચે હું મારો દિવસ શરૂ કરવા માટે એક કલાક યોગાને અગ્રતા આપું છું. ડાયેટની વાત આવે ત્યારે હું સખત ભોજન નિયોજનને બદલે સક્રિય જીવનશૈલીને અગ્રતા આપું છું, જે મારો દિવસ સુધારે છે. હું ખાસ કરીને ઉનાળામાં હલકો આહાર લઉં છું અને ઘણાં બધાં ઘરે બનાવેલાં હેલ્ધી જ્યુસ સાથે પોતાને હાઈડ્રેટેડ રાખું છું.''

## રોહિતાશ ગૌર ઉર્ફે મનમોહન તિવારીને લાગશે આઘાત!

એન્ડટીવી પર ભાભીજી ઘર પર હૈની નવી વાર્તામાં મનમોહન તિવારી (રોહિતાશ ગૌર) કચ્છા બનિયાન છેતરપિંડીમાં સપડાય છે, જેને લઈ હાસ્યસભર સ્થિતિ ઉદભવે છે. આગામી વાર્તા વિશે બોલતાં શુભાંગી અત્રે ઉર્ફે અંગૂરી ભાભી કહે છે, ''મેળાવડામાં તિવારી (રોહિતાશ ગૌર) જો ટૂંક સમયમાં જ મોટો ઓર્ડર નહીં મળે તો ગંભીર પરિણામો ભોગવવાં પડશે એવો ભય હોવાથી વેપારમાં સંઘર્ષ વિશે અનિતા (વિદિશા શ્રીવાસ્તવ) અને વિભૂતિ (આસીફ શેખ)ને જાણકારી આપે છે. વિભૂતિ પર વિશ્વાસ મૂકીને અંગૂરી તિવારી માટે જે પણ આવો મોટો ઓર્ડર લાવી આપશે તેને માટે તેની પાસેનું બધું જ પુરસ્કારમાં આપશે એવું વચન આપે છે.



લાલચમાં આવીને વિભૂતિ પ્રેમ (વિશ્વજિત સોની) થકી મોટો ઓર્ડર અપાવે છે, જે દાવો કરે છે કે તેનો લંડનનો મિત્ર એન્ડરસન દસ દિવસમાં કચ્છા અને બનિયાનના હજારો નંગો ખરીદી કરવા માગે છે. તિવારી અને અંગૂરીની ખુશીનો કોઈ પાર રહેતો નથી. આ પછી વિભૂતિ અંગૂરીને તેના વચનની યાદ અપાવે છે અને તેના આશ્ચર્ય વચ્ચે તે વિભૂતિને પુરસ્કારમાં તેની દાદીનો હાથરૂમાલ, બાળપણની ડોલ અને તેની ફેવરીટ બકરીના વાળ સહિતની તેની વહાલી ચીજો આપે છે, જેને લઈ વિભૂતિ સ્તબ્ધ રહી જાય છે.×

રોહિતાશ ગૌર ઉર્ફે મનમોહન તિવારી ઉમેરે છે, ×ઓર્ડર પૂર્ણ કરવા માટે તિવારી મોડર્ન કોલોનીના શ્રમિકોને કામે રાખે છે. બધા જ લાગલગાટ દસ દિવસ સુધી સખત મહેનત કરે છે. જોકે વિભૂતિ પાર્સલ સુપરત કરવા જાય છે ત્યારે પ્રેમ જણાવે છે કે એન્ડરસનની યોજના છેતરામણી હતી. વિભૂતિ તિવારીને આ વાતની જાણ કરે છે, જેથી તેને આંચકો લાગે છે અને તે વિચિત્ર વર્તન શરૂ કરે છે.×

આ નવી વાર્તા સાથે તિવારી કચ્છા બનિયાન છેતરપિંડીમાંથી પોતાને કઈ રીતે બહાર કાઢે છે તે જોવાનું રસપ્રદ બની રહેસે. શું વિભૂતિ અને અનિતા તેના બચાવમાં આવશે? આ હાસ્યનું હુલ્લડ બની રહેશે!

## યેશા રૂઘાણીના મેકઅપ રૂમના ઇન્ટિરિયર પર એક નજર કરીએ!

ઝી ટીવીનો શો રબ સે હૈં દુઆ એ તેના સંબંધો અને સામાજિક નિયમોની જટિલતાની આસપાસ ફરતી વાર્તાથી દર્શકોને આકર્ષિત કરી રહ્યો છે. આ શોમાં હાલ તેના મુખ્ય પાત્રોના સંબંધોમાં આવતા જોરદાર વણાંકોથી તેના રસપ્રદ પ્રવાસની શરૂઆત કરી રહ્યો છે. હાલ તો સુભાન, મન્નત અને ઈબાદતના પાત્ર જે કરી રહ્યા છે અનુક્રમે ધીરજ ધૂપર, સીરત કપૂર અને યેશા રૂઘાણીના પ્રેમ, પરિવાર અને આદર્શોની વચ્ચે ઉભા થતા તનાવ પર વાર્તા કેન્દ્રિત છે. એક કલાકાર તેનો મોટાભાગનો સમય સેટ પર વિતાવે છે. સેટ તેનું બીજું ઘર બની જાય છે, તેથી જ તેમના માટે એ જરૂરી છે કે, તેમને શોટ પછી પણ થોડો આરામમ મળે. સેટ પર શાંતિ શોધવા માટે યેશાએ તેના મેક-અપ રૂમને એક સંપૂર્ણ બોહો-સ્ટાઈલ રૂમમાં બદલાવ્યો છે, જે સૌંદર્યલક્ષી છે, જેમાં વિવિધ સંસ્કૃતિઓ અને કલાત્મક અભિવ્યક્તિઓને એક શૈલીમાં મિશ્રણ કર્યું છે, જે યેશાના સ્વતંત્ર જુસ્સાદાર વ્યક્તિત્વનું નિરૂપણ કરે છે. રંગીન પેટર્ન અને ટેક્સચર્સથી લઈને સુંદર વોલ હેંગિંગ્સ સુધી, તેનો રૂમ સંપૂર્ણપણે બદલાવી દીધો છે. યેશા તેના રૂમ માટે આકર્ષક વસ્તુઓ લઈ આવે છે અને આ અલગ જ ઘર સજાવવાની આદત તેને થોડા વર્ષો પહેલાથી જ શરૂ કરી છે.



યેશા રૂઘાણી કહે છે, ''સેટ પરનો મારો મેકઅપ રૂમ એ એવી જગ્યા છે, જ્યાં હું મારા મોટાભાગનો સમય વિતાવું છું. તેથી જ એ જગ્યાને મારા માટે આરામદાયી રીતે બનાવવાનો વિચાર આવ્યો. એક એવી જગ્યા જ્યાં મારે કામ પણ છે અને મારો રૂમ મને અજાણ્યો પણ ન લાગે એ વિચારી કરીને મેં મારા રૂમને મારી સ્ટાઈલથી સજાવવાનું નક્કી કર્યું. મેં બોહેમિયન થીમ લીધી. તો સજાવટ એ વિવિધ સંસ્કૃતિ અને કલાને વ્યક્ત કરવાનું સંયોજન હતું, તેને મને સકારાત્મક રીતે ચાર્જ કરી અને ક્રિએટિવ રીતે પ્રેરિત કરી જેથી હું કેમેરાની સામે મારું શ્રેષ્ઠ આપી શકું. મારા રૂમમાં એક નાનકડું રસોઈઘર પણ છે, જ્યાં હું દિવસ દરમિયાન મારા પસંદગીના પીણા પણ બનાવી શકું છું.'' તે ઉમેરે છે, ''મારા રૂમના અરીસા પર એક ઈવિલ આઈ પણ છે, જે મારા દિલથી નજીક છે, કેમકે તેને જોઈને મને હંમેશા એવું લાગે છે કે, મારા પરિવારના લોકો મારી નજર સામે ન હોવા છતા પણ મારું ધ્યાન રાખી રહ્યા છે.''

# ગામે ગામના સમાચાર

## રાજકોટ બેઠકની ચુંટણી શાંતિપૂર્ણ રહેતાં સીપીને ડીજીપીના અભિનંદન

**રાજકોટ,**
રાજકોટ સહીત રાજયભરમાં લોકસભા ચૂંટણીનું ગઈકાલે શાંતિપુર્ણ મતદાન યોજાઈ ગયું હતું. જેમાં રાજયભરમાં એકાદ અપવાદને બાદ કરી કાયદો અને વ્યવસ્થા જાળવવામાં પોલીસ એક તબકકે સફળ નીવડી છે. ત્યારે રાજયની હોટ અને સંવેદનશીલ કહેવતી રાજકોટ લોકસભામાં મતદાન નિવીધ્ને પુર્ણ થતાં ડીજીપી વિકાસ સહાયએ શહેર પોલીસ કમીશ્નર રાજુ ભાર્ગને શાબાશી સાથે અભિનંદન પાઠવ્યા હતાં.

રાજકોટ લોકસભા સીટીના ભાજપના ઉમેદવારે ચુંટણી પ્રચાર દરમ્યાન એક વિવાદીત ટીપ્પણી કરતાં ક્ષત્રીય સમાજ નારાજ થયો હતો અને આંદોલનના મંડાણ થયાં હતાં. આ સ્થિતી ચૂંટણી અને મતદાન દરમ્યાન વણસે નહી તેની જવાબદારી રાજકોટ શહેર પોલીસની હતી. તેમજ શહેરની નજીક રતનપરમાં ક્ષત્રીય સમાજનું મહાસંમેલન મળ્યાં બાદ આગળ જતાં સ્થિતી ગંભીર બનશે તેવી દહેશતથી ગૃહ વિભાગ પણ સક્રીય થઈ ગયો હતો. ખાસ રાજય પોલીસ વડા વિકાસ સહાય આ બાબતે ગંભીર બની જે દિવસથી આંદોલનના મંડાણ થયાં ત્યારથી સતત દરરોજ પોલીસ કમીશ્નર રાજુ ભાર્ગવના સંપર્કમાં હતાં. અને શહેરની ગ્રાઉન્ડ ઝીરોની માહિતી સાથે અપડેટ થતાં હતાં.

## ચોટીલાના રાજવડમાં યુવકની સળગેલી લાશ મળીઃ હત્યાના આરોપ સાથે ચકકાજામ

**ચોટીલા પાસે ટોળાએ હાઈવે બંધ કરાવી પોલીસ સ્ટેશનનો ઘેરાવ કર્યો**

**સુરેન્દ્રનગર,**
સુરેન્દ્રનગરના ચોટીલાના રાજાવાડ ગામમાં રહેતા અને ચાર દિવસથી ગુમ યુવકની આજે સળગેલી હાલતમાં લાશ મળતાં વિવાદ સર્જાયો છે. આ યુવકની હત્યા કરી લાશને સળગાવી નાખી હોવાનો પરીવારજનોએ આક્ષેપ કર્યો હતો. આ સાથે પરીવારજનો અને ગામલોકોએ લાશ સ્વીકારવાનો ઈનકાર કરી ચોટીલા પાસે નેશનલ હાઈવે પર ચકકાજામ કરી દેતા પોલીસતંત્રમાં દોડધામ મચી હતી. હાઈવે પરથી લોકોને દુર કરતા ટોળાએ પોલીસ સ્ટેશનનો ઘેરાવ કર્યો હતો. આ ઘટનાના પગલે સુરેન્દ્રનગર એસપી, ડીવાયએસપી સહીતનો પોલીસ કાફલો ચોટીલા પહોચ્યો છે. અને સમગ્ર મામલે તપાસ હાથ ધરી છે.

સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ, સુરેન્દ્રનગરના ચોટીલા તાલુકાના રાજાવાડ ગામમાં રહેતો દીલીપ વાઘેલા નામનો યુવક ચાર દિવસથી ગુમ હતો. જેની આજે દેવસર ગામની સીમમાંથી સળગેલી હાલતમાં લાશ મળી આવી હતી. ઘટનાની જાણ થતા ચોટીલા પોલીસ તુરંત ઘટના સ્થળ પર પહોચી લાશને પીએમ માટે ચોટીલા હોસ્પિટલ ખસેડી હતી. જયાં મૃતકના પરીવારજનો અને ગામલોકો એકઠા થયા હતા. અને દીલીપની હત્યા કરી લાશને સળગાવી નાખી હોવાનો આક્ષેપ કર્યો હત. લોકોએઅ રોષે ભરાઈને રાજકોટ-અમદાવાદ હાઈવે પર ચોટીલા પાસે ચકકાજામ કર્યો હતો. અને બાદમાં ચોટીલા પોલીસ સ્ટેશનનો ઘેરાવ કરી સુત્રોચ્ચાર કર્યો હતો.

ચોટીલામાં ચકકાજામ અને પોલીસ સ્ટેશનનો ઘેરાવ થતા જ એસપી અને ડીવાયએસપી સહીતનો કાફલો ચોટીલા પહોચ્યો હતો. હાઈવે પર પોલીસના ધાડેધાડ ઉતરી પડયા હતા અને લોકોને દૂર કર્યા હતા. પોલીસ સ્ટેશન પર પણ કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. દીલીપ વાઘેલાની હત્યા કરાઈ હોવાનો પરીવારજનોએ આક્ષેપ કરતા પોલીસ મોતનું ચોકકસ કારણ જાણવા માટે લાશનો ફોરેન્સીક પીએમ કરાવવાનો નિર્ણય કર્યો છે. અને લાશને રાજકોટ મોકલવામાં આવી છે. પોલીસની પ્રાથમીક તપાસમાં જુની અદાવતમાં આ બન્યો હોવાનું સામે આવ્યું છે.

આ મામલે મૃતકના પરીવારજનોની ફરીયાદ લેવા માટે પણ તજવીજ હાથ ધરવામાં આવી છે. હાલ સ્થિત સંપૂર્ણ કાબુમાં હોવાનું જાણવા મળયું છે.

## તળાજામાં સગીરાએ જ ૧૮૧ ટીમને ફોન કરી પોતાના બાળ લગ્ન અટકાવ્યા

**તળાજા,**
તળાજાના ગોરખી દરવાજા રોડ પર યોજાઈ રહેલા બાળ લગ્નને ૧૮૧ અને બાળ લગ્ન પ્રતીબબંધ અધિકારીએ પોલીસની મદદ લઈને અટકાવ્યા હતા. પોલીસે જણાવ્યું હતું કે દુલ્હન અને દુલ્હા બંને કાયદા મુજબ નિકાહની ઉંમરના ન હતા. બંને પક્ષનું નિવેદન લેવામાં આવ્યું હતું.

તળાજામાં ચકચાર મચાવતા બનાવની ૧૮૧ ની ટીમ પાસેથી મળતી વિગતો મુજબ સવારે ૧૮૧ ને તળાજાની એક સગીરાનો ફોન આવ્યો હતો. આ સગીરાને ઈચ્છા નહોતી કે પોતાના બાળ લગ્ન થાય. આથી ૧૮૧ ની ટીમને ફોન કરતા ટીમ તળાજા ખાતે દોડી આવી હતી.

૧૮૧ ના પોલીસ નિશાબા વાળાએ માહીતી આપતા જણાવ્યું હતું કે સગીરા દુલ્હનનો જ કોલ આવ્યો હોય તપાસ અર્થે દોડી આવ્યા હતા. તળાજા પોલીસની મદદ લઈને તપાસ હાથ ધરી હતી. નિકાહ સ્થળ ગોરખી દરવાજા રોડ પર આવેલ સમાજની જગ્યા હોય ત્યાં તપાસ કરતા સગીરા દુલ્હન મળી આવી નહોતી. તે બ્યુટી પાર્લરમાં ગઈ હોવાનું જાણવા મળ્યું હતું.

તપાસમાં જે છોકરીના નિકાહ હતા તેની ઉંમર માત્ર પંદર વર્ષ એક માસ હતી. જયારે અમદાવાદથી નિકાહ કરવા આવેલ દુલ્હો પણ ૨૦ જ વર્ષનો હોય કાયદાની દ્રષ્ટિએ બંને નિકાહ કરવાની ઉંમર ધરાવતા ન હતા.

આથી બંને પક્ષના વ્યકિતઓ વિરુધ્ધ ફોજદારી રાહે ગુન્હો નોંધવાના બદલે બાળ લગ્ન પ્રતીબંધક અધિકારી દ્વારા અમને લગ્ન કરવા માટે કઈ ઉંમર હોવી જોઈએ તેનો ખ્યાલ ન હોય તેવું નિવેદન નોધાયો હતું. આ નિકાહ થતા અટકાવ્યા હતા. વરરાજા પક્ષ બોટાદના લાખીયાણીના મુળ રહેવાસી છે. તેઓ હાલ અમદાવાદ રહેતા હોય ત્યાંથી જાન લઈને તળાજા આવ્યા હતા.

આ કામગીરીમાં ૧૮૧ ના નિશાબા ગોહીલ કોમલબેન પરમાર પાયલોટ પ્રદીપભાઈ પરમાર તળાજા પોલીસ અને બાળલગ્ન પ્રતીબંધક અધિકારી જોડાયા હતા.

## સગીરા પર દુષ્કર્મ બાદ હત્યાનો પ્રયાસ કરનારને આજીવન કેદ

**(પ્રતિનિધિ) ભરૂચ,**
અંકલેશ્વર પંથકના એક ગામમાં પરપ્રાંતીય નરાધમે ૧૩ વર્ષ પહેલા સગીરાને લસણ ફોલવા તથા ચોકલેટ આપવાના બહાને ફરિયાદીના વાલીપણા માંથી સગીરાને લઈ જઈ એકલતાનો લાભ લઈ નરાધમે ટીવીનો અવાજ વધારી સગીરા નું મોઢું દબાવી તેની ઉપર બળજબરી પૂર્વક બળાત્કાર કરતા તેમજ ગળું દબાવી હત્યાનો પ્રયાસ કરાયો હોવાના મામલે અંકલેશ્વર કોર્ટે નરાધમ પરપ્રાંતીય ને આજીવન કારાવાસ ની સખ્ત સજા તથા ભોગ બનનારને એક લાખનું વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે.

આ સમગ્ર કેસ અંકલેશ્વરના એડિશનલ એન્ડ ડીસ્ટ્રીકટ સેશન્સ કોર્ટ જજ કાલોતરા સાહેબ સમક્ષ ચાલી જતા ભોગ બનનાર ફરિયાદી પક્ષે જીલ્લા સરકારી વકીલ પરેશ બી પંડયાએ તમામ મેડિકલ રિપોર્ટ,આધાર પુરાવા તથા સાક્ષીઓને તપાસતા આખરે ગુનાને અંજામ આપનાર નરાધમને આજીવન કારાવાસની સજા તથા ભોગ બનનારને એક લાખનું વળતર ચૂકવવાનો હુકમ કરતા ભોગ બનનાર ના પરિવાજનો એ મુખ્ય સરકારી વકીલ અને ન્યાયાલયનો આભાર માન્યો હતો. ભરૂચ જીલ્લામાં ઘર આંગણે રમતી બાળકીઓ,ખાનગી ટ્યુશનમાં જતી બાળકીઓ,શાળા અને કોલેજોમાં પણ બાળકીઓ સુરક્ષિત નથી અને ન્યાયાલયમાં આજે જે ચુકાદો આવ્યો છે તેમાં સગીરા ઉપર બળાત્કારના પ્રયાસ અને હત્યાના પ્રયાસ તથા પોક્સો એક્ટ હેઠળ નરાધમ ને આજીવન કારાવાસની સજા કરી છે

## ઉત્પાદન થતાં બધાં જ ખાદ્યતેલનું નવા ટીનમાં પેકિંગ ખૂબ મુશ્કેલ

**જુના ટીન સામે ખોરાક અને ઔષધ નિયમન તંત્રની ઝુંબેશ સામે તેલ સંગઠનની રજુઆત**

**રાજકોટ,**
ખાધતેલોનું પેકીગ જુના ડબ્બામાં કરવા સામે ગુજરાતના ખોરાક અને ઔષધ નિયમન તંત્રએ લાલ આંખ કરી છે. અને આ પ્રકારે થતું પેકીગ અટકાવીને પગલાં ભરવાની કડક સુચના જાહેર કરવામાં આવી છે. આ નિયમની અમલવારી બિનજરૂરી છે તેવી રજુઆત ગુજરાત સ્ટેટ એડીબલ ઓઈલ્સ એન્ડ ઓઈલ સીડઝ એસોસીએશન દ્વારા કરવામાં આવી છે.

સંગઠને કરેલી રજુઆતમાં જણાવ્યું છે કે, વર્ષોથી જુનો ટીનમાં ખાધતેલ ભરવા પર પ્રતીબંધ છે. પણ તેની કડક અમલવારી નથી થઈ કારણ કે આ કાયદો જ બિનજરૂરી છે. વર્ષોથી આ રીતે તેલ ભરાતું આવ્યું છે. અને કોઈનાં આરોગ્યની સામે જોખમ ઉભું થયાનું જાણવા આવ્યું નથી કારણ કે, હરીફાઈના યુગમાં પેકસો ચોકસાઈ અને સ્વચ્છતા રાખીને જ પેક કરે છે. જુના ડબામાં કયારેક કાટ લાગે છે. પણ એ બહારથી લાગે છે. અંદરની બાજુએ તેલનો સંપર્ક થયો હોય એટલે એમાં કાટ લાગવાની સંભાવના નહીવત છે. ઉલટું હવે નવા ડબા તથા પ્લાસ્ટીક પેકમાં તેલનો ઉપયોગ થાય છે. માત્ર બલ્કમાં જુના ડબાનો ઉપયોગ થાય છે. જે ફરસાણ બનાવનાર-કે હોટલ રેસ્ટોરાં વાપરે છે જયાં તરત વપરાશ થઈ જતા હોવાથી તેલની ગુણવત્તા પર પણ અસર થતી નથી. આમ તાત્કાલીક અસરથી જુના ડબાનો ઉપયોગ બંધ કરવો યોગ્ય નથી. બલ્ક વપરાશકારોના કપાસીયા અને પામતેલ વધારે વપરાય છે.

સંગઠને કહયું કે ઉત્પાદન થતું બધું જ તેલ નવા ટીનમાં પેક કરાય તો ટીનની ઉપલબ્ધી જ ઓછી છે. ભારતમાં ઉત્પાદકો જ ઓછા છે. ૧૦૦૦ ડબાની જરૂર હોય તો સામે માત્ર ૬૦૦-૭૦૦ ડબા જ ઉત્પાદકો પાસેથી મળે છે. તૈયાર થઈને આવતા ડબામાં પણ ઉત્પાદન પ્રક્રિયયા દરમ્યાન ચોકસાઈ ન રખાઈ હોય ત્યારે લીકેજ ગોબા, પડવા ઉપરાંત કડી તુટવાની ફરીયાદ છે. આમ ખાલી ડબાનું ઉત્પાદન વધવાની શરૂઆત ન થાય ત્યાં સુધી આ જડ નિયમનો અમલ શકય નથી. જો આમ થાય તો ડબાના વાંકે તેલનો પુરવઠો બજારમાંથી ઘટી જશે.

જુના ડબામાં તેલ ભરીને નફાખોરી કરાતી હોવાનો આક્ષેપ છે. એ બેબુનીયાદ છે. કારણ કે જુના ડબામાં વેચાતું તેલ નવા કરતા રૂા.૫૦-૭૦ નીચું મળે છે. અને ખાલી થાય ત્યારે તે ઘરેથી રૂ.૨૫-૩૦માં ગ્રાહક ભંગારમાં વેચે છે. જો રીસાયકલ ટીનનો ઉપયોગ બંધ કરાશે તો જુના ડબાનો કોઈ ભાવ ભવીષ્યમાં મળશે નહી. સરકારે નિયમની અમલવારી પુર્વે તેલ ઉધોગગ સાથે ચર્ચા કરવી જોઈએ.

## ઝઘડિયાના ખાલક કંપની પ્રાથમિક શાળાના શિક્ષકનો વિદાય સમારંભ યોજાયો

**(પ્રતિનિધિ) ભરૂચ,**
ભરૂચ જીલ્લાના ઝઘડિયા તાલુકાના ખાલક કંપની ગામે પ્રાથમિક શાળાના નિવૃત્ત થતા શિક્ષકનો વિદાય સહ સન્માન સમારોહ ઝઘડિયા વિધાનસભાના ધારાસભ્ય રિતેશ વસાવાની ઉપસ્થિતિમાં યોજાયો હતો.

મળતી વિગતો મુજબ ખાલક કંપની પ્રાથમિક શાળામાં છેલ્લા ૧૧ વર્ષથી શિક્ષક તરીકે ફરજ બજાવનાર સુબોધચંદ્ર જશભાઈ દેસાઈ વય મર્યાદાને લઈને નિવૃત થતા તેમને વિદાય આપવાનો કાર્યક્રમ શાળામાં યોજાયો હતો.આયોજીત કાર્યક્રમમાં શાળાના શિક્ષકો, ગામ અગ્રણીઓ, વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમમાં અગ્રણીઓએ નિવૃત થતા શિક્ષકે તેમના ફરજ સમય દરમ્યાન આપેલ શૈક્ષણિક સેવાઓને બિરદાવી હતી.આ પ્રસંગે નિવૃત્ત થતા શિક્ષક સુબોધચંદ્ર દેસાઈએ શાળા સાથેના તેમના૧૧ વર્ષના સંભારણા યાદ કર્યા હતા તેમજ શાળાના સહ શિક્ષકો અને બાળકોએ તેમને આપેલ સહકારને યાદ કરીને સહુ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરી હતી.તેમજ તેમના નિવૃત્તિ સમયે તેમને બહુમાન આપવા સમારોહનું આયોજન કરવા બદલ પણ આયોજકોનો આભાર માન્યો હતો.



(તસ્વીરઃ વિરલ રાણા, ભરૂચ)

આ પ્રસંગે તેમણે બાળકોને અનુરોધ કર્યો હતો કે તેઓ ઉચ્ચ શિક્ષણ મેળવવા કટિબધ્ધ બને અને ભવિષ્યમાં એક શિક્ષિત ભારતીય નાગરીક તરીકે રાષ્ટ્રના સાર્વત્રિક વિકાસ માટે પોતાનું યથાયોગ્ય યોગદાન આપવા આગળ આવે તેવી અપીલ કરી હતી. આ પ્રસંગે શાળાના શિક્ષકને વિદાયમાન આપતા બાળકો પણ ભાવવિભોર બન્યા હતા.કાર્યક્રમને અંતે આયોજકોએ કાર્યક્રમને સફળ બનાવવા બદલ ઉપસ્થિત સહુનો આભાર માન્યો હતો.

## સંક્ષિપ્ત સમાચાર

### સલાયામાં પ્રજ્ઞાચક્ષુ મતદારે બ્રેઈલ લિપીથી કર્યું મતદાન

સલાયાઃ જામનગરના સલાયામાં આજે સવારથી જ મતદાન માટે લોકોએ ઉત્સાહ દર્શાવ્યો હતો. પ્રજ્ઞાચક્ષુ મતદારે લીપીથી મતદાન કર્યું હતું. સલાયામાં તમામ બુથ પર તંત્ર દ્વારા ખૂબ જ સુંદર વ્યવસ્થા કરાઈ હતી. હીટવેવ ને ધ્યાને લઈને અને મેડીકલ કિટ પણ હાજર રાખેલી હતી. સલાયામાં સવારે ૧૧ વાગ્યા સુધી પ્રથમ ૪ કલાકમાં મતદાન કરનારા વર્ગમાં મહીલાઓનું પ્રમાણ વધું હતું. જેમાં ૨૮૯ મહીલાઓ અને ૨૧૩૨ પુરુષોએ મતદાન કર્યું હતું. ચુંટણીમં મતદાન કરવા મતદારોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહયો હતો.

### મુકતાનંદ બાપુના જન્મદિને પુસ્તક તુલા કરવામાં આવશે

રાજકોટઃ આગામી તારીખ ૧૭મીના રોજ મુકતાનંદ બાપુનો જન્મદીને છે. આ જન્મોત્સવના વધામણા કરવા જુનાગઢ ખાતે વાંચન વલોણું પરીવાર અને શ્રે પ્રેમાનંદ સ્કુલના સંયુકત ઉપક્રમે મુકતાનંદ બાપુની પુસ્તકતુલા કરવામાં આવશે. તુલા થયેલા આ પુસ્તકો વાંચન વલોણું સંસ્થા દ્વારા જુનાગઢના વાંચનપ્રેમીઓ માટે ઓપન લાઈબ્રેરી સ્વરૂપે રાખવામાં આવશે. આ ઉપરાંત આ પુસ્તકો જુનાગઢની વિવિધ શાળાઓમાં વિધાર્થીઓને વાંચન માટે મુકવામાં આવશે. આ પુસ્તકતુલા માટે કોઈપણ વ્યકિત કે સંસ્થા પુસ્તક દાન કરી શકે છે. પુસ્તક શ્રી પ્રેમાનંદ સ્કુલ બીલનાથ મંદીર પાસે વંથલી રોડ જુનાગઢ અને સાયન્સ મ્યુઝીયમ ફાયર સ્ટેશન સામે ગીરનાર રોડ જુનાગઢ ખાતે તારીખ ૧૫મી મે સુધીમાં મોકલાવી આપવા અનુરોધ કરાયો છે.

### વાવમાં મતદાનનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ કરનાર સામે ફરિયાદ

**વાવ,**
ભારતના ચૂંટણી પંચની માર્ગદર્શિકા મુજબ મતદાન મથકમાં મતદારોને મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ છે. પરંતુ વાવ વિધાનસભા મતદાર વિભાગના બુથ નં.૧૩૫ જાનાવાડા-૧ પર મતદાન સમયે કોઈ અસામાજિક તત્ત્વ દ્વારા ઈવીએમ મશીનમાં મતદાન કરતો વીડિયો ઉતારી સોશિયલ મીડિયામાં વાયરલ કરાયો હતો. જે મામલાને ગંભીરતાથી લઈ જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા મદદનીશ ચૂંટણી અધિકારી સૂઈગામને આ બાબતે કાયદેસરની કાર્યવાહી કરવા માટે સૂચના આપવામાં આવી હતી. ત્યારબાદ આ મામલે તપાસ કરી ઝોનલ અધિકારીએ લોક પ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની કલમ ૧૨૮ અને ભારતીય દંડ સંહિતાની કલમ ૧૭૧-એફ હેઠળ વાવ પોલીસ મથકે ફરિયાદ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી.

### હિરાપુરકંપા ગામે હનુમાનજીના નવા મંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવાયો

**મોડાસા,**
અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકામાં હિરાપુરકંપા ગામ ખાતે ગ્રામજનોના સહિયારા તેમજ દાતાઓના પ્રયત્નથી હનુમાનજીના નૂતન મંદિર ભાવ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. જેમાં વિવિધ વૈદિક મંત્રોચ્ચાર સાથે અને હોમ-હવન યજ્ઞ કરી હનુમાનજી મંદિરનો પ્રતિષ્ઠા મહોત્સવ યોજાયો હતો. કાર્યક્રમના પ્રથમ દિવસે વડીલ વંદના સાથે મહોત્સવની શરૂઆત કરવામાં આવી હતી. ઉપરાંત ભગવાનની યાત્રા રથયાત્રા સ્વરૂપે કાઢી હતી. વિવિધ વિસ્તારોમાં આ યાત્રાનું પરિભ્રમણ કર્યું હતું. આમ ત્રણ દિવસીય કાર્યક્રમમાં ગ્રામજનો અને નવ યુવાનો સહિત દાતાઓએ જહેમત ઉઠાવી હતી જેમાં નરેશભાઈ પટેલ તેમજ સાબરડેરીના હિતેશભાઈ બી.પટેલ તથા અશોકભાઈ પટેલ સહિત યુવક-યુવતીઓના મંડળ દ્વારા ભાવ પ્રતિષ્ઠા મહોત્સવને સફળ બનાવ્યો હતો.

### ગરમીનો પ્રકોપ વધતા ગુજરાતમાં હીટ સ્ટ્રોકના કેસમાં પણ વધારો

**અમદાવાદ,**
હાલ ગરમી સાતમાં આસમાને અને હજુ પણ ગરમી વધવાની છે તેવું માનવામાં આવી રહ્યું છે. જેના કારણસર હાલ રાજયમાં અને શહેરમાં બીમારીમાં ધડખમ વધારો જોવા મળી રહ્યો છે. ગુજરાતમાં ૭ દિવસમાં ૪૬૫ લોકો ગરમીની બીમારીથી શિકાર બન્યા.ગુજરાતમાં ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે તેનાથી બીમાર પડનારાની સંખ્યા પણ વધી રહી છે.એપ્રિલ માસમાં ગુજરાતમાં ગરમીને લગતી બીમારીના ૨૦૬૭ કેસ નોંધાયા હતા. જેમાં તાવના ૧૭૭૫ , ચક્કર આવવાથી પડી જવાના ૨૨, હીટસ્ટ્રોકના ૧૮ અને માથામાં સખત દુઃખાવાના ૨૦૬૭ કેસનો સમાવેશ થાય છે. આ સ્થિતિએ એપ્રિલમાં ગરમીને લગતી બીમારીના રોજના સરેરાશ ૬૯ કેસ નોંધાયા હતા.

**ડો. કિરણ. સી. પટેલ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર દ્વારા**

## ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ૧.૬ કરોડના ખર્ચે સીટી સ્કેન મશીનનો શુભારંભ

**(પ્રતિનિધિ) ભરૂચ,**
ભરૂચ સિવિલ હોસ્પિટલમાં ડૉ.કિરણ.સી.પટેલ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર દ્વારા રૂ.૧.૬ કરોડના ખર્ચે ૬૪ સ્લાઈસનુ સીટી સ્કેન મશીનનો શુભારંભ કરાયો હતો.જેથી અકસ્માતમાં માથામાં થયેલા ઈજાગ્રસ્તોને સિવિલ હોસ્પિટલમાં જ સીટી સ્કેન કરાવવાની સુવિધાઓ નજીવા ખર્ચે મળી રહેનાર છે.

ભરૂચ સિવિલ હોસ્પિટલનું સંચાલન જયાંથી ડૉ ડૉ.કિરણ.સી.પટેલ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટરના સંચાલકો દ્વારા હાથમાં લેવામાં આવ્યું છે ત્યારથી સિવિલ હોસ્પિટલમાં અનેક મેડિકલ સુવિધાઓ ઉપલબ્ધ થઈ રહી છે.જેમાં વધુ એક સુવિધાનો આજ રોજ શુભારંભ કરાયો છે.ભરૂચ જિલ્લામાં અનેક ઔદ્યોગિક વસાહતો અને માર્ગ અકસ્માતોમાં અનેક લોકોને માથામાં ગંભીર ઈજાઓ પહોચતા તેમને ખાનગી સીટી સ્કેન સેન્ટરમાં મોટી રકમ ખર્ચીને સીટી સ્કેન કરાવવા માટે જવું પડતું હતું.જેનું ધ્યાન રાખીને ડૉ.કિરણ.સી.પટેલ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટર દ્વારા દર્દીઓ માટે ટ્રોમા સેન્ટર ખાતે રૂ.૧.૬ કરોડના ખર્ચે ૬૪ સ્લાઈસનુ અત્યાધુનિક સીટી સ્કેન મશીનનો મંગાવી તેનું ઈન્સ્ટોલેશન કરાવી આજ રોજ વિધિવત રીતે શુભારંભ કરાયો હતો. ડૉ.કિરણ.સી.પટેલ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટરના ચીફ મેડિકલ ડાયરેક્ટર ડૉ.મિતેષ શાહના વરદ હસ્તે રિબિન કાપી શુભારંભ કરાયો હતો.આ પ્રસંગે ડૉ.કિરણ.સી.પટેલ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટરના એડમિનિસ્ટ્રેશન હેડ ડૉ.ગોપીકા મેખિયા અને ડૉ.પરાગ પંડ્યા સહિત મોટી સંખ્યામાં સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.જઆ અંગે ડૉ.કિરણ.સી.પટેલ મેડિકલ કોલેજ એન્ડ રિસર્ચ સેન્ટરના ચીફ મેડિકલ ડાયરેક્ટર ડૉ.મિતેષ શાહે મીડિયા સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે,આ એક ૬૪ સ્લાઈસનુ અત્યાધુનિક સીટી સ્કેન મશીનને આજથી કાર્યકત કરવામાં આવ્યું છે.પરંતુ દર્દીઓ પાસે તેની ફિસ કઈ રીતે લેવી તે અંગે કલેકટર કચેરીમાં દરખાસ્ત કરવામાં આવી છે.જે સંકલન સમિતિમાં લેવાયા બાદ નક્કી કરવામાં આવશે.પરતું અમારી સંસ્થા દ્વારા લોકોને નજીવા દરે આ સુવિધા મળી રહે તેવા પ્રયત્નો કરાઈ રહ્યા છે.



(તસ્વીરઃ વિરલ રાણા, ભરૂચ)

## ભાવનગરમાં પ્રતાપભાઈ શાહની પુણ્યતિથિએ નિદાન કેમ્પ યોજાયો

**ભાવનગર,**
ભાવનગરના એક સમયમાં મહાજન સૌરાષ્ટ્ર સમાચારના સ્થાપક તંત્રી, રાજયના પુર્વ નાણા મંત્રી અને અનેક સંસ્થાઓના પાયામાં રહેલા તથા રેડક્રોસ સોસાયટીના પણ પુર્વ પ્રમુખ સ્વ. પ્રતાપભાઈ શાહની ત્રીજી પુણ્યતીથી નિમીત્તે પ્રતાપભાઈ તારાચંદ શાહ ચેરીટેબલ ટ્રસ્ટના સહકારથી રેડક્રોસ સાર્વજનીક દવાખાનું કાળીયાબીડમાં પુષ્પાંજલી અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે જનરલ હેલ્થ ચેકઅપ, વિનામૂલ્યે ડાયાબીટીસ અને હીમોગ્લોબીન તપાસનો કેમ્પ યોજાયો હતો. જરૂરી દવા પણ વિના મૂલ્યે આપવામાં આવી હતી. ખાસ હીટવેવનો સમયય હોયય સવારે અને સાંજે ઓઆરએસના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત પત્રીકા વિતરણ કરી લોકોને ગરમી અને લુથી કઈ રીતે રક્ષણ મેળવવું તેની માહિતી અપાઈ હતી. પછાત વિસ્તાર લેપ્રેસી કોલોની અને નવાબંદર ખાતે છાશ અને ઓઆરએસ પેકેટનું વિતરણ કરાયું.

## દ્વારકા જિલ્લામાં શાંતિપૂર્ણ મતદાન સંપન્ન, વહીવટી અને પોલીસ તંત્રની મહેનત ફળી

**જામખંભાળીયા,**
દ્વારકા જીલ્લામાં જીલ્લા વહીવટી તંત્ર તથા પોલીસ તંત્ર દ્વારા ગઈકાલે લોકસભાની ચુંટણી અત્યંત શાંતિપૂર્ણ તથા તનાવભર્યા વાતાવરણ વચ્ચે કોઈ અનિચ્છનીયય બનાવ વગર દ્વારકાધીશના જાણે આશીર્વાદ હોય તેમ શાંતિપૂર્ણ રીતે પુર્ણ થઈ હતી.

દ્વારકા જીલ્લા કલેકટર જી.ટી.પંડયા ડી.ડી.ઓ એસ.ડી.ધાનાણી અધિક નિવાસી કલેકટર ભુપેશ જોટાણીયા પ્રાંત અધિકારી કે.કે.કરમટા એચ.બી.ભગોરા નાયબ જી.ચુંટણી અધિકારી પટેલ દ્વારા સુંદર વ્યવસ્થા સાથે ઈ.વી.એમ. ટ્રેનીગો પુરતો સ્ટાફ જરૂર પડયે મશીન બદલાવવા સ્ટાફની મદદની વ્યવસ્થા સફળ રહી હતી. મોડી રાત્રી સુધી ઈ.વી.એમ મશીનોનું બુથોમાંથી આગમન થયું હતું. તો વહેલી સવારે ઈ.વી.એમ. જામનગર મોકલવા વ્યવસ્થા થઈ હતી. જીલ્લા પોલીસ વડા નિતેશકુમાર પાંડેયની આગેવાનીમાં ડીવાયએસ.પી. હાર્દિક પ્રજાપતી સાગર રાઠોડ તથા તમામ પોલીસ મથકોમાં પી.આઈ. પી.એસ.આઈ. તથા પોલીસ એસ.આર.પી.સી.આર.પી.ના જવાનો દ્વારા પાંચ સ્તરે ચુસ્ત બંદોબસ્ત સફળ રહયો હતો. સંવેદનશીલ મથકો ક્ષત્રીયો પ્રભાવીત ગામોમાં સેન્ટ્રલ પોલીસ બંદોબસ્ત સાથે સ્થાનીક પી.એસ.આઈ. પી.આઈ. તથા ડી.વાય.એસ.પી. નું પેટ્રોલીગ બુથ પેટ્રોલીગ રૂટ પેટ્રોલીગ સફળ રહયું હતું. તથા કયાંય કોઈ અનિચ્છનીય બનાવ બન્યોન હતો. તથા કયાંય મગજમારી માથાકુટ થઈ ન હતી. તો કયાંય મશીનો ખોટકાવવાના પ્રશ્નો પણ મુશ્કેલીરૂપ નીવડયા ન હતા. તો સુખી મતદાન આદર્શન મતદાન દિવ્યાંગ સંચાલીત મતદાન વિ. મતદાનોમાં સુંદર કામગીરી થઈ હતી.

### પોલીસ અને હોમગાર્ડ જવાનોએ અશક્ત મતદારોને મત કુટીર સુધી પહોંચાડ્યા

પાલનપુર, બનાસકાંઠા જિલ્લામાં મંગળવારે લોકસભાની ચૂંટણીનું મતદાન થયું હતું. જેથી અશક્ત મતદારોને પોલીસ જવાનો તેમજ હોમગાર્ડ જવાનો દ્વારા વ્હીલચેરની મદદથી તેમજ પોતાના ટેકાની મદદ મત કુટિર સુધી પહોંચાડવામાં આવ્યા હતા.

## રાજકોટ તથા વેરાવળમાં મતદાનનો વીડીયો ઉતારનાર બે શખ્સની અટકાયત

**રાજકોટ,**
લોકસભા ચુંટણીના મતદાન વખતે કલેકટરના જાહેરનામાનો ભંગ કરીને વીડીયો ઉતારનારા શખ્સો સામે પોલીસ દ્વારા કાયદેસર કાર્યવાહી કરાઈ રહી છે. જે અંતર્ગત રાજકોટ તથા વેરાવળમાં આવું કૃત્ય કરનારા શખ્સોની અટકાયત કરી પગલાં લેવાયા છે.

રાજકોટમાં લોકસભાની ચુંટણીને અનુલક્ષીને પોલીસ સોશીયલ મીડીયા પર સતત વોચમાં હતી ત્યારે સાયબર ક્રાઈમ પીઆઈ જે.એમ. કૈલાની રાહબરીમાં કોન્સ્ટેબલ જયવીરસિંહ ઝાલાને એક વીડીયો જોવા મળ્યો હતો. જેમાં એક યુવાને ઈવીએમનું બટન દબાવતી વખતે તેનો વીડીયો પોતાના મોબાઈલ ફોનમાં ઉતારી લીધો હતો. એટલું જ નહી તે વીડીયોને પોતાના મીત્રોના ગૃપમાં શેર પણ કર્યો હતો.

સાયબર ક્રાઈમ પોલીસની ટીમે તપાસ કરતા જાણવા મળ્યું કે, આ વીડીયો મવડીને આંગણવાડીમાં આવેલા બુથ નં.૭૫ નો છે. જયારે વીડીયો બનાવનારનું નામ દિશાંત મહેશભાઈ પડારીયા ઉ.વ.૨૪ છે. જે મવડીની રાજદીપ સોસાયટી શેરી નં.૨માં રહે છે. જેથી તેના વિરૂધ્ધ કલેકટરના જાહેનામાના ભંગનો ગુનો રાજકોટ તાલુકા પોલીસમાં દાખલ કર્યો હતો. નિયમ મુજબ તેને નોટીસ આપી હતી. બીજી તરફ ગીર સોમનાથ જીલ્લાના વેરાવળમાં લોકસભા ચુંટણીના મતદાન વખતે એક નાગરીકે મતદાન મથક નં.૭૭માં મતદાન કરતી વખતે બેલેટ યુનીટ તથા વીવીપેટ યુનીટના મોબાઈલમાં વીડીયો બનાવ્યો હતો. એ પછી વીડીયો વાઈરલ કર્યો હતો. આ મામલે મતદાન મથક નં.૭૭ ના પ્રીસાઈડીગ ઓફીસર દ્વારા પોલીસ ઈન્સ્પેકટર વેરાવળ સીટીને પોલીસે ફરીયયાદ કરતાં પોલીસ ઈન્સ્પેકટર, વેરાવળ સીટી દ્વારા વીડીયો બનાવનાર ઈસમની તપાસ કરી વીડીયો બનાવનાર હાર્દિક ઝાલા નામના વીડીયો બનાવનાર શખ્સની અટકાયત કરી હતી.

### પૂર્વ મંત્રી બ્રિજેશ મેરજાને પંજાબમાં લોકસભાની ચુંટણીમાં જવાબદારી સોંપાઈ

**મોરબી,**
મોરબીના પુર્વ ધારાસભ્ય અને ગુજરાત સરકારના પૂર્વ મંત્રી બ્રિજેશ મેરજાને લોકસભાની ચાલી રહેલી ચુંટણી અન્વયે પંજાબમાં જવાબદારી સોપવામાં આવી છે. ઉલ્લેખનીય રહેશે કે, ગુજરાતની ભાવનગર લોકસભા બેઠકના પ્રભારી તરીકે તેમણે સફળતાપુર્વક જવાબદારી વહન કરેલી તે પુરી થતાં જ પંજાબ રાજયના "આનંદપુર સાહેબે" બેઠકની ચુંટણીની જવાબદારી સોપવામાં આવી છે. જયાં લોકસભાની ચુંટણીનાં અંતિમ તબકકામાં ૧લી જુને મતદાન થવાનું છે. પ્રશિક્ષણના પંજાબ રાજયના પ્રભારી અને પુર્વ મુખ્યમંત્રી વિજય રૂપાણી સાથે બ્રિજેશ મેરજા આ નવી જવાબદારી અંગ માર્ગદર્શન મેળવીને જવાબદારી વહન કરવા ટુંક સમયમાં પંજાબ પહોચી જશે.

### શ્રી પી.એમ.કોઠારી હાઇસ્કુલ, ટીંટોઈનું વાણિજ્ય, વિનયન અને વિજ્ઞાન પ્રવાહનું બોર્ડનું ૯૨.૮૬ ટકા પરિણામ

**(પ્રતિનિધિ) મોડાસા,**
શ્રી ટીંટોઈ એજ્યુકેશન સોસાયટી સંચાલિત શ્રી પી.એમ.કોઠારી હાઈસ્કુલ, ટીંટોઈનું ધોરણ-૧૨ વાણિજ્ય, વિનયન પ્રવાહનું પરિણામ ૯૨.૮૬ ટકા આવેલ છે. જેમાં પ્રથમ નંબરે કોટવાલ ભાવિક ૯૬.૬૯, બીજા નંબરે વોરા દિયા ૯૩.૮૮, ત્રીજા નંબરે પટેલ પ્રાચી ૯૩.૧૮ પર્સેન્ટાઈલ મેળવેલ છે. જ્યારે વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૮૮.૮૮ ટકા આવેલ છે. જેમાં પ્રથમ નંબરે વણકર જયશ્રી ૮૫.૭૭, બીજા નંબરે ડામોર મિસ્ટી ૮૫.૫૧, ત્રીજા નંબરે તરાલ ભૂમિ ૭૮.૪૨ પર્સેન્ટાઈલ લાવી શાળા, ગામ, પરિવારનું ગૌરવ વધારેલ છે. સંસ્થાના પ્રમુખશ્રી હરેશભાઈ વ્યાસ, ચેરમેનશ્રી પ્રહલાદસિંહજી ચંપાવત (ટોમબાપુ), ઈ.આચાર્યશ્રી વિજયકુમાર ભટ્ટ, સમગ્ર કારોબારીગણ ઉચ્ચ ટકાવારી લાવી સુંદર પરિણામ લાવવા બદલ તમામ બાળકોને અભિનંદન પાઠવ્યા હતા. ઉચ્ચ અભ્યાસ થકી ભાવિ બેસ્ટ પરિણામ લાવી ઉચ્ચ કારકિર્દી હાંસલ કરે તેવી શુભેચ્છા પાઠવી હતી. બાળકોને શિક્ષણ આપનાર સર્વે સ્ટાફને અભિનંદન બિરદાવ્યા હતા.

## કાલોલ તાલુકાની પીડિત મહિલાને તેઓનું ત્રણ વર્ષનું બાળક ૧૮૧ ની ટીમે પાછું અપાવ્યું

**(પ્રતિનિધિ) ગોધરા.**
પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકામાં એક પીડિત મહિલના ત્રણ વર્ષના બાળકને તેમના પતિ અને સાસુ સસરાએ છીનવી લીધું હતું, જેથી તેઓએ ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન પાસે મદદની માંગણી કરી. ૧૮૧ ની ટીમ જ્યારે ઘટના સ્થળે પહોંચી ત્યારે પીડિત મહિલા જણાવે છે કે, ×મારા ત્રણ વર્ષના બાળકને મારા પતિ અને સાસુ સસરાએ લઈ લીધું છે. હું હાલોલ જી.આઈ.ડી.સી. મકાનમાં રહું છું અને અમારા હજુ લગ્ન નથી થયા. હું કંપનીમાં જોબ કરતી હતી ત્યાં મારો પતિ પણ જોબ કરતો હતો. ત્યારે મારા પતિએ મને જણાવ્યું હતું કે તેઓના લગ્ન થઈ ગયા છે અને પહેલી પત્ની દ્વારા તેઓના બે બાળકો પણ છે, પરંતુ તેઓ તેમની જોડે રહેવા નથી માંગતા. પહેલી પત્નીને છૂટું આપી તેઓ મારી જોડે રહેવા માંગે છે એવું તેમણે મને જણાવ્યું, આવી રીતે વિશ્વાસમાં લઈ તેઓએ મારી જોડે જી.આઈ.ડી.સી.માં રહેવાનું શરૂ કર્યું અને તેઓ દ્વારા મને ત્રણ વર્ષનું બાળક પણ છે. પરંતુ હવે તેઓ મારી જોડે રહેવા નથી માગતા. જ્યારે હું કંપનીમાં જોબ કરતી હતી ત્યારે મારી ઉંમર ૧૭ વર્ષની હતી. તે સમયે મારા પતિએ મારી જોડે રહેવા માટે મને કહ્યું હતું. તેઓના વિશ્વાસથી હું તેમની જોડે રહેતી હતી. તેમણે કહ્યું હતું કે મારી પહેલી પત્નીને હું છૂટું આપી દઈશ. ત્યારબાદ તેઓએ પંચ બોલાવી પહેલી પત્નીને છૂટું આપી દીધુ હતું. ત્યારબાદ તેઓ મારી જોડે રહેવા લાગ્યા. પરંતુ તેઓ મારી જોડે મારપીટ કરી મને અપશબ્દ બોલતા હતા. તેથી મને એ પસંદ ન આવતા મેં પણ એને છૂટું આપી દીધું. ત્યારબાદ મેં બીજા લગ્ન કરી લીધા. પરંતુ તેઓનું આયુષ્ય બહુ લાંબુ નહીં હતું તેથી તેઓ મૃત્યુ પામ્યા.

ત્યારબાદ કંપનીમાં અમે ફરીથી મળ્યા અને એકબીજા જોડે રહેવાનું નક્કી કર્યું. ત્યારબાદ મને તેઓ દ્વારા એક બાળકનો જન્મ થયો. પરંતુ બાળકના જન્મ બાદ તેઓ મારી જોડે સારું વર્તન કરતા ન હતા. તેઓ જ્યારે કંપનીમાં જતા ત્યારે મને રૂમમાં પૂરીને જતા હતા. મને કોઈ પણ જગ્યાએ ફરવા માટે પણ જવા દેતા નહીં હતા. આવી પરિસ્થિતિ માટે આપણે જે પત્નીને છૂટું આપ્યું હતું તેમની જોડે પણ રહેવાનું ચાલુ કર્યું. અને મારી જોડે રહેતા ત્યારે મને અપશબ્દ બોલી મારપીટ કરતા હતા. જ્યારે પણ તેઓ કોઈ જગ્યાએ જવાના હોય ત્યારે મને રૂમમાં પૂરીને જતા હતા. આવી પરિસ્થિતિમાં હું તેમના જોડે કેવી રીતે રહું. મને મારા બાળક જોડે પણ રહેવા દેતા ન હતા. આવી રીતે વારંવાર તકલીફો સહન કરી હું તેઓની જોડે રહેતી હતી.પરંતુ હવે હું સહન કરી શકું એમ નથી. તેથી મેં ૧૮૧ અભયમ ટીમની મદદ માટે ફોન કર્યો હતો.× ત્યારબાદ ૧૮૧ અભયમ ટીમ ઘટના સ્થળે પહોંચી બંને પક્ષોનું કાઉન્સિલિંગ કર્યું. પતિ દ્વારા છીનવી લેવાયેલ પીડિત મહિલાનું બાળક તેઓને પાછું અપાવ્યું. ત્યારે પીડિત મહિલાએ ૧૮૧ ટીમના આભાર માન્યો. ત્યારબાદ આ કેસની વધુ તપાસ માટે તેઓને પોલીસ સ્ટેશન લઈ જઈ તપાસ કરવાની માંગણી કરી.

